MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૦૭-૦૬-૨૦૨૦ । વર્ષ : ૧૬ । અંક : ૩૬ । પાના : ૧૨ । છૂટક નકલ : 3 રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Image Printers, 20-21, Bhid Bhanjan Soc., Bamroli Road, Nr. Piyush Point, Surat (Gujarat) ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636
Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-156/2019-2021, Valid up to 31-12-2021, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

કોરોના કેસો પીક પર કે ખતરનાક ત્રીજો તબક્કો શરૂ થયો...?

'કોરોના અનલોક': કેસો મામલે ભારત ઈટાલીથી આગળ

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯૮૮૭ નવા પોઝિટિવ કેસ અને અત્યાર સુધીના સૌથી વધુ રેકોર્ડબ્રેક ૨૯૪ લોકોના મોતઃ કુલ સંક્રમિતોનો આંકડો ૨,૩૬,૬૫૭ જ્યારે કુલ મૃત્યુઆંક ૬૬૪૨ને પાર, રિકવરી રેટ ૪૮.૨૦ ટકા સુધી પહોંચ્યોઃ એક અઠવાડિયામાં અધધધ....૬૧ હજાર કેસોનો ઉમેરો, સતત પાંચમા દિવસે પણ કેસો ૯ હજારથી વધુ,એક્સપર્ટે ફરી લોકડાઉન લગાવવાની આશંકા વ્યક્ત કરી

તો શુ ફરી લોકડાઉનની સંભાવના....?

તો બીજી બાજુ AIIMSના એક સિનિયર ડોક્ટરે સરકાર પર નારાજગી વ્યક્ત કરી કે મહામારી સામે લડવા માટેની રણનીતિ વિશેષજ્ઞોની જગ્યાએ અધિકારીઓ બનાવી રહ્યાં છે. દિલ્હીમાં આવેલી ફોર્ટિસ હોસ્પિટલના નિર્દેશક ડો. વિકાસ મોર્યએ કહ્યું કે લોકોને ખબર હતી કે લૉકડાઉન ખોલવામાં આવશે તો કેસ વધશે. પરંતુ એ વાત પર પણ ધ્યાન આપવાનું છે કે સ્થિતિ બેકાબૂ ન થાય કારણ કે જો એવું થયું તો ફરી લૉકડાઉન લગાવી શકાય છે. ડોક્ટર વિવેકે કહ્યું કે કેસ સતત વધી રહ્યાં છે ત્યારે આ સમયે મોલ અને ધાર્મિકસ્થળ ખોલવા વધારે ઉતાવળભર્યું પગલું હશે.

ન્યુ દિલ્હી

ભારતમાં વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના કેસો તેની શિખરે(પીક) પહોંચી રહ્યાં હોય અથવા તો સંક્રમણનો ખતરનાક સંભવિત ત્રીજો તબક્કો ચાલી રહ્યો હોય તેમ આજે શનિવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાકના સમયગાળામાં દેશમાં સતત ૪થા દિવસે ૯ હજાર કરતાં વધારે કેસો બહાર આવ્યાં છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૯,૮૮૭ કેસો બહાર આવ્યાં અને આ જ સમયગાળામાં વધુ ૨૯૪ દર્દીઓના મોત થયા છે. નિષ્ણાતો એવો ભય વ્યક્ત કરે છે કે જો આ જ પ્રમાણે કેસો વધ્યા કરશે તો સંક્રમણને રોકવા કદાજ ફરીથી લોકડાઉન અંગે સરકાર વિચારે તો નવાઈ નહીં. અલબત્ત ૪-૪ લોકડાઉન બાદ હાલમાં અનલોક-૧ ચાલી રહ્યો છે તેથી ફરીથી લોકડાઉનની કોઈ શક્યતા જણાતી નથી. તેમ છતાં જનહિતમાં સરકાર કોઈપણ નિર્ણય લઈ શકે છે. આંકડાઓ પર નજર નાખીએ તો ભારતમાં એક જ અઠવાડિયામાં કોરોનાના ૬૧ હજાર કેસ વધ્યા છે. કેસોની સંખ્યામાં ભારત હવે ઈટાલી કરતાં પણ આગળ નિકળી ગયું છે. જો કે મૃત્યુઆંકમાં ભારત ઈટાલીથી ખૂબ જ પાછળ છે. જોકે, ઈટાલીમાં ૩૩,૭૭૪ દર્દીઓનાં મોત થઈ ચૂક્યા છે જ્યારે ભારતમાં આ આંકડો ૬૬૪૯ છે.

કોરોનાને હરાવવા બે મહિનાના કડક લોકડાઉન બાદ તેમાં આપવામાં આવેલી છૂટછાટના પગલે કોરોનાનો કેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. અને હજુ તો ૮ જૂનથી મોલ-ધાર્મિક સ્થાનો વગેરે. ખુલી રહ્યાં છે. ત્યારે તે વખતે કેસો વધવાની શક્યતા નકારી શકાય તેમ નથી. આરોગ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે, શનિવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૨,૩૬,૬૫૭ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૯૮૮૭ નવા કેસ સાથે કોરોનાનો વિસ્ફોટ થયો હોય તેમ અત્યાર સુધીનો સૌથી મોટો વધારો

અનુસંધાન પાના નં. ૬

તો બ્રિટન અને સ્પેન કરતાં પણ ભારત આગળ નિકળી જશે

ભારતની વાત કરીએ તો અહીં કોરોનાથી દર ૧૦ લાખની વસતીમાં ફક્ત ૫ લોકોના મોત થયા છે. આ આંકડો ઓછો હોવાનું કારણ વિશાળ જનસંખ્યા છે. ઈટાલીમાં દર ૧૦ લાખ લોકોએ ૫૫૯ લોકોના મોત થયા છે. દેશમાં જે ગતિથી કોરોના સંક્રમણ વધી રહ્યું છે અને નવા કેસના રેકોર્ડ જે ઝડપથી વધી રહ્યા છે તેને જોતા આવતા સપ્તાહે કે ૧૦ દિવસમાં જ ભારત બ્રિટન અને સ્પેનને પાછળ છોડીને ચોથો સૌથી વધુ કોરોનાગ્રસ્ત દેશ બની શકે છે.

દેશની વસતી જોતા વાયરસનું સંક્રમણ અન્ય દેશોની સરખામણી વધુ નથી

લોકડાઉન હળવું કરાતા ભારતમાં કોરોના બોમ્બ ફૂટશે : WHO

લોકડાઉનમાં અપાતી છૂટછાટોને લીધે સ્થિતિ વણસી શકે છે, કોવિડ -૧૯ રોગચાળાના કિસ્સામાં ભારત વિશ્વનો છઠ્ઠો સૌથી વધુ અસરગ્રસ્ત દેશ બન્યો

જિનીવા

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના એક અગ્રણી નિષ્ણાતે ભારતને ચેતવણી આપી છે કે લોકડાઉનને દૂર કરવાથી ભારતમાં કોરોના વાયરસના કેસમાં વધારો જોવા મળી શકે છે. તેમણે કહ્યું હતું કે, જોકે ભારતમાં કોરોના વાયરસ રોગચાળા અંગેની પરિસ્થિતિ હજી વિસ્ફોટક નથી, પરંતુ દેશને આવા જોખમનો સામનો કરવો પડી શકે છે કારણ કે તે માર્ચમાં લાગુ કરાયેલા લોકડાઉનને દૂર કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે. ડબ્લ્યુએચઓના આરોગ્ય ઇમરજન્સી સિચ્યુએશન પ્રોગ્રામના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મિશેલ રિયાને શુક્રવારે કહ્યું હતું કે ભારતમાં કોરોના વાયરસના કેસોની સંખ્યા બમણા કરવાનો સમય આ સ્તરે લગભગ ત્રણ અઠવાડિયાનો છે.

રોગચાળાનું સ્વરૂપ વિસ્ફોટક નથી : રાયને જીનીવામાં કહ્યું હતું કે, રોગચાળાની અસર ભારતના જુદા જુદા ભાગોમાં જુદી જુદી છે અને શહેરી અને ગ્રામીણ વિસ્તારો વચ્ચે અંતર છે. આ રોગચાળો દક્ષિણ એશિયામાં માત્ર ભારતમાં જ નહીં પરંતુ બાંગ્લાદેશ અને પાકિસ્તાન જેવા ગીચ વસ્તીવાળા દેશોમાં પણ વિસ્ફોટક બન્યો નથી. પરંતુ હંમેશાં આવું થવાનો ભય રહે છે.

લોકડાઉનથી ભારતમાં

અનુસંધાન પાના નં. ૬

સુરક્ષાને ધ્યાનમાં રાખીને મંદિર ટ્રસ્ટોની સહમતી

દેશના કેટલાક ધાર્મિક સ્થળો આઠ જૂનથી નહીં ખુલી શકે

ભીડને નિયંત્રણ કરવી મુશ્કેલ હોઈ મથુરા અને દિલ્હીના મંદિરોના વહિટકારોએ વ્યવસ્થાની અસમર્થતા દર્શાવી

નવી દિલ્હી

કોરોના સંકટની મહામારી વચ્ચે તમામ દેશના તમામ ધાર્મિક સ્થળો ખોલવાની મંજુરી અપાશે નહી. મથુરાના કેટલાક મોટા મંદિરો અને દિલ્હીના ધાર્મિક મંદિરો ૮ જૂનથી ખોલાશે નહીં. જ્યાં સુધી શ્રદ્ધાળુઓની સુરક્ષાની પુરતી વ્યવસ્થા કરવામાં આવશે નહીં ત્યાં સુધી મંદિરો લોકો માટે ખોલી શકાશે નહી.

દિલ્હીના પ્રાચીન મંદિરો પૈકી એક યમુના બજાર સ્થિત મરઘટવાળા હનુમાનજીના રુપમાં પ્રસિદ્ધ મદિંરના ટ્રસ્ટે હજુ સંયમ અને સાવધાની રાખતા સુરક્ષા અને બચાવના તમામ ઉપયોગ હોવા છતાં મંદિરના દ્વાર ન ખોલવા પર સહમતિ વ્યક્ત કરી છે. મરઘટ વાળા શ્રી હનુમાન મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ મહંત વરુણ શર્માએ જણાવ્યું કે, મંદિરમાં આવતા દર્શનાર્થીઓ અને શ્રદ્ધાળુ ભક્તોની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉપાય કરવામાં આવી રહ્યા છે.

મંદિર વહીવટી તંત્રનું કહેવું છે કે કોરોના પ્રોટોકોલનુ પાલન કરવા પર જ મંદિરો ખોલવાની મંજૂરી આપવી જોઈએ, અન્યથા

અનુસંધાન પાના નં. ૬

મહારાષ્ટ્રના અહમનગરવાસીઓએ પ્રસ્તાવ પાસ કર્યો

દર વર્ષે મે મહિનામાં આઠ દિવસ ગામડાઓમાં લોકડાઉન રહેશેઃ ૧૦૫ ગામોનો નિર્ણય

મુંબઈ

જ્યાં લોકો એકબાજુ લોકડાઉનથી પરેશાન છે, ત્યારે બીજી તરફ મહારાષ્ટ્રના અહમદનગરના ગામ વાસીઓએ નક્કી કર્યું છે કે તેઓ હવે દરવર્ષે લોકડાઉન લાગુ કરશે. આ ખબર સાંભળવામાં થોડી અટપટી લાગી શકે છે, પરંતુ આ સાચું છે.

કોરોના વાયરસથી બચવા માટે દેશભરમાં લોકડાઉન કરાયું હતું અને હવે ધીમે-ધીમે ચરણબદ્ધ રીતે તેને હટાવાઈ રહ્યું છે, પરંતુ લોકડાઉને મહારાષ્ટ્રના અહમદ નગરવાસીઓને ઘણા પ્રભાવિત કર્યા છે અને તેની એવી અસર થઈ છે કે નગર પંચાયત સમિતિએ દરવર્ષે આઠ દિવસનું લોકડાઉન રાખવાનો પ્રસ્તાવ પાસ કર્યો છે. અમહદનગર પંચાયત સમિતિના રામદાસ ભોરે જણાવ્યું કે, આ લોકડાઉને અમને પરેશાની જ નથી આપી પરંતુ ઘણુ બધુ શીખવ્યું છે.

કોરોના વાયરસે સમગ્ર દુનિયામાં આતંક મચાવીને લોકોને ઘરમાં બેસવા મજબૂર કરી દીધા છે. પરંતુ ખેડૂતો આ મુશ્કેલ સ્થિતિમાં પણ પોતાનું કામ કરી રહ્યા હતા. કોરોના સંકટે શહેર અને ગામના લોકોને ઘણું બધું શીખવી દીધું છે. આ કારણે જ અહમદનગર પંચાયત સમિતિએ આ નિર્ણય લીધો છે કે હવે ધરતીને પણ થોડો આરામ આપવો જરૂરી છે. આથી ૧૦૫ ગામના લોકોએ એક મતથી આ પ્રસ્તાવ પસાર કર્યો છે કે દરવર્ષે મે મહિનામાં ૮ દિવસ ગામડાઓમાં સંપૂર્ણ રીતે લોકડાઉનનું પાલન કરવામાં આવશે. જેમાં ગામની બધી દુકાનો બંધ રહેશે, સાથે જ ખેડૂતો ખેતીના તમામ કામ બંધ રાખીને લોકડાઉનનું પાલન કરશે.

મહાત્મા ગાંધી પોતાના જીવનકાળમાં ગામડાઓ પર ખાસ ધ્યાન રાખવા અને

અનુસંધાન પાના નં. ૬

ભગવાન આપે છે ત્યારે છપ્પર ફાડીને આપે છે

તેલંગણામાં ખેડૂતને જમીન ખેડતી વખતે ખજાનો મળ્યો

જમીનમાંથી નિકળેલા કળશમાંથી સોના-ચાંદીના સિક્કા, આભૂષણો અને અન્ય કિંમતી વસ્તુઓ મળી આવી હતી

હૈદરાબાદ

તેલંગાણાના વિકરાબાદ જિલ્લાના સુલતાનપુરમાં, એક ખેડૂત જ્યારે ખેતર ખેડી રહ્યા હતા ત્યારે જમીનની અંદર સોના-ચાંદીના આભૂષણોથી ભરેલા પોટ્સ જોતાં તે સ્તબ્ધ થઈ ગયા. અહેવાલો અનુસાર ખેડૂતના ખેતરમાંથી આશરે ૨૫ જેટલા વિવિધ પ્રકારના સોના-ચાંદીના ઝવેરાત અને અન્ય ઘણા કિંમતી વાસણો મળી આવ્યા છે, જેનું વજન ૧ કિલો છે. સુલ્તાનપુરમાં ખેતરમાં મળેલા ખજાનોના સમાચાર આગની જેમ ફેલાઈ ગયા છે અને લોકો આ ખજાનો જોવા માટે દૂર-દૂરથી આવી રહ્યા છે. ટ્રેઝર હન્ટર ખેડૂતની ઓળખ મોહમ્મદ સિદ્દીકી તરીકે થઈ છે. તેલંગાણામાં ખેડૂત પાસે ખેતરમાં ખેડતા ખેડતા સોના ચાંદીથી ભરેલા ઘણા વાસણો હતા. મોહમ્મદ સિદ્દીકીએ જણાવ્યું કે તેણે લગભગ બે વર્ષ પહેલાં ગામમાં જમીનનો ટુકડો ખરીદ્યો હતો. તેમણે કહ્યું કે ચોમાસું આવવાનું છે એમ વિચારીને મેં મારા ઘરની સામે જમીનને લેવલ કરવાનું વિચાર્યું જેથી વરસાદનું પાણી ત્યાં જમા ન થાય. આ પછી, સિદ્દીકીએ ખેતરને

અનુસંધાન પાના નં. ૬

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું વધુ એક વિવાદી નિવેદન

ભારતમાં ટેસ્ટિંગ વધુ થાય તો અમેરિકા કરતાં વધારે કેસ બહાર આવશે : ટ્રમ્પ

અમેરિકામાં અત્યાર સુધીમાં ૧૯ લાખથી વધુ કોરોનાના કેસ સામે આવ્યા છે, અમેરિકાએ બે કરોડ ટેસ્ટ કર્યા છે, વિશ્વમાં યુએસ સૌથી વધુ કોરોનાગ્રસ્ત

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં જે કોરોના ટેસ્ટીગ થઈ રહ્યા છે તેની ભારત, ચીન સહિત વિશ્વના અન્ય દેશો સાથે તુલના કરી છે. ટ્રમ્પે કહ્યું છે કે ભારત અને ચીન જેવા દેશ જો વધારે સંખ્યામાં ટેસ્ટીગ કરે તો તેમને ત્યાં કોરોના વાઈરસના કેસ અમેરિકા કરતા વધારે હશે. અમેરિકાએ બે કરોડ ટેસ્ટિંગ કર્યા છે. અમેરિકાની તુલનામાં જર્મનીએ ૪૦ લાખ અને દક્ષિણ કોરિયાએ પોતાને ત્યાં આશરે ૩૦ લાખ ટેસ્ટ કર્યા છે.

અમેરિકામાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસના ૧૯ લાખથી વધારે કેસ સામે આવી ચુક્યા છે અને ૧ લાખ ૧૧ હજાર લોકોના મોત થયા છે. જ્યારે ભારતમાં આ જીવલેણ સંક્રમણના ૨ લાખ ૩૬ હજારથી વધારે તેમ જ ચીનમાં ૮૪,૧૭૭ કેસ સામે આવ્યા છે. અમેરિકા વિશ્વભરમાં કોરોના વાઈરસથી સૌથી વધારે અસરગ્રસ્ત દેશ છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં અત્યાર સુધીમાં ૪૦ લાખ ટેસ્ટ થયા છે. અમેરિકામાં કોરોના ટેસ્ટ અંગે ટિપ્પણી કરતા ટ્રમ્પે કહ્યું કે તે યાદ રાખો. જ્યારે તમે વધારે ટેસ્ટિંગ કરશો ત્યારે તમારે ત્યાં વધારે કેસ હશે.તેમણે કહ્યું હું મારા લોકોને કહેવા માંગુ છું કે અહીં વધારે કેસ એટલા માટે છે કારણ કે વધારે લોકોની તપાસ કરવામાં આવી રહી છે. અમે ચીન કે ભારત અથવા અન્ય દેશો તપાસ કરે તો હું તમને વિશ્વાસ અપાવું છું કે ત્યાં વધારે કેસ હશે. તમારી તપાસ કરવાની ક્ષમતા વધવાને લીધે આપણા દેશમાં વધારે કેસ છે. હવે બધુ ફરી વખત ખુલી રહ્યું છે અને આપણું અર્થતંત્ર બહાર આવી રહ્યું છે, આ અંગે કોઈ વિચારી પણ શકે તેમ નથી.

રોજગારીના માસિક આંકડાને ટાંકી ટ્રમ્પે કહ્યું કે અર્થતંત્ર હવે પૂર્વવત બની રહ્યું છે. તેમણે કહ્યું કે અમે દહેશતને વાસ્તવિકતા બનવા દીધી નથી

અનુસંધાન પાના નં. ૬

પાકિસ્તાનની કોર્ટે વડાપ્રધાન ઈમરાન ખાનને બદનક્ષીના કેસમાં નોટિસ પાઠવી

પનામા પેપર્સમાંથી નવાઝ શરીફનું નામ હટાવવા શાહબાઝે લાંચ ઓફર કરી હોવાનો ઈમરાન ખાને આક્ષેપ કર્યો હતો

ઈસ્લામાબાદ

પાકિસ્તાનની કોર્ટે દેશના વડાપ્રધાન ઈમરાન ખાનને બદનક્ષીના એક કેસમાં નોટિસ ફટકારી ઠે. પાકિસ્તાનની કોર્ટમાં તહરીકે-એ-ઈન્સાફના અધ્યક્ષ શાહબાઝ શરીફે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન વિરુદ્ધ બદનક્ષીનો કેસ દાખલ કર્યો છે. વડાપ્રધાને એપ્રિલ ૨૦૧૭માં શાહબાઝ પર એક મિત્ર મારફતે લાંચ આપવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે શાહબાઝે તેમને ૬૧ મિલિયન ડોલરની લાંચ આપવાની ઓફર કરી હતી અને કહ્યું હતું કે તેમના ૭૦ વર્ષના મોટાભાઈ અને પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફનું નામ સુપ્રીમ કોર્ટમાં પનામા પેપર્સ કેસમાંથી હટાવી લેવામાં આવે.

પાકિસ્તાન મુસ્લિમ લીગ નવાઝના અધ્યક્ષ તેમજ પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ હાલ લંડનમાં સારવાર લઈ રહ્યા છે. ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટમાં તેમનું નામ પનામા પેપર્સ કેસમાં આવતા તેમને વડાપ્રધાન પદેથી ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૨૦૧૭માં શરીફ પરિવાર

અનુસંધાન પાના નં. ૬

પેટાચૂંટણી પહેલાં મ.પ્રદેશમાં રાજકારણ ગરમાયું

સિંધિયાએ ટ્વિટર પ્રોફાઇલમાં ભાજપનું નામ ન જોડતાં અનેક અટકળો શરૂ

ભોપાલ

ભાજપ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ પોતાનાં ટ્વિટર એકાઉન્ટમાંથી કથિત રીતે 'ભાજપ' શબ્દ હટાવી દીધો છે. જેની જગ્યાએ જનતાનો સેવક અને ક્રિકેટ પ્રેમી લખી કાઢ્યું છે. ત્યાર બાદથી રાજકીય અટકળો તેજ થઈ ગઈ છે. કેટલાંક લોકોનું કહેવું છે કે જ્યોતિરાદિત્ય સિંધિયાએ તેનાં પ્રોફાઈલમાં ક્યારેય પણ 'ભાજપ' જોડ્યું ન હોતું. જો કે હજુ આ મામલે ભાજપ કે જ્યોતિરાદિત્ય સિંધિયા તરફથી કોઈ જ પ્રતિક્રિયા સામે આવી નથી.

૧૮ વર્ષ સુધી કોંગ્રેસ સાથે રહ્યાં બાદ જ્યોતિરાદિત્ય સિંધિયાએ હોળીનાં દિવસે ભાજપનો કેસરિયો ધારણ કર્યો હતો. ભાજપમાં જોડાયાં બાદ તેમનાં સમર્થકોને શિવરાજસિંહનાં મંત્રીમંડળમાં શામેલ કરવા અને તેઓને કેન્દ્રમાં કેબિનેટ મંત્રી બનાવવાની ચર્ચા હતી. પરંતુ હવે ખબર સામે આવી રહી છે કે તેમનાં સમર્થક પૂર્વ ધારાસભ્યોને પેટાચૂંટણીમાં ટિકિટ મળવામાં પણ મુશ્કેલી થઈ રહી છે.

શિવરાજસિંહ ચૌહાણની કેબિનેટને લઈને ઘણી વાર સંભવિત તારીખની અનૌપચારિક જાહેરાત કરવામાં આવી છે. પ્રદેશ સંગઠનની સાથે મુખ્યમંત્રીએ સંભવિત મંત્રીઓની યાદી પણ તૈયાર કરી, જે મીડિયામાં લીક થઈ ગઈ પરંતું કેબિનેટ વિસ્તાર ના થઈ શક્યો. બીજી તરફ કેન્દ્રીય કેબિનેટમાં સિંધિયાને શામેલ કરવાની ચર્ચા પણ ખૂબ ઓછી સંભળાય છે. જો કે પાર્ટીમાં તેમની એન્ટ્રીને ગ્વાલિયર-ચંબલ સંભાગમાં તેમનાં સમર્થકોએ ખૂબ જોર-શોરથી પ્રચારિત કર્યા હતાં.

એલઆઈસીએ મેચ્યોરિટી ક્લેમના નિયમોને વધુ સરળ બનાવ્યા

ન્યુ દિલ્હી

હાલ દેશ 'અનલોક ૧'ના તબક્કામાં છે. આ હેઠળ સરકાર દ્વારા છૂટછાટમાં વધારો કરવામાં આવ્યો છે. જેથી ઠપ્પ થયેલ જનજીવનને વેગ મળી શકે. ત્યારે હવે દેશની સૌથી મોટી સરકારી ઈન્શ્યોરન્સ કંપની એલઆઈસીએ કોરનાના સંકટમાં ગ્રાહકોને મોટી રાહત આપી છે.

મીડિયા રિપોર્ટ મુજબ એલઆઈસીએ મેચ્યોરિટી ક્લેમના નિયમોને વધુ સરળ બનાવ્યા છે. મેચ્યોરિટી ક્લેમ મેળવવા માટે હવે ગ્રાહકોએ એલઆઈસીની બ્રાંચે જવાની જરૂર નથી. ગ્રાહક પોતાની પોલિસી, કેવાઈસી દસ્તાવેજ, ડિસ્ચાર્જ ફોર્મ અને અન્ય દસ્તાવેજોને સ્કેન કરી ઈમેલના માધ્યમથી સંબંધિત બ્રાન્ચમાં મોકલીને ક્લેમ મેળવી શકે છે. આ અંગે એલઆઈસીએ તેની આધિકારિક વેબસાઈટ પર એક સર્કુલર જાહેર કર્યું છે. જેમાં જણાવ્યું છે કે ગ્રાહકોને ૩૦ જૂન સુધી આ સુવિધા મળશે. એલઆઈસી મુજબ ક્લેમ કરવા માટે પોલિસી એક્ટિવ હોવી જરૂરી છે. સાથે પોલિસી જે બ્રાન્ચ ઓફિસથી ઈશ્યૂ થઈ છે. એ જ બ્રાન્ચે જવું જોઈએ. પોલિસી સંબંધીત ચુકવણી બાકી ન હોવી જોઈએ. આ સાથે એલઆઈસી દ્વારા આધિકારિક વેબસાઈટ પર વિગતવાર માહિતી આપવામાં આવી છે કે ગ્રાહક કેવી રીતે ક્લેમ મેળવી શકશે.



દુનિયાભરમાં પર્યાવરણની સાથે વન્યજીવોને બચાવવાની અપીલ કરવામાં આવે છે ત્યારે નવી મુંબઈ ખાતે એક તળાવમાં બગલાની સાથે ગલુડિયું જાણે મૈત્રીભાવનો પ્રસ્તાવ મુકતું હોય એવું તસવીરમાં જોવા મળ્યું હતું.

કોરોનાની આયુર્વેદિક દવાની ક્લિનિકલ ટ્રાયલ રાજસ્થાનમાં શરૂ

જયપુર

કોરોના સામે લડવા સમગ્ર દુનિયામાં રિસર્ચ ચાલી રહ્યા છે. કેટલાક દેશોની કંપનીઓ દવાની એકદમ નજીક પહોંચી જવાનો દાવો કરી રહી છે. આ સૌની વચ્ચે હવે ભારતમાં પણ આયુર્વેદની દવાઓનો કોરોના પોઝિટિવ દર્દીઓ પર ક્લિનિકલ ટ્રાયલ શરૂ થઈ ગઈ છે. રાજસ્થાનના જયપુરમાં કોરોનાના દર્દીઓ પર આયુર્વેદિક દવાઓનુ પરીક્ષણ કરવામાં આવી રહ્યુ છે.

જયપુરના રામગંજમાં ૧૨૦૦૦ લોકો પર આયુર્વેદની એક ઈમ્યુનિટીની દવાની ટેસ્ટિંગ પણ શરૂ કરવામાં આવી છે. કેન્દ્રીય આયુષ મંત્રાલય આ ટ્રાયલ ક્લિનિકલ રિસર્ચ ઑર્ગેનાઈઝેશન ટીમની સાથે મળીને કરી રહી છે. આયુષ મંત્રાલયના આધિન કામ કરનારા રાષ્ટ્રીય આયુર્વેદ સંસ્થાએ કોરોનાને લઈને ચાર દવાઓ બનાવી છે જેમાંથી એકનું નામ છે આયુષ ૬૪. જેને પગલે આયુષ મંત્રાલય ઉત્સાહિત છે.

રાષ્ટ્રીય આયુર્વેદ સંસ્થાન જયપુરે કોરોનાના દર્દીઓ પર આનો ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરી છે. આ ક્લિનિકલ ટ્રાયલ કોવિડ-૧૯ ના પ્રથમ સ્ટેજના દર્દીઓ પર જયપુરના એક ખાનગી હોસ્પિટલમાં કરવામાં આવી રહી છે. આયુર્વેદ સંસ્થાનના ડાયરેક્ટરનું કહેવુ છે કે આ દવા સામાન્ય રીતે પહેલા મલેરિયા માટે આપવામા આવતી હતી પરંતુ આમાં કેટલાક પરિવર્તન સાથે કોરોનાના દર્દીઓને આપવામાં આવી રહી છે.

આના અધ્યયન માટે ક્લિનિકલ રિસર્ચ ઑર્ગેનાઈઝેશનનો સહયોગ લેવામાં આવી રહ્યો છે. આયુર્વેદ સંસ્થાનના ડાયરેક્ટરે કહ્યુ કે ત્રણથી ચાર મહિનામાં આના રિઝલ્ટ સામે આવી જશે. શરૂઆતી પરિણામ સારા દેખાઈ રહ્યા છે. આ સિવાય ૧૨૦૦૦ લોકોને લઈને આયુર્વેદિક દવા સંશમની બુટીના ઈમ્યુનિટી બુસ્ટરનો ટ્રાયલ પણ શરૂ કરવામા આવ્યા છે. રામગંજ જેવા કંન્ટેન્ટમેન્ટ એરિયાના લોકોને આ દવાની બે-બે ગોળીઓ સવાર-સાંજ ખવડાવવામાં આવી રહી છે. ૪૫ દિવસ બાદ પરિણામનુ અધ્યયન કરવામાં આવશે.

પાકિસ્તાન જ છે આતંકવાદનું કેન્દ્રઃ યુએનના રિપોર્ટમાં ઈમરાન ખાનનો સ્વિકાર

ઈસ્લામાબાદ

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ તરફથી રજૂ કરવામાં આવેલા રિપોર્ટમાં પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાનમાં હજારો આતંકવાદી મોકલવાને લઈને ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર પાકિસ્તાના વડાપ્રધાનમંત્રી ઈમરાન ખાને સાર્વજનિક રૂપથી આ સ્વિકાર કર્યો છે.

સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અફઘાનિસ્તાનમાં સક્રિય વિદેશી આતંકવાદીઓ ૬,૫૦૦ પાકિસ્તાની નાગરિક છે. જૈશ-એ-મોહમંદ અને લશ્કર-એ-તૈયબા વિદેશી લડાકુને અફઘાનિસ્તાન લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા છે.

સૂત્રોએ કહ્યું કે દુનિયાભરના દેશ હવે એ જાણી ચૂક્યા છે કે પાકિસ્તાન જ આતંકવાદનું કેન્દ્ર છે. એક સૂત્રએ કહ્યું કે પાકિસ્તાનના વિદેશ મંત્રાલયને યાદ હશે કે તેમના વડાપ્રધાન ગત વર્ષે સ્વિકારે કર્યો હતો કે પાકિસ્તાન હજુપણ ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ આતંકવાદીઓની મેજબાની કરે છે. રિપોર્ટમાં સામે આવ્યા બાદ ભારતે કહ્યું કે લાંબા સમયથી ભારતનું પાકિસ્તાનના વિશે આ વલણ રહ્યું છે કે આ રિપોર્ટમાં નોંધવામાં આવેલા પુરાવાથી પ્રમાણિત થાય છે.

વિશ્વ અને ચીન સાથે મળીને કરીશું કામઃ ટ્રમ્પ નરમ પડ્યા

વોશિંગ્ટન

કોરોના મહામારી બાદ ચીન સતત અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિશાન પર રહ્યું છે. વિશ્વભરમાં વાયરસ ફેલાવવા માટે ચીનને જવાબદાર ગણાવી રહ્યા છે. પરંતુ અચાનક ટ્રમ્પના વલણમાં આવેલો ફેરફાર ચોંકાવનારો છે.

ટ્રમ્પનું ચીન પ્રત્યેનું વલણ નરમ પડ્યું હતું. અમેરિકન રાષ્ટ્રપતિએ કહ્યું, અમે દુનિયા સાથે કામ કરી રહ્યા છીએ અને ચીન સાથે પણ કરીશું. અમે બધા સાથે કામ કરીશું પરંતુ જે થયું તે ક્યારેય થવું જોઈતું નહોતું.

અમેરિકાએ તાજેતરમાં ચીનની વિમાન કંપનીઓ પર પૂરી રીતે પ્રતિબંધ લગાવવાની જાહેરાત કરી હતી. પરંતુ શુક્રવારે મર્યાદીત સંખ્યામાં ઉડાનને મંજૂરી આપવાનું કહ્યું હતું.

દિલ્લીમાં ઈડી કાર્યાલયમાં કોરોનાના ૫ પોઝિટીવ કેસઃ હેડક્વાર્ટર સીલ કરાયુ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસનું સંક્રમણ હવે ભારતમાં ઝડપથી ફેલાઈ રહ્યુ છે. સરકારી કાર્યાલયો પર પણ હવે તેની અસર જોવા મળી રહી છે. ઈડી અને આવકવેરા વિભાગમાં છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના નવા કેસ જોવા મળ્યા છે. આવકવેકા સેટલમેન્ટમાં ઘણા અધિકારીઓ કોરોનાથી સંક્રમિત થઈ ગયા છે. લોકનાયક ભવન કોરોનાથી સંક્રમિત થઈ ગયુ છે. આજ બિલ્ડિંગમાં ઈડી અને આવકવેરા વિભાગનુ કાર્યાલય છે. આ બંને વિભાગોના ઘણા અધિકારીઓ અને કર્મચારીઓમાં સંક્રમણની પુષ્ટિ થઈ છે.

ઈડી મુખ્યાલયના રિપોર્ટ મુજબ ૬ કાર્યરત અધિકારી સંક્રમિત થઈ ચૂક્યા છે. એક સ્પેશિયલ ડાયરેક્ટર પણ સંક્રમિત થવાની માહિતી મળી રહી છે. વળી, ઈડીના જૂનિયર અધિકારી સાથે લગભગ બે ડઝન અધિકારી સંપર્કમાં આવ્યા છે ત્યારબાદ તમામ અધિકારીઓની તપાસ કરાવવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. એક અધિકારીના પત્ની પણ સંક્રમિત થયા છે. ઈડી મુખ્યાલયને ઉપર સ્થિત આવકવેરાના કાર્યાલયમાં પણ ઘણા લોકો સંક્રમિત થયા છે.

ટાલિયા પુરુષોમાં કોરોના વાયરસનું જોખમ વધારેઃ બ્રાઉન યુનિ.ના સંશોધકનો દાવો

વોશિંગ્ટન

ટાલિયાપણું અને કોરોના દર્દી વચ્ચે કનેક્શન સમજવા માટે બે સ્ટડી કરવામાં આવી. બંને પરિણામ સરખા જ આવ્યા. આની પહેલાં આવેલા રિપોર્ટમાં જણાવ્યું હતું કે, મહિલાઓથી વધારે પુરુષોને કોરોના સંક્રમણનું અને મૃત્યુનું જોખમ વધારે છે. ત્યારે વધુ એક અભ્યાસ થયો છે. ટાલિયા પુરુષોમાં કોરોનાવાઈરસનું ગંભીર સંક્રમણનું જોખમ વધારે છે. આ દાવો અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટીના સંશોધકોએ કર્યો છે.

રિસર્ચર કાર્લોસ વેમ્બિયરનું કહેવું છે કે, ટાલિયાપણું થી સંક્રમણ વધારે ગંભીર થવાનું રિસ્ક ફેક્ટર છે. સંશોધકના દાવા પ્રમાણે, ૪૧ કોરોનાના દર્દીઓ પર કરેલા રિસર્ચમાં ૭૧ ટકા દર્દીઓ ટાલિયા હતા. આ શોધ સ્પેનની હોસ્પિટલમાં કરવામાં આવ્યું છે. તો બીજી બાજુ અમેરિકન એકેડમી ઓફ ડર્મેતોલોજીમાં પબ્લિશ થયેલા એક અભ્યાસ પ્રમાણે ૧૨૨ પરુષો પર થયેલા રિસર્ચમાં ૭૯ ટકા કોરોના દર્દી ટાલિયા હતા.

રિસર્ચરે કહ્યું કે, મેલ સેક્સ હોર્મોન એન્ડ્રોજન ટાલિયાપણું અને કોરોનાવાઈરસને સંક્રમણ કરવાની ક્ષમતાને વધારી દે છે. તેનો અર્થ એ થાય છે કે, આ હોર્મોન દવાની અસરને દબાવી દે છે અથવા તો ઓછી કરી દે છે. આ માટે કોરોના દર્દીઓનો સાજા થવાનો દર ધીમો થઈ જાય છે. તેમને રિકવર થવામાં સમય લાગે છે.

સંશોધક કાર્લોસે કહ્યું કે, એન્ડ્રોજન હોર્મોન કોરોનાની કોશિકાને ચેપી કરવાનો એક મહત્ત્વનો ગેટવે હોઈ શકે છે. બીજા શોધકર્તાએ કહ્યું કે, આ ટોપિક પર હજુ વધારે રિસર્ચ કરવાની જરૂર છે જેથી અન્ય માહિતી સામે આવે.

સુવિધાઓના અભાવને કારણે વિકલાંગ વિદ્યાર્થીઓને પરીક્ષા ન આપવાનો વિકલ્પ મળશે

ન્યુ દિલ્હી

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનએ ચિલ્ડ્રન વિથ સ્પેશિયલ નીડ્સની કેટેગરીમાં આવતા વિદ્યાર્થીઓને દસમા-બારમા ધોરણની બાકીની પરીક્ષાઓમાં ભાગ ન લેવાનો વિકલ્પ આપ્યો છે. આ વિદ્યાર્થીઓને પરીક્ષામાં લખવા માટે સહાયકની જરૂર હશે. આવી સ્થિતિમાં, સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું મુશ્કેલ બનશે. આને ધ્યાનમાં રાખીને સીબીએસઈએ કહ્યું કે આવા વિદ્યાર્થીઓનું પરિણામ વૈકલ્પિક મૂલ્યાંકન યોજનાના આધારે જાહેર કરવામાં આવશે. આ અંગે બોર્ડના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે, જો આવા વિદ્યાર્થીઓને લખવા માટે સહાયક ઉપલબ્ધ ન હોય અને તેઓ આવનારી પરીક્ષામાં હાજર થવા માગતા ન હોય તો તેઓ આ અંગે તેમની શાળાઓને જણાવી શકે છે. ત્યારબાદ વૈકલ્પિક મૂલ્યાંકન યોજના અનુસાર તેમના પરિણામનો નિર્ણય લેવામાં આવશે. તેમણે અન્ય માહિતી આપતાં એમ પણ જણાવ્યું કે, વધારાના સમય, રાઈટર અથવા રીડર, કમ્પ્યૂટર અથવા લેપટોપ (ઈન્ટરનેટ વગર) સાથે જ વિકલાંગ બાળકોને આ વર્ષે કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરવાની પણ મંજૂરી આપવામાં આવી છે. ચિલ્ડ્રન વિથ સ્પેશિયલ નીડ્સ કેટેગરી હેઠળ દૃષ્ટિહીન, મસ્કુલર, ડિસ્ટ્રોફી, લોકોમોટર ઈમ્પેર્ડ વગેરે સામેલ છે. આ વર્ષે એવા ઉમેદવારોની સંખ્યા દસમા ધોરણમાં ૬,૮૪૪ અને ૧૨મા ધોરણમાં ૩,૭૧૮ છે.

આપણે રાષ્ટ્રના એક જવાબદાર વ્યક્તિ ક્યારે બનીશું ?

આત્મમંથન કરવાના સ્થાને આપણી ભૂલો, આપણી નબળાઈ, આપણી કરતુતોથી થઈ રહેલા નુકશાન માટે આપણે બીજાના માથે દોષનો ટોપલો નાખવાનું ક્યારે બંધ કરીશું ?

આજે જે વિષયની વાત મુકવી છે તે થોડી કડવી છે પણ સાચી છે. આપણે સૌ અમેરિકામાં ગોરા પોલીસ કર્મી એ નિર્દયતાથી એક અસ્વેત વ્યક્તિના ગળા ઉપર ઘૂંટણ મૂકી મૃત્યુને ઘાટ ઉતાર્યો હતો. અશ્વેત વ્યક્તિ કણસતો રહ્યો, હું શ્વાસ નથી લઈ શકતો તેવી આજીજી કરતો રહ્યો.પણ નિર્દય પોલીસ ઉપર તેની કોઈ અસર થઈ ન હતી. આ દ્રશ્યને નજરે જોનાર લોકોએ પણ પોલીસને વિનંતીઓ કરી હતી. પણ બધું નાકામ..આખરે અશ્વેત વ્યક્તિએ દમ તોડી દીધો હતો. આખી ઘટના એક વ્યક્તિએ તેના મોબાઈલમાં શૂટ કરી હતી. જે સોશ્યલ મીડિયામાં વાયરલ થતા જ અમેરિકામાં અશ્વેત લોકોમાં વિરોધનો વંટોળ ફૂંકાયો હતો. ×હું શ્વાસ નથી લઈ શકતો× ના બેનર સાથે મૃતકને ન્યાય અપાવવા લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.....

હવે ખરી વાત આવે છે. અમેરિકામાં માત્ર અસ્વેત લોકો જ નહીં પરંતુ ન્યાય પ્રિય ગોરાઓ પણ અશ્વેત મૃતકને ન્યાય અપાવવા મેદાનમાં આવ્યા હતા. ખુદ એ પોલીસ કે જેના હાથે અશ્વેતનું મોત થયું હતું તેની પત્નીએ માનવતા દાખવી પોતાના નિર્દયી પતિને ડિવોર્સ આપી આંદોલનમાં જોડાઈ હતી. અરે વાત એટલે થી અટકતી નથી ખુદ પ્રેસિડેન્ટ ટ્રમ્પ ની દીકરીએ પણ આનદોલનને ટેકો આપ્યો. એક અખબારે આંદોલન કરનારાઓ વિરુદ્ધ આર્ટિકલ લખતા એજ અખબારના તમામ પત્રકાર સહિતના અમેરિકી પત્રકારોએ અખબાર સામે વિરોધનો સૂર ઉઠાવ્યો હતો....

અમેરિકામાં આ માહોલ હોવા છતાં ભારતના કેટલાક લઘુ બુદ્ધિ ધરાવતા લોકો આપણે ત્યાં સોશ્યલ મીડિયામાં કાગારવ મચાવે છે કે સમગ્ર ઘટનામાં મીડિયાએ ખોટા સમાચારો પ્રસારિત કરતા અમેરિકામાં અશાંતિ ઉભી થઈ છે. આપણા આ અંધો ને ખબર છે કે સમગ્ર ઘટનાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા અશ્વેત લોકોમાં વિરોધનો જુવાળ ઉભો થયો છે. અને ન્યાયપ્રિય ગોરાઓ પણ તેમાં જોડાયા છે. આમ છતાં અક્કલના ઓથમીરો મીડિયા પર માછલાં ધોવાનો પ્રયાસ કરે છે. અરે તમને તમારી જવાબદારીનું ભાન ન હોય તો ચાંચ બંધ રાખો ને ! અમેરિકાના પ્રમુખ પ્રત્યે ભક્તિ બતાવવી હોય તો બીજા ઘણા બધા રસ્તા છે. પણ અક્કલનું દેવાળું ફૂંકાય તેવા ઘેલસફ્ફા જેવા નિવેદનો શુ કામ કરો છો ?

અહીં તો તમે લોકો બુદ્ધિને ગીરવે મૂકીને રાષ્ટ્ર પ્રત્યે સાવ બેજવાબદાર બની સોશ્યલ મીડિયામાં કાગારોળ માચાવો જ છો. કોઈ પણ ઘટના દુર્ઘટનામાં જવાબદારી સ્વીકારવાના સ્થાને સાવ બે જવાબદાર બની બીજા ઉપર દોષનો ટોપલો નાખી દેવા માટે આ બુદ્ધિના લઠો કૂદાકૂદ કરે છે. અને પોતે જાતે જ પોતાના નામના રાષ્ટ્રપ્રેમીના સર્ટિફિકેટ લખી નાખે છે. પણ એક વાત એ લોકો ભૂલી જાય છે કે દંભી રાષ્ટ્રભક્તિથી આ દેશને કેટલું મોટું નુકશાન થઈ રહ્યું છે....

અહીં એક બીજી વાત પણ નોંધવા જેવી છે. અમેરિકામાં કાળા ગોરાની રંગભેદની નીતિ હોવા છતાં અશ્વેતને ન્યાય અપાવવા ખુદ પોલીસ પત્ની, પ્રેસિડેન્ટ ટ્રમ્પ ની પુત્રી અને ત્યાંના ન્યાયપ્રિય ગોરાઓ મેદાનમાં આવ્યા છે. મીડિયા પર દોષનો ટોપલો ઢોળનારી જમાત મને બતાવે કે ભારતમાં પ્રાચીન સમયથી ચાલી આવતી જાતિ ભેદની સમસ્યા માટે કોણ જવાબદાર છે. ભારતમાં કોઈ દલિત ઉપર વાળ કાપવા કે વધારવા, વરઘોડો કાઢવા, મૂંછ રાખવા, બાઈક રાખવા, સારા કપડાં પહેરવા, મંદિરમાં પ્રવેશ કરવા પર તેની સામે અત્યાચારો થાય છે ત્યારે સામાજિક સમરસતાની ગાજરની પીપુડી લઈને ફરનારા કેમ ખૂણામાં સંતાઈ જાય છે. કેમ ત્યારે તેઓ અમેરિકાના પોલીસ કર્મીની પત્ની કે પ્રેસિડેન્ટની પુત્રી જેવી નૈતિકતા બતાવી મેદાનમાં આવતા નથી ? (આપણી સામાજિક સમરસતા ચોકલેટ ખાઈને ફેંકી દીધેલા ચળકતા રેપર જેવી છે. જેમાં ચોકલેટની સુગંધ તો હોય છે પણ સમરસતાની ચોકલેટ નહિ. એટલે દલિતોએ તો સામાજિક સમસરતા માં માત્ર રેપર ચાટી ને જ સંતોષ માણવાનો. ચોકલેટ માંગવા જાવ તો તમે વિદ્રોહી થઈ જાવ)

આમતો આપણે ભારતના ધર્મ અને સંસ્કૃતિની આખા વિશ્વમાં દુહાઈઓ આપીએ છીએ પણ માનવતાની વાતમાં આપણે પલાયનવાદ અપનાવી એ છીએ. આ આપણી ભૂલો અને જવાબદારીઓને આપણે ક્યારે સ્વીકારતા થઈશું ? કે પછી બીજા ઉપર જ દોષારોપણ કરતા રહીશું ?

અમેરિકાની પ્રજા પાસેથી આપણે નૈતિકતાના પાઠ શીખવા જોઈએ. પણ કમનસીબી એ છે કે કઈ શીખવાના સ્થાને આપણે ભારતમાં કોઈ ઘટના કે દુર્ઘટના માં જેમ બીજા ઉપર દોષારોપણ કરીએ છીએ તેમ અમેરિકાની ઘટના માટે અહીં બેઠા બેઠા ત્યાંના મીડિયા પર દોષારોપણ કરી અક્કલનું ફુલેકુ ફેરવીએ છીએ. અને તે પણ કોની ઈજ્જત બચાવવા માટે !

"તિખારો"

દંભી દેશભક્તિ અને ધર્મ વિનાની ધર્માંધતા દેશની અધોગતિનું કારણ બને છે.

- અજ્ઞાત

જગદીશ પરમાર ભરૂચ.

૯૪૨૭૧ ૧૬૯૧૬

રેલવે પ્રધાન પિયુષ ગોયલના માતા ચંદ્રકાન્તા ગોયલનું નિધન

ન્યુ દિલ્હી

કેન્દ્રીય પ્રધાન પિયુષ ગોયલના માતાનું શનિવારે સવારે તેમના નિવાસસ્થાને નિધન થયું છે. ચંદ્રકાન્તા ગોયલ મહારાષ્ટ્રમાંથી ત્રણ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. આ અંગેની માહિતી પિયુષ ગોયલે ટ્વીટ કરીને આપી હતી. પિયુષ ગોયલે લખ્યું કે, 'મારી માતા જેમણે મને હંમેશા પ્રેમ અને સ્નેહ સાથે જીવનનો માર્ગ બતાવ્યો, તેમનું આજે સવારે નિધન થયું છે. તેમણે પોતાનું સમગ્ર જીવન લોકોની સેવામાં વિતાવ્યું હતું અને અમને પણ લોકોની સેવા કરવા પ્રેરણા આપી હતી. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે".આપને જણાવી દઈએ કે, ચંદ્રકાન્તા ગોયલ મહારાષ્ટ્રમાંથી ત્રણ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

ખતરનાક આશંકા છે


કોરોના વાયરસનો આતંક દેશમાં જારી છે. આ જ હાલત અર્થવ્યવસ્થાની રહેલી છે. પહેલાથી જ અર્થવ્યવસ્થા મંદીના સકંજામાં હતી. હવે કોરોના વાયરસના કારણે વધારે હાલત ખરાબ થઈ ગઈ છે. કોરોના વાયરસે તો અર્થવ્યવસ્થાને બરબાદ કરી દેવામાં આગમાં ઘી લગાવવા માટેનુ કામ કર્યુ છે. અમારી હાલત તો આના કારણે વધારે ખરાબછે કે આરોગ્ય માળખાની વાત હોય કે પછી આર્થિક માળખાની વાત હોય સ્થિતી સારી બનેલી નથી. અમે કોરોના કાળથી પહેલા જ બંને મોરચા પર કમજોર રહ્યા છીએ. હવે વાત આવી રહી છે કે જો કોરોના વાયરસ વહેલી તકે કાબુમાં નહીં આવે તો દેશમાં કાનુન અને વ્યવસ્થાની સામે પણ મોટો ખતરો ઉભો થઈ જશે. અમારા દેશમાં કાનુન અને વ્યવસ્થાની સ્થિતી કોઈ પણ રાજ્યમાં સારી નથી. કોઈ પણ રાજ્યમાં જતા રહો તમામ રાજ્યોમાં એક જેવી સ્થિતી જોવા મળે છે. એમ લાગે છે કે અમારા દેશમાં અને રાજ્યોમાં રાજ સરકાર અને વહીવટી તંત્ર નહીં બલ્કે માફિયા ચલાવી રહ્યા છે. શરાબ માફિયા, માટી સાથે સંબંધિત માફિયા, હથિયાર, ઈફિમ, ડ્રગ, ટોલ ટેક્સ સહિતના ક્ષેત્રોમાં હાલત ખરાબ થયેલી છે. શિક્ષણ અને તબીબી માફિયાની સ્થિતીરહેલી છે. તેમને કાનુની કોઈ ચિંતા નથી. કોઈ ભય પણ નથી. દિલ્હીથી લઈને રાજ્યોના પાટનગર સુધી આવી જ હાલત થયેલી છે. આ માફિયા જાણે તમામ યોજનાઓ અને રાજનેતાઓને માનો કે ખિસ્સામાં રાખે છે. પોલીસ અને વહીવટી તંત્રની હાલત તો વધારે ખરાબ છે. કારણ કે મોટા ભાગના મામલામાં અધિકારી તો ઘર કે ઓફિસમાંથી નિકળતા નથી. જે પોલીસ જવાન અને અન્ય કર્મચારીઓ ફિલ્ડમાં જાય છે તેમને તેઓ ગણતા પણ નથી. માફિયાના પ્રથમ પ્રયાસ તો તમામને ટાર્ગેટ કરવાની રહે છે. તેમના તમામ કામ સારી રીતે ચાલે તે માટે તમામ પ્રયાસ કરવા માટે માફિયા સૌથી પહેલા પ્રયાસ કરે છે. જ્યારે આમાં સફળતા મળતી નથી ત્યારે તેમને જેમ તેમ કરીને રસ્તાથી દુર કરવાના પ્રયાસ કરે છે. માફિયાની તાકાતનો અંદાજ આ બાબતથી જ લગાવી શકાય છે કે આશરે એક દશક પહેલા ગ્વાલિયરમાં ભારતીય પોલીસ સેવાના એક પોલીસ અધિકારી માફિયા લડાઈમાં શદીદ થયા હતા. રેત માફિયા સાથેની અથડામણમાં આ જવાન શહીદ થયા હતા. મામલાની ખુબ ચર્ચા થઈ હતી. તપાસની મોટી મોટી વાત થઈ હતી. આ જાંબાજ પોલીસ અધિકારી શહીદ કઈ રીતે થયાતે બાબતનો ખુલાસો હજુ પણ થયો નથી. આ મામલામાં તપાસ હજુ જડ સુધી પહોંચી શકી નથી. છત્તિસગઢમાં સરકારો તો દરેક ઘટનાને નક્સલી સાથે જોડી દઈને બચવાના પ્રયાસ કરે છે. જો કે સામાન્ય લોકો પણ હવે આ બાબતને સમજવા લાગી ગયા છે. રાજનેતા હોય કે અધિકારી તમામ માફિયાને સુરક્ષા આપી રહ્યા હોવાના આરોપ થઈ રહ્યા છે. આ પ્રકારની વાત દેશના તમામ રાજ્યોમાં જોવા મળે છે. જ્યાં સુધી અધિકારી ઘર અને ઓફિસની બહાર નિકળીને કઠોર વલણ અપનાવશે નહીં ત્યાં સુધી આ પ્રકારની માફિયાગીરીનો અંત આવી શકશે નહીં. હાલમાં તો કોરોના કાળમાં સ્થિતી વધારે ખરાબ દેખાઈ રહી છે.

મોટા ભાગના મામલામાં અધિકારી ઘરની અથવા તો ઓફિસમાંથી નિકળતા જ નથી

કોરોના લોકડાઉન દરમિયાન કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો

તમે પિંકી સિન્ડ્રોમથી ગ્રસ્ત તો નથી ?

દુનિયાભરમાં કોરોના દર્દીઓની સંખ્યા રેકોર્ડ સપાટી પર પહોંચી રહી છે. કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૬૫ લાખના આંકડાને પાર કરી ચુકી છે. મોટા ભાગના દેશોએ આ વાયરસના ફેલાવાને રોકવા માટે લોકડાઉન અને સોશિયલ ડિસ્ટેન્સિંગ જેવી બાબતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. તમામ પગલા તમામ દેશો લઈ રહ્યા હોવા છતાં કોરોના વાયરસના કેસોમાં રેકોર્ડ ગતિથી વધારો થઈ રહ્યો છે. કોરોનાના ફેલાવાને રોકવા માટે દુનિયાના દેશોના કરોડો લોકોને તેમના ઘરમાં રહેવાની ફરજ પડી છે. સ્માર્ટ ફોન અને અન્ય હેન્ડ હેલ્ડ ગેજેટ્સની સાથે જ તમામ લોકોને પોતાના સમયને ગાળવાની ફરજ પડી રહી છે. હાલમાં જ કરવામાં આવેલા એક રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્માર્ટ ફોન યુઝ કરવાના કારણે લોકોને જે સમસ્યાનો સૌથી વધારે સામનો કરવાની હાલમાં ફરજ પડી રહી છે તેમાં સ્માર્ટ ફોન પિંકી સિન્ડ્રોમનો સમાવેશ થાય છે. પિન્કી સિન્ડ્રોમ શુ છે તે પ્રશ્ન તમામને થાય તે સ્વભાવિક છે.મોબાઈલના વધારે સમય સુધી ઉપયોગ કરવાના ગાળા દરમિયાન હાથની નાની આંગળી સૌથી વધારે કામ લાગેછે. અંગ્રેજી ભાષામાં આને પિંકી ફિંગર કહેવામાં આવે છે. આ આંગળીનો મોબાઈલમાં વધારે ઉપયોગ હોવાના કારણે આંગળીના જોડ પર ખુબ દબાણ આવે છે. જેના કારણે આર્થરાઈટિસની આશંકા વધારે પ્રભાવિત થાય છે. કેટલાક દેશોમાં છેલ્લા બે મહિનાના ગાળામાં જ પિન્કી સિન્ડ્રોમ સાથે ગ્રસ્ત લોકોની સંખ્યામાં ૧૦ ટકાના દરથી વધારો થયો છે. આર્થટાઈટિસના લક્ષણ વધવા માટે આને મુખ્ય કારણ તરીકે ગણવામાં આવે છે. આ બિમારીનો બચાવ કઈ રીતે થઈ શકે છે તેમ પુછનાર લોકો માટે જવાબ એ છે કે મોબાઈલનો ઉપયોગ



મોબાઈલને એક સાથે ફગાવી શકાય નહીં પરંતુ ધીમે ધીમે તેનાથી મુક્તિ મેળવી શકાય છે : સ્માર્ટફોનના સતત ઉપયોગથી નુકસાન થાય છે

ઓછામાં ઓછો કરવાનો પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. રાત્રે ઉંઘતી વેળા મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવાની ટેવ પાડવામાં આવે તે જરૂરી છે. આના કારણે નીંદની સમસ્યા ઉભી થનાર નથી. સાથે સાથે આંખો પર ક્યારેય ખરાબ અસર થશે નહીં જો ફન પર કોઈની સાથે વધારે વાત થાય છે તો ઈયરફોન્સનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે મોબાઈલથી અંતર રાખી શકશો. પિન્કી સિન્ડ્રોમના ખતરાથી બચવા માટે હાથોની સ્ટ્રેચિંગ માટેની કસરત કરવામાં આવે તે જરૂરી છે. મોબાઈલને એક રીતે રિજેક્ટ પણ કરી શકાય તેમ નથી. પરંતુ ધીમે ધીમે તેના ઉપયોગ પર બ્રેક મુકી શકાય છે. ધીમે ધીમે તેના ઉપયોગને ઘટાડી દેવામાં આવે તે જરૂરી છે. સ્માર્ટ ફોનના સતત ઉપયોગના કારણે હાથ, દિમાગ અને આંખ પર તેની માઠી અસર થાય છે. મોબાઈલની લાઈટ સીધી રીતે આંખ પર પડે છે. આના કારણે આંખ પર પિડા, ડ્રાય આઈ સિન્ડ્રોમ અને આંખમાંથી પાણી નિકળવા સહિતની સમસ્યા આવી શકે છે. આંખના નિષ્ણાંત તબીબોની સલાહ પણ લઈ શકાય છે. મોબાઈલ ગેજેટ્સ પર કામ કરતી વેળા દર ૨૦ મિનિટમાં ૨૦ સેકન્ડ માટે ૨૦ ફુટના અંતર પર જોવામાં આવે જરૂરી છે. પાણીથી આંખને ધોઈ નાંખવામાં આવે તે જરૂરી છે. નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છેકે પિન્કી સિન્ડ્રોમ છે કે કેમ તેનો અંદાજ તમે પોતે જ લગાવી શકો છો. મોબાઈલ યુઝ કરવાના સમયને કેલ્ક્યુલેટ કરવામાં આવે અથવા તો કસરત કરવામાં આવે તો કેટલીક બાબતોને જાણી શકાય છે. આરામની મુદ્રાના ગાળા દરમિયાન આંગળીમાં થનાર કોઈ પણ દુખાવાની તરફ ધ્યાન આપવામાં આવે તો કેટલીક બાબતો જાણી શકાય છે.આ ઉપરાંત આંગળી વાંકી થઈ જવાની બાબત અથવા તો અન્ય લક્ષણ પણ તેના જ લક્ષણ રહેલા છે. જો હાથની આંગળીમાં કોઈ પણ પ્રકારના વિકાર દેખાય તો તરત જ તબીબોનો સંપર્ક કરવામાં આવે તે જરૂરી છે. આના માટે વિવિધ બાબતો પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. કોરોના કાળમાં આ તકલીફ સૌથી વધારે પ્રમાણમાં જોવા મળી છે. આ બિમારીના કેસમાં ઉલ્લેખનીય વધારો હાલના સમયમાં થઈ ગયો છે. પિન્કી સિન્ડ્રોમના શિકાર તમે તો થયા નથી ને તેને તમે પણ સરળ રીતે જાણીશકો છો.પિન્કી સિન્ડ્રોમથી બચી શકાય છે પરંતુ સાવધાની જરૂરી છે.

લોકડાઉનના કારણે લોકો ઓનલાઈન મળવા-વાતો કરવા લાગ્યા

લોકો સાથે જોડાવવા નવી ટેકનિક

લોકડાઉનના કારણે હાલમાં લોકો કેટલીક પ્રકારની તકલીફનો સામનો કરી ચુક્યા છે. જો કે લોકોડાઉનના ગાળામાં લોકોએ ઓનલાઈન મળવા અને વાતો કરવાની રીતે અપનાવી ચુક્યા છે. આના માટે કેટલીક કંપનીઓ દ્વારા નવી એપ્લીકેશન તૈયાર કરી છે. કેટલીક કંપનીઓએ તો હવે જુની એપ્લીકેશનમાં સુધારો કરી દીધો છે. લોકો સાથે જોડાઈને રહેલાની કેટલીક રીત રહેલી છે. આજે અમે આ લેખમાં લોકો સાથ જોડાઈ રહેવાની ટેકનિક પર વાત કરી રહ્યા છીએ. ડિજિટલ ટેકનિકના કારણે કોરોના મહામારીના લોકડાઉનના માહોલમાં પણ વર્ક એન્ડ એજ્યુકેશન ફ્રોમ હોમને અસર થવા દીધી નથી. ટેકનોલોજીના મારફતે શિક્ષણમાં તો પહેલાથી જ ઓનલાઈનની વ્યવસ્થા ચાલી રહી હતી. જો કે લોકડાઉન જેવી સ્થિતીના કારણે અનેક પ્રકારની ટેકનિક ખુબ ઓછા સમયમાં વિકસિત થઈ ગઈ છે. કેટલાક પ્લેટફોર્મ દ્વારા કોઈ પણ ખર્ચ કર્યા વગર સેવા ઉપલબ્ધ કરાવી છે. જે રીતે ઓડિયો અને વિડિયોના રીતે ઓનલાઈન શિક્ષણ જારી છે. તે જ રીતે વર્ક ફ્રોમ હોમથી મિટિગનુ આયોજન કરવામાં આવી રહ્ય છે. આની રીત પર વાત કરવામાં આવે ત ગુગલ મિટનુ નામ સૌથી પહેલા આવે છે. ગુગલે લોકડાઉનના ગાળા દરમિયાન પોતાના વિડિયો કોન્ફ્રન્સિગઅને મેસેજિંગ પ્લેટફોર્મ હેંગઆઉટનુ નામ બદલી નાંખ્યુ હતુ. તેનુ નામ ગુગલ મિટ રાખી દેવામાં આવ્યુ હતુ. ગુગલ મિટિંગ રોજ ૨૦ લાખ યુઝર્સ વધી રહ્યા છે. ગુગલ ક્લાસરૂમ પર ૧૦ કરોડ સ્ટુડન્ટ્સ અને શિક્ષક રહેલા છે. બિઝનેસ અને સ્કુલને મદદ કરવા માટે અને સંપર્કમાં રહેવા માટે મનિડના એડવાન્સ અને પ્રિમિયમ ફિચર્સને હાલમાં તો ફ્રી એક્સેસ કરી



કેટલીક કંપનીઓએ નવી એપ્લીકેશન તૈયાર કરી છે : કેટલીક કંપનીઓએ જુની એપ્લીકેશનમાં સુધાર કર્યો : કનેક્ટ થવાની ટેકનિક

શકાય છે. આમાં એક સાથે ૨૫૦ લોકો વિડિયો કોન્ફ્રન્સિગ કરી શકે છે. વ્યુ ઓનલી લાઈવ સ્ટ્રીમિંગમાં એક લાખ વ્યુઅર્સને જોડી શકાય છે. તે પણ યુઝર્સ ડોમેનની સાથે રાખી શકાય છે. તેમાં તમામ જી સ્યુટ યુઝર્સ મિટિગ્સને રેકોર્ડ પણ કરી શકેછે. આવી રીતે વોટ્સ અપ પર યુઝર્સને મેસેન્જર રૂમના શોર્ટ કકટ મળી ગયા છે. આના કારણે ફેસબુક મેસેન્જર રૂમ્સની રચના કરી શકાય છે. સાથે સાથે ૫૦ લોકો એક સાથે વિડિયો કોલ કરી શકે છે. વોટ્સ એપ વીટા યુઝર્સને આઅપડેટ મળી ગયા છે. નવાફિચર વોટ્સ એપ બિટા વર્જન ૨.૨૦.૧૩૯માં છે. વોટેસ અપ ચેટ વિન્ડોમાં મળનાર નવા શોર્ટ કટમાં ટેપ કરતાની સાથે જ વિડિયો રૂમ ઓપન થછઈ જાય છે. કોઈ પણ ડિવાઈસ પર ઓડિયો અને વિડિયો કોન્ફ્રન્સિગ માટે સ્કાઈપથી સ્કાઈપ કોલિંગ ૫૦ લોકો માટે ઓનલાઈન ફ્રી રહેલી છે. સ્કાઈપ્સમાં લાઈવ કેપ્શન્સ અન સબ ટાઈટલ્સ કોલ દરમિયાન બોલવામાં આવેલા શબ્દોને ભણવામાં સહાયક હોય છે. કોઈ પ્રકારના કોલ દરમિયાન બસ વધારે પ્લસ બટનનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. ઝુમ વિડિયો કોન્ફ્રન્સિગ પણ ઉપયોગી તરીકેછે. કેટલીક મોટી શૈક્ષણિક સંસ્થાઓએ આનાથી પોતાના વિદ્યાર્થીઓને જોડવા માટે ઝુમ વિડિયોનો ઉપયોગ કર્યો છે. આ એપ મારફતે વિદ્યાર્થીઓ અને શિક્ષકો મોબાઈલ લેપટોપથી વિડિયો અને ઓડિયો બંને પ્રકારથી પાઠયક્રમ પૂર્ણ કરી શકે છે. આના મારફતે શિક્ષક અન બોસ માટે મિટિંગ એરેન્જ કરી શકાય છે. તમામ લોકો નિયત સમયમાં જોડાઈને ઓડિયો અને વિડિયો બંને પ્રકારની જરૂરી બેઠક કરી શકેછે. આવી જ રીતે ભેસબુક મેસેન્જર રૂમ પણ ખુબ ઉપયોગી સાબિત થઈ શકે છે. સોશિયલ નેટવર્કિંગ પ્લેટફોર્મ ફેસબુક તરફથીનવા વિડિયો ચેટ ફિચર મેસેન્જર રૂમ્સ જારી કરવામાં આવ્યા બાદ કેટલીક નવી વ્યવસ્થા કરવામાં આવી છે. આના માટે યુધઝર્સ ચેટ રૂમ તૈયાર કરીને એક સાથે ૫૦ લોકોની સાથે વિડિયો ચેટિંગ કરી શકો છો. તેમને ન્યુઝ ફિડ અને ગ્રુપ તેમજ ઈવેન્ટ્સમાં પણ તૈયાર કરવામાં આવી શકે છે. જેમાં તે રૂમને લોક અથવા તો અન લોક કરી શકાય છે. ભારતમાં કોરોના કાળ દરમિયાન હવે ભારતમાં મોટ ભાગની કંપનીઓ પણ વર્ક ફ્રોમ હોમ કલ્ચરને મહત્વ આપી રહી છે. આવી સ્થિતીમાં આવનાર સમયમાં આ તમામ ટેકનોલોજી ખુબ અસરકારક સાબિત થઈ શકે છે.

ટિપ્સ : હેલ્થકેર એન્જિનિયર બનીને ભવિષ્ય બનાવી શકાય છે

આરોગ્ય સેવાની માંગમાં વધારો થયો

કોરોના કાળના કારણે દેશમાં હવે આરોગ્ય સેવાની માંગમાં વધાર થઈ રહ્યો છે. ભારતમાં હેલ્થકેર એન્જિનિયર બનીને કેરિયર બનાવી શકાય છે. ભારતમાં એમ પણ આરોગ્ય નિષ્ણાંતોની વ્યાપક અછત રહેલી છે. સસ્તી સારવારની ઈચ્છા રાખી રહેલા દર્દીઓ માટે ભારત છેલ્લા કેટલાક સમયથી મેડિકલ ટ્યુરિઝમ હબ તરીકે છે. આવનાર સમયમાં આરોગ્ય સેવા સાથે જોડાયેલા પ્રોફેશનલ લોકોની માંગ તેજી સાથે વધી રહી છે. આને પૂર્ણ કરવા માટે વિદ્યાર્થીઓ માટે હેલ્થકેર એન્જિનિયર પાઠ્યક્રમ એક નવી તક તરીકે છે. ભારતમાં હાલમાં આરોગ્ય સેવાની માંગ વધી રહી છે. આ પાઠ્યક્રમમાં ઉમેદવારને માત્ર પોતાના વિષયને સમજવામાં મદદ મળે છે બલ્કે કારોબાર અને ટેકનોલોજી કુશળતાની સાથે કુશળતા રહે તે જરૂરી છે. શોધ કરનાર આજની પ્રાંસગિક સમસ્યાની ઓળખ કરવા અને તેમને હલ કરવામાં મદદ મળે છે. શોધ કરનાર લોકો તબીબો, સહાયકો અને રોગીઓની સાથે મળીને કામ કરે છે. આ એક બહુ વિષયક વિશેષતાથ ભરેલ છે. જે આરોગ્ય અને એન્જિનિયરિંગ પ્રોફેશનલ બનેને સામેલ કરીને એન્જિનિયરિંગ દ્રષ્ટિકોણના માધ્યમથી આ ક્ષેત્રને આગળ વધારી દેવામાં મદદ મળે છે. હેલ્થકેર એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી હાંસલ કરવા માટે ઉમેદવારને જીવવિજ્ઞાન, ગણિત, ભૌતિકી અને રસાયણ વિજ્ઞાન જેવા વિજ્ઞાન વિષયની સાથે ધોરણ ૧૨ની પરીક્ષા આપવાની હોય છે. હેલ્થકેરમાં એન્જિનિયરિંગ હમેંશા માંગમાં રહે છે. આ એક ખોટી ધારણા છે કે માત્ર એ લોકો જ જે બાયોમેડિકલ અને ક્લીનિકલ એન્જિનિયરિંગમાં અભ્યાસ કરી ચુકેલા ઉમેદવારો જ હેલ્થકેર એન્જિનિયરિગમાં જઈ શકે છે. અહીં સુધી કે રસાયણિક, નાગરિક, કોમ્પ્યુટર, ઈલેક્ટ્રિકલ પર્યાવરણ , ઔદ્યોગિક સુચના, સામગ્રી, મેકેનિકલ સોફ્ટવેર તેમજ સિસ્ટમ એન્જિનિયરિંગવાળા વિદ્યાર્થી પણ આને પસંદ કરી શકે છે. આ યાત્રિકીના તરીકાના ઉપયોગ કરીને



સસ્તી સારવારની ઈચ્છા ધરાવતા દર્દીઓ માટે ભારત હવે મેડિકલ ટ્યુરિઝમ હબ તરીકે છે : આરોગ્ય સેવાના પ્રોફેશનલ લોકોની માંગ વધી

જૈવિક પ્રણાલીની યાત્રિક પાસાની સરંચના , કાર્ય અને ગતિમાં અભ્યાસ કરવામાં આવે છે. જેનેટિક એન્જિનિયરિંગ અને આરોગ્ય સુચના વિજ્ઞાનમાં પણ અભ્યાસ કરવામાં આવે છે. આ કોશિકાના આનુવાશિક મેક અપને બદલવા માટે ઉપયોગ કરવામાં આવતા ટેકનોલોજી અંગે માહિતી મેળવી લેવામા આવે છે. જેમાં પ્રજાતિઓના સુધારા માટે ઉત્પાદન સામેલ છે. તબીબી સાધનો હેઠળ વિદ્યાર્થીઓને એવા સાધનના સંબંધમાં માહિતી હોવી જોઈએ. જે દર્દીને આરોગ્ય સેવા આપવામાં મદદ મળે છે. સાથે સાથે ઉપચાર કરવામાં મદદ મળે છે. બિમારી અથવા તો બિમારીને દુર કરવા માટે મદદ કરે છે. જેના કારણે તેમની લાઈફમાં ગુણવત્તામાં સુધારો થાય છે. વિશ્વ આરોગ્ય સંગઠનના કહેવા મુજબ ઈમરજન્સી એક એવી સ્થિતી છે જેના કારણે સામાન્ય પ્રક્રિયાને અસર થાય છે. તાત્કાલિક રીતે લોકોને આરોગ્યની સુવિધા મળે તે જરૂરી છે. જો તમે આરોગ્ય પડકારોમાં રસ ધરાવો છો તો આરોગ્ય સેવા એન્જિનિયરિગમાં કેરિયર બનાવીને લોકોની મદદ કરી શકાય છે. આ ખુબ માંગમાં છે. ભવિષ્યમાં આરોગ્ય સેવાને વધારે મહત્વ મળનાર છે. મહામારી વિજ્ઞાનમાં અભ્યાસને હવે મહત્વ મળનાર છે. મશીન શિખવા અને ડેટા વિજુઅલાઈઝેનના સંબંધમાં મોડલને ડિઝાઈન કરવામા મદદ મળે છે. સાથે સાથે માન્યકરવામાં મદદ મળે છે. આરોગ્ય સેવાના વર્તમાન સંકટના ગાળા દરમિયાન તેની ઉપયોગિતા વધી શકે છે. હેલ્થકેર એન્જિનિયરના રૂપમાં કોઈને એન્જિનિયરિંગ સિદ્ધાંતો અંગે માહિતી રહે તે જરૂરી છે. જે તેમને આરોગ્ય સંભાળના સમાધાનમાં મદદ મળે છે. કેટલીક વખત તે તબીબી પ્રોડક્ટસના વિકાસમાં પણ મદદરૂપ બને છે. આ સ્કિલ પણ તમામમાં રહે તે જરૂરી છે. કઈ કઈ કુશળતા હોવી જોઈએ તેની વાત કરવામાં આવે તો મુલ્યાંકન ક્ષમતા અને કુશળતા રહે તે જરૂરી છે. સાથે સાથે જુદા જુદા રોગ અંગે માહિતી રહે તે પણ જરૂરીછે. સંચાર અને સંવાદ ટેકનિક રહે તે જરૂર છે.

કોઈ પણ યાત્રીને પહેલગામ રૂટ પર જવાની મંજૂરી નહિ મળે

કોરોના સંકટ વચ્ચે ૨૧ જુલાઈથી યોજાશે અમરનાથ યાત્રાઃ ૩ ઓગસ્ટે સમાપ્ત થશે

ન્યુ દિલ્હી

આ વર્ષે જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રા ૨૧ જુલાઈથી શરૂ થશે અને ૩ ઓગસ્ટ સુધી ચાલશે. તે ૧૫ દિવસની અવધિની રહેશે. જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં સમુદ્ર સપાટીથી ૩,૮૮૦ મીટર ઉપર સ્થિત ગુફા મંદિરમાં મુસાફરીના મામલાઓ સંભાળનારા અમરનાથજી શ્રાઇન બોર્ડ (એસએએસબી) ના અધિકારીઓએ આ વાત કહી હતી. યાત્રા માટેની 'પ્રથમ પૂજા' યોજવામાં આવી હતી. આ સમયની મુસાફરી કોરોના વાયરસ મહામારીને કારણે અવધિમાં કટોતી કરવામાં આવી છે. સાધુઓ સિવાય, અન્ય યાત્રાળુઓમાં ૫૫ વર્ષથી ઓછી વયના લોકો માટે જ મંજૂરી રહેશે. મુસાફરી કરતા બધા લોકો પાસે કોવિડ નેગેટિવ પ્રમાણપત્ર હોવું આવશ્યક છે. એસએએસબીના એક અધિકારીએ જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરમાં યાત્રા શરૂ કરવાની મંજૂરી આપતા પહેલા યાત્રિકોને વાયરસની ક્રોસ ચેક કરવામાં આવશે." સાધુઓ સિવાય તમામ યાત્રિકોએ યાત્રા માટે ઓનલાઈન નોંધણી કરાવી લેવી પડશે. તે પણ નિર્ણય લેવામાં આવ્યો છે કે ૧૫ દિવસ દરમિયાન સવારે અને સાંજે ગુફા મંદિરમાં કરવામાં આવેલી 'આરતી' દેશભરના ભક્તો માટે લાઈવ પ્રસારણ કરવામાં આવશે. યાત્રા ૨૦૨૦ ફક્ત ઉત્તર કાશ્મીર બાલટાલ માર્ગ પરથી પસાર થશે. અધિકારીઓએ કહ્યું હતું કે, "આ વર્ષે કોઈ પણ યાત્રીઓને પહેલગામ રૂટ પર જવાની મંજૂરી આપવામાં આવશે નહીં." યાત્રા ૨૦૨૦ રક્ષાબંધનના તહેવારના દિવસે શ્રાવણ પૂર્ણિમા પર ૩ ઓગસ્ટે સમાપન થશે.

મમતા બેનર્જીનો ભાજપ પર પલટવાર

મે ક્યારેય વડાપ્રધાન મોદીને દિલ્હીથી હટાવવાની વાત નથી કરી

કોલકાત્તા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભાજપ પર કોરોના વાયરસ અને અમ્ફાન વાવાઝોડા જેવી આફતમાં રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો છે. એક કાર્યક્રમમાં પહોંચેલા મમતા બેનર્જીએ કહ્યું મે ક્યારેય પ્રધાનમંત્રી મોદીને દિલ્હીથી હટાવવાની વાત નથી કરી જ્યારે ભાજપ વાવાઝોડા જેવી આફતમાં પણ સત્તા પરથી હટાવવાની કોશિશ કરી રહ્યું છે.

મમતા બેનર્જીએ વિશ્વ પર્યાવરણ દિવસ પર રિ-ગ્રીનિંગ કોલ કાર્યક્રમમાં કહ્યું, મને ખૂબજ ખરાબ લાગ્યું, જ્યારે કોરોના અને અમ્ફાન જેવી આફતમાં લોકોના જીવ બચાવી રહ્યા છીએ. એવામાં કેટલીક રાજકીય પાર્ટીઓ અમને સત્તા પરથી હટાવવાની વાત કરી રહી છે. મે ક્યારેય નથી કહ્યું કે પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીને દિલ્હીથી હટાવવા જોઈએ.

હાલમાં જ કેંદ્રીય ગૃહ મંત્રી અમિત શાહે બંગાળ સરકાર પર કોરોના સામે લડવામાં લાપરવાહી રાખવાનો આરોપ લગાવ્યો હતો. મમતાએ અમિત શાહને જવાબ આપતા કહ્યું, 'શું આ રાજકારણ કરવાનો યોગ્ય સમય છે ? છેલ્લા ત્રણ મહિનાથી તેઓ ક્યા હતા? જ્યારે અમે જમીન પર કામ કરી રહ્યા છીએ. બંગાળ કોરોના અને ભાજપના કાવતરા બંને સામે જરૂર જીતશે.

અમેરિકાની બ્લોગરનો પાકિસ્તાનના પૂર્વ ગૃહમંત્રી રહેમાન મલિક પર રેપનો આરોપ

ઈસ્લામાબાદ

પાકિસ્તાનમાં રહેનાર એક અમેરિકાની બ્લોગર સિંથિયા ડી રિચીએ પૂર્વ ગૃહમંત્રી રહેમાન મલિક ઉપર રેપનો આરોપ લગાવ્યો છે. રિચીએ પૂર્વ પ્રધાનમંત્રી યૂસુફ રજા ગિલાની ઉપર પણ શારીરિક યાતના આપ્યાનો ગંભીર આરોપ લગાવ્યો છે. સિંથિયા મુજબ બન્ને ઘટના ૨૦૧૧ની છે. આ દરમિયાન બેનઝીર ભૂટ્ટોની પાકિસ્તાન પિપલ્સ પાર્ટી સત્તામાં હતી. હાલ પાર્ટીનું નેતૃત્વ બેનઝીરનો પુત્ર બિલાવલ ભૂટ્ટો કરી રહ્યો છે.

સિંથિયાએ શુક્રવારે ફેસબુક ઉપર એક વીડિયો મૂક્યો છે. જેમા રહેમાન મલિક અને ગિલાની ઉપર આરોપ લગાવ્યા છે. રિચી મુજબ ઘટના ૨૦૧૧ની છે. એ સમયે તે જ્યારે રાષ્ટ્રપતિ ભવનમાં રહેતી હતી. ખાસ વાત એ ચછે કે રિચી હાલ પ્રધાનમત્રી ઈમરાન ખાનની સોશિયલ મીડિયા ટીમમાં છે. રિચીએ અમુક ટ્વિટ પણ કર્યા. એક ટ્વિટમાં તણે લખ્યું છે કે મને ડ્રિંક્સમાં નશીલો પદાર્થ મેળવીને આપવામાં આવ્યું. હું ચૂપ રહી કારણ કે પીપીપી સરકાર મારી મદદ કરતું હતું. હવે હું કોઈપણ વ્યક્તિનો સામનો કરવા માટે તૈયાર છું.

સિંથિયાનો દાવો છે કે તેણે ઘટનાની જાણકારી પાકિસ્તાનમાં રહેલા અમેરિકાના દૂતાવાસને પણ આપી હતી. ત્યાંથી યોગ્ય જવાબ મળ્યો નથી. આ દરમિયાન પાકિસ્તાન અને અમેરિકા વચ્ચે સંબંધો સારા ન હતા. રિચીએ પીપીપી ઉપર ગંદુ રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો છે. તેણે કહ્યું કે હું ઈચ્છું છું કે વિશ્વ મારી વાત સાંભળે.

લક્ષણ વગરના દર્દીઓને ૨૪ કલાકમાં ડિસચાર્જ કરવાનો આદેશ કર્યો

દિલ્હીમાં કેટલીક ખાનગી હોસ્પિટલ બેડના કાળા બજાર કરી રહી છેઃ કેજરીવાલ

ન્યુ દિલ્હી

દિલ્હીમાં ખાનગી હોસ્પિટલોમાં કોરોના વાયરસના દર્દીઓને બેડ નહીં ફાળવવાના મુદ્દે હવે સરકારે લાલ આંખ કરી છે. ખાનગી હોસ્પિટલોની મનમાનીનો મુદ્દો સોશિયલ મીડિયા ઉપર તેમજ વિપક્ષે પણ ઉઠાવતા શનિવારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કેટલાક કડક નિર્ણયો જાહેર કર્યા છે. દિલ્હીમાં હવે કોઈપણ સંદિગ્ધ કોરોના દર્દીના કેસને લેવાનો હોસ્પિટલ ઈનકાર નહીં કરી શકે. સીએમ કેજરીવાલે કટાક્ષ કરતા કહ્યું કે દિલહીમાં કેટલીક હોસ્પિટલોનું રાજકીય પક્ષો સાથે સેટિંગ છે અને તેઓ કેસ નહીં લેવાની બદમાશી કરી રહ્યા છે. કોરોનાના સંદિગ્ધ દર્દીઓને દાખલ કરવા માટે કેટલીક હોસ્પિટલો લાખો રૂપિયા માંગી રહી છે અને આવા કાળા બજારીયાઓ સામે સરકાર આકરા પગલાં લેશે તેમ સીએમે જણાવ્યું હતું. કેજરીવાલે ચેતવણીના સૂરમાં જણાવ્યું કે દરેક હોસ્પિટલે દર્દીઓની સારવાર કરવી પડશે. જો કોઈ હોસ્પિટલ સારવાર કરવાનો ઈનકાર કરશે તો તેની વિરુદ્ધ કડક પગલાં લેવાશે. સીએમએ લક્ષણો વગરના સંદિગ્ધોને જણાવ્યું કે તેઓ ટેસ્ટ ના કરાવે કારણ કે તેનાથી લોડ વધી જશે. કેજરીવાલ સરકારે લક્ષણ વગરના દર્દીઓને ૨૪ કલાકમાં ડિસચાર્જ કરવાનો આદેશ આપ્યો છે. કેજરીવાલે કેટલીક બેદરકાર ખાનગી હોસ્પિટલને ચેતવણી આપતા કહ્યું કે તેમણે દર્દીઓની સારવાર કરવી પડશે. આ હોસ્પિટલ્સ નિયમો મુજબ દર્દીની સારવાર કરે નહીં તો તેમની સામે કડક પગલાં લેવાશે. બે-ચાર હોસ્પિટલોને એવું છે કે તેઓ કાળા બજાર કરી શકશે પરંતુ આવી હોસ્પિટલોને છોડવામાં નહીં આવે. જો ખાનગી હોસ્પિટલ ૨૦ ટકા બેડ કોરોના દર્દીઓ માટે અનામત નહીં રાખે તો તેમને ૧૦૦ ટકા કોરોના કેર માટે જાહેર કરવી પડશે.

નવજોત સિંહ સિદ્ધુના કોંગ્રેસ છોડવાના સમાચાર વાહિયાતઃ અમરિંદર સિંહનો ખુલાસો

ચંડીગઢ

તાજેતરમાં એવા સમાચાર આવ્યા હતા કે નવજોતસિંહ સિદ્ધુ કોંગ્રેસને અલવિદા કહેવા જઇ રહ્યા છે. આ સાથે જ તે આમ આદમી પાર્ટીમાં જોડાવાની યોજના ધરાવે છે. આ માટે તેણે પ્રશાંત કિશોરનો સંપર્ક કર્યો છે. આ સમાચાર પ્રકાશમાં આવ્યા બાદથી પંજાબના રાજકીય કોરિડોરમાં ખળભળાટ મચી ગયો છે. હવે આ સમગ્ર મામલે પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહનું નિવેદન બહાર આવ્યું છે. તેમણે સિદ્ધુના પક્ષ છોડવાના સમાચારને સંપૂર્ણપણે ખોટી બતાવી છે. આ કેસમાં કેપ્ટન અમરિન્દરે કહ્યું કે સિદ્ધુ કોંગ્રેસ પાર્ટીમાં સંપૂર્ણ રીતે ખુશ છે અને આમ આદમી પાર્ટીમાં જોડાવાની તેમની કોઈ યોજના નથી. તેમણે કહ્યું કે કેટલાક લોકો કહી રહ્યા છે કે પ્રશાંત કિશોર નવજોતસિંહ સિદ્ધુના સંપર્કમાં છે, આ ખોટું છે. તેની પુષ્ટિ ખુદ પ્રશાંત કિશોરે કરી હતી. તેમણે કહ્યું કે પ્રશાંત કિશોર તેમના સારા મિત્ર છે અને પાર્ટીના ધારાસભ્યો ઇચ્છે છે કે તેઓ ચૂંટણી માટે કોઈ વ્યૂહરચના ઘડે. પ્રશાંત કિશોરે આ અંગે ખુશી વ્યક્ત કરી હતી, તેમ જ તેમનો સંપૂર્ણ સહયોગ હોવાનું જણાવ્યું હતું. આ અગાઉ દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલનું નિવેદન પણ આ કેસમાં આવ્યું છે. તેમણે કહ્યું હતું કે જો સિદ્ધુ તેમની પાર્ટીમાં આવશે તો તેઓ તેમનું સ્વાગત કરશે.

બિડેનની સીધી ટ્રમ્પ સાથે ટક્કર થશે

ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ જો બિડેન ડેમોક્રેટિક પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જાહેર

વોશિંગ્ટન

જો બિડેને ઔપચારિક રીતે ડેમોક્રેટિક પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદ માટે નામાંકન કર્યું છે અને તેઓ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક મજબૂત પડકાર સમાન છે. એક તરફ અમેરિકા કોરોના મહામારી, આર્થિક પતન અને નાગરિકોની અશાંતિ જેવી પૃષ્ઠભૂમિથી ઘેરાયેલું છે તેવામાં ટ્રમ્પને પડકારવા જો બિડેન મેદાનમાં ઉતર્યા છે.

અમેરિકાના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ બિડેન પોતાની પાર્ટીના પ્રભાવી નેતા રહી ચુક્યા છે કારણકે ડેમોક્રેટિક પ્રાઈમરીમાં તેમના અંતિમ ચેલેન્જર બર્ની સૈંડર્સે એપ્રિલમાં પોતાનું અભિયાન સમાપ્ત કરી દીધું હતું. મંગળવારે સાત રાજ્યો અને કોલંબિયા જિલ્લાના રાષ્ટ્રપતિ માટે આયોજિત પ્રાથમિક ચૂંટણી બાદ બિડેને ૧,૯૯૧ પ્રતિનિધિઓના સમર્થન સાથે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. પ્રાથમિક ચૂંટણીના ત્રણ દિવસ બાદ બિડેન વિજયી જાહેર થયા.

ડેમોક્રેટ્સ વ્યક્તિગત કોંગ્રેસ જિલ્લામાં પરિણામોના આધારે પાર્ટીના રાષ્ટ્રીય સંમેલનમાં મોટાભાગના પ્રતિનિધિઓને પુરસ્કૃત કરે છે. બિડેન પાસે હવે ૧,૯૯૩ પ્રતિનિધિઓ છે જેમાંથી હજુ પણ આઠ રાજ્ય અને ત્રણ અમેરિકી ક્ષેત્રમાં સ્પર્ધા થવાની છે. દેશ હાલ સંકટનો સામનો કરી રહ્યો છે માટે બિડેનના નામાંકનને હળવી ધામધૂમ સાથે મનાવવામાં આવ્યું હતું.

ગ્રેટ ડિપ્રેશન બાદ અમેરિકામાં બેરોજગારીનો દર સૌથી ખરાબ છે અને જ્યોર્જ ફ્લોઈડના મૃત્યુ બાદ દેશના અનેક શહેરોમાં આગ ભડકી છે. આ બધા સંજોગોમાં ટ્રમ્પ માટે પડકારો ખૂબ જ વધી રહ્યા છે.

બ્રિટનની દવા કંપનીએ સંભવિત કોરોના વેક્સિનનું ઉત્પાદન શરૂ કર્યું

લંડન

હાલ આખું વિશ્વ કોરોના વાયરસ સામે લડી રહ્યું છે. વૈશ્વિક સ્તરે આ મહામારીએ અત્યાર સુધી ૩.૯૮ લાખ લોકોના જીવ લીધા છે. જ્યારે ૬૮ લાખથી વધુ લોકો આ વાયરસથી સંક્રમિત છે. વિશ્વના વિવિધ દેશ આ વાયરસની વેક્સીન શોધવાની કોશિશ કરી રહ્યા છે. પરંતુ અત્યાર સુધી કોઈને ૧૦૦ટકા સફળતા નથી મળી.

ત્યારે હવે એવી માહિતી મળી છે કે બ્રિટેનની એક જાણીતી દવા કંપનીએ સંભાવિત વેક્સીનનું મેન્યુફેક્ચરિંગ શરૂ પણ કરી દીધું છે. એક મીડિયા રિપોર્ટ મુજબ ડ્રગ કંપની છજઁટ્ઠિઢીહીષ્ઠઠ્ઠ ઙ્મઙ્મ કંપનીના પાસ્કલ સોરિઅટના હવાલાથી આ અંગે માહિતી આપવામાં આવી છે કે કોરોના વાયરસ વેક્સીનનું ટ્રાયલ ચાલી રહ્યું છે પરંતુ કંપનીએ પ્રોડક્શન એટલા માટે શરૂ કર્યું છે કે ત્વરિત ધોરણે ડિમાન્ડ પૂરી કરવામાં મદદ મળે.

રિપોર્ટ પ્રમાણે સોરિએટ કહ્યું,'અમે અત્યારથી જ વેક્સીનનું પ્રોડક્શન શરૂ કર્યું છે. જ્યારે પરિણામ મળશે ત્યાં સુધી અમે વેક્સીન સાથે તૈયારી થઈ જઈશું.' કંપનીએ જણાવ્યું કે કોવિડ ૧૯ વેક્સીનના ૨ અબજ ડોઝ તૈયાર કરાવશે. રિપોર્ટ મુજબ પાસ્કલ સોરિએટે કહ્યું કે આ નિર્ણય અમારા માટે જોખમ સમાન છે. પરંતુ આ એક ફાઈનાન્શિયલ રિસ્ક છે. અમને નુકસાન ત્યારે જ થશે જ્યારે વેક્સીન કામ નહીં કરે. ત્યારે અમારું બધું મેટિરિયલ અને બધી વેક્સીન બેકાર થઈ જશે. તેમણે કહ્યું કે વેક્સીનથી અમે નફાનું નથી વિચારી રહ્યા. જો આ કામ કરશે તો કંપની લગભગ ૨ અબજ ડોઝ તૈયાર કરશે.

પાકિસ્તાને સીમામાં ઘૂસતા ભારતીય ડ્રોનને તોડી પાડ્યાનો હાસ્યાસ્પદ દાવો

ન્યુ દિલ્હી/ઈસ્લામાબાદ

ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા તનાવ વચ્ચે હવે પાકિસ્તાને દાવો કર્યો છે કે, પાકિસ્તાનની સીમામા ઘૂસી આવેલા ભારતીય ડ્રોનને અમે તોડી પાડ્યુ છે.

સરહદ પર શસ્ત્ર વિરામનો ભંગ કરતા આવેલા પાકિસ્તાનને ભારત દર વખતે જડબાતોડ જવાબ આપે છે ત્યારે હવે પાકિસ્તાને એક નવો દાવો કર્યો છે .જે તેની આદત પ્રમાણે સાવ નિરાધાર હોવાની શક્યતા છે.

ઈસ્લામાબાદમાં પાકિસ્તાની સેનાના પ્રવક્તા બાબર ઈફ્તિખારે કહ્યુ હતુ કે, ખંજર સેકટરમાં ભારતીય ડ્રોન પાક સીમામાં ઘુસી આવ્યુ હતુ.એ પછી તેને તોડી પાડવામાં આવ્યુ છે.આ વર્ષે ભારતનુ આઠમુ ડ્રોન અમે તોડી પાડ્યુ છે.

બાબર ઈફ્તિખારે શેખી હાંકતા કહ્યુ હતુ કે, ગયા મહિને અમે બે ડ્રોન નષ્ટ કરી દીધા હતા.જોકે પાકિસ્તાનના આ પ્રકારના દાવાનો ભારત હંમેશા ખંડન કરતુ રહ્યુ છે.

જો કે આ સમાચારની કોઈ પુષ્ટિ નથી કરતું

પાકિસ્તાનમાં અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમનું કોરોના વાયરસથી મોત..!

ન્યુ દિલ્હી

પાકિસ્તાનમાં છુપાયેલા અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમનું કોરોના વાયરસથી મોતની અટકળો છે. જો કે તેની કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ શકી નથી. આપને જણાવી દઈએ કે ઈન્ટેલિજન્સ એજન્સીઓના હવાલેથી રિપોર્ટ આવ્યો હતો કે દાઉદ અને તેની પત્ની કોરોના પોઝિટિવ છે. રિપોર્ટસના મતે દાઉદ અને તેની પત્ની કરાચીની આર્મી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. દાઉદના પર્સનલ સ્ટાફ અઈઅને ગાર્ડસને પણ ક્વારેન્ટાઈન કરાયા છે.

જો કે દાઉદ ઈબ્રાહીમના કોરોના સંક્રમિત હોવાના રિપોર્ટસને તેના ભાઈ અનીસ ઈબ્રાહીમે નકારી દીધો છે. અનીસે દાવો કર્યો કે ભાઈ સહિત પરિવારના તમામ સભ્ય સ્વસ્થ છે. કોઈપણ હોસ્પિટલમાં દાખલ નથી. આપને જણાવી દઈએ કે અનીસ ઈબ્રાહીમ જ દાઉદની ડી-કંપની ચલાવે છે. અનીસ યુએઈની લક્ઝરી હોટલ અને પાકિસ્તાનમાં મોટા કંસ્ટ્રકશન પ્રોજેક્ટ સિવાય ટ્રાન્સપોર્ટનો બિઝનેસ પણ ચલાવી રહ્યો છે.

આપને જણાવી દઈએ કે દાઉદ ઈબ્રાહીમ ૧૯૯૩મા થયેલા બોમ્બ બ્લાસ્ટનો માસ્ટરમાઈન્ડ હતો. આ આતંકી ઘટનામાં ૧૩ બોમ્બ બ્લાસ્ટ થયા હતા જેમાં ૩૫૦ લોકોના મોત થયા હતા અને ૧૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ૨૦૦૩મા ભારત સરકારે અમેરિકા સાથે મળીને દાઉદને ગ્લોબલ ટેરરિસ્ટ જાહેર કરી દીધો હતો.

ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકી સૈનિકોને જર્મનીથી પાછા બોલાવવાનો નિર્ણય લીધો

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હજારો અમેરિકી સૈનિકોને જર્મનીથી પાછા બોલાવી લેવાનો નિર્ણય લીધો છે. દ્વિતીય વિશ્વયુદ્ધ બાદથી અમેરિકા જર્મનીમાં પોતાના સૈનિકોને તૈનાત કરતું આવ્યું છે અને હાલ જર્મનીમાં ૩૪,૫૦૦ જેટલા અમેરિકી સૈનિકો ઉપસ્થિત છે. એક અહેવાલ પ્રમાણે અમેરિકાના આ નિર્ણય બાદ જર્મનીમાં અમેરિકી સૈનિકોની સંખ્યા ૨૫,૦૦૦ સુધી સીમિત થઈ શકે છે. વરિષ્ઠ અમેરિકી અધિકારી દ્વારા મળતા અહેવાલો પ્રમાણે પ્રશાસન સપ્ટેમ્બર મહીનાથી આ મામલે વિચારણા કરી રહ્યું હતું અને જર્મનીના ચાન્સેલર એન્જેલા મર્કેલ જી-૭ સંમેલનમાં અનુપસ્થિત રહ્યા તેનો આ નિર્ણય સાથે કોઈ સંબંધ નથી.

બદ્રીનાથમાં ચારધામ યાત્રાની તૈયારીઓ, સોશિયલ ડિસ્ટેંસિંગનું પાલન કરાશે

દહેરાદૂન

કોરોના વાઈરસના કારણે લાગુ લોકડાઉનમાં તમામ મંદિર અને અન્ય ધાર્મિક સ્થળ બંધ રહ્યા. હવે જ્યારે સરકારે ૮ જૂનથી શરતો સાથે મંદિર અને અન્ય ધાર્મિક સ્થળોને શરતો સાથે ખોલવાની પરવાનગી આપી છે. ઉત્તરાખંડમાં પણ ચારધામ યાત્રાની તૈયારીઓ વધી રહી છે. બદ્રીનાથ મંદિરમાં પણ શરતોનું પાલન કરાવવા માટે વહીવટીતંત્ર તૈયારીઓ કરી રહ્યુ છે.

બદ્રીનાથ ધામમાં યાત્રાને લઈને મંદિર અને આસપાસના સ્થળોને સતત સેનિટાઈઝ કરવામાં આવી રહ્યુ છે. સાથે જ સોશ્યલ ડિસ્ટન્સિંગના નિયમોનુ પાલન કરાવવા માટે શ્રદ્ધાળુઓની જ્યાં લાંબી લાઈન લાગે છે ત્યાં પેઈન્ટ કરીને એક-એક મીટરના અંતરે રાઉન્ડ કરાઈ રહ્યા છે. માત્ર મંદિર પરિસર જ નહીં, પરંતુ મંદિર સુધી જનારા પગપાળા માર્ગ પર પણ શ્રદ્ધાળુઓ વચ્ચે એક-એક મીટરના અંતર નક્કી કરીને રાઉન્ડ બનાવાઈ રહ્યા છે.

બદ્રીનાથ મંદિરમાં શ્રદ્ધાળુ ક્યારથી દર્શન કરી શકશે, મંદિર વહીવટીતંત્ર તરફથી આ સંબંધિત કોઈ જાણકારી મળી શકી નથી. જોકે. તૈયારીઓને જોતા આશા લગાવાઈ રહી છે કે બાબા બદ્રીનાથના દ્વાર જલ્દી જ સામાન્ય શ્રદ્ધાળુઓ માટે ખોલવામાં આવશે.

સિલ્વર લેકની હિસ્સેદારી વધીને ૨.૮ ટકા થશે

સિલ્વર લેક રિલાયન્સ જિયોમાં વધુ ૪૫૪૬ કરોડનું રોકાણ કરશે

મુંબઇ

અબુધાબીની ઈન્વેસ્ટમેન્ટ કંપની મુબાદલાએ હજુ શુક્રવારે રિલાયન્સના ડીજીટલ આર્મ્સ જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડમાં રૂ. ૯૦૯૩.૬ કરોડના રોકાણની જાહેરાત કરી હતી તેના એક દિવસ બાદ જ ટેક્નોલોજી અને ટેક્નોલોજી કંપનીઓમાં રોકાણ કરતી અમેરિકાની પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ સિલ્વર લેક પાર્ટનર્સે જિયો પ્લેટફોર્મ્સમાં વધુ રૂ. ૪૫૪૬.૮૦ કરોડનું રોકાણ કરવાની જાહેરાત કરી હતી. બે મહિનામાં સિલ્વર લેકનું આ બીજું રોકાણ હશે. અગાઉ ૪ મે, ૨૦૨૦ના રોજ સિલ્વર લેક દ્વારા રૂ. ૫૬૫૫.૭૫ કરોડના રોકાણની જાહેરાત કરવામાં આવી હતી. આમ સિલ્વર લેક અને તેના સાથી રોકાણકારો દ્વારા જિયો પ્લેટફોર્મ્સમાં કુલ રૂ.૧૦,૨૦૨.૫૫ કરોડનું રોકાણ થશે.

સિલ્વર લેકના મૂડીરોકાણથી જિયો પ્લેટફોર્મ્સની ઈક્વિટી વેલ્યૂ રૂ.૪.૯૧ લાખ કરોડ અને એન્ટરપ્રાઈઝ વેલ્યૂ રૂ.૫.૧૬ લાખ કરોડ થઈ જશે, અને તેનો જિયો પ્લેટફોર્મ્સમાં સંપૂર્ણ ડાયલ્યૂટેડ બેઝિઝ પર ઈક્વિટી હિસ્સો ૨.૦૮% થશે. આ મૂડીરોકાણ સાથે જિયો પ્લેટફોર્મ્સે માત્ર છ અઠવાડિયામાં જ વિશ્વના ટોચના રોકાણકારો પાસેથી કુલ રૂ. ૯૨,૨૦૨.૧૫ કરોડનું રોકાણ મેળવ્યું છે.

જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લામાં વાદળ ફાટ્યું, અનેક ઘર અને વાહનોને નુકશાન

પૂંછ

જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લામાં શુક્રવારે રાત્રે વાદળ ફાટ્યું હતું. ભારે વરસાદ અને પૂરના કારણે કેટલાક મકાનો અને લોકોના વાહનો પૂરમાં તણાઈ ગયા હતા. અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર વાદળ ફાટવાથી ડિંગલા વિસ્તારના ઉપરી વિસ્તારમાં માઠી અસર થઈ હતી. જ્યારબાદ આવેલા પૂરના કારણે અનેક મકાનોને ભારે નુકશાન પહોંચ્યું છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર ઉપરી ડિંગલાના મુખ્ય રસ્તા પરથી બે મોટરસાયકલ અને એક કાર વહી ગઈ છે. જોકે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થવાની કોઈ ખબર નથી મળી. લોકોને સુરક્ષિત સ્થળો પર પહોંચાડવા માટે રાહતકર્મીઓ ખડેપગે છે.

ચર્ચાનો મુદ્દો બનતા કરાયું અનબ્લોક

ચીન વિરુદ્ધ અભિયાનના કારણે દેશની સૌથી મોટી કંપની અમૂલનું ટ્વિટર એકાઉન્ટ બ્લોક

ગાંધીનગર

શુક્રવારે અમૂલના ટ્વિટર એકાઉન્ટને માઈક્રો-બ્લોગિંગ વેબસાઈટ ટ્વિટરે બ્લોક કરી દીધું છે. જો કે, થોડા સમય પછી ટ્વિટરે પાછું એકાઉન્ટને અનબ્લોક કરી દીધું છે. અમૂલ સતત પોતાની જાહેરાતમાં ચીન વિરુદ્ધ કેમ્પેઈન ચલાવી રહ્યું હતું. દેશમાં ડેરી પ્રોડક્ટની સૌથી મોટી કંપની અમૂલનું ટ્વિટર એકાઉન્ટ એક મેસેજની સાથે જોવા મળી રહ્યું હતું.

દેશની સૌથી મોટી ફૂડ બ્રેડ અમૂલની માર્કેટિંગ ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા કરવામાં આવે છે. કોઈ પણ જાતની માહિતી વગર અમૂલના ટ્વિટર એકાઉન્ટ પર કૉશન એલર્ટ જોવા મળતા GCMMFને પણ ઘણું આશ્ચર્ય થયું હતું. અમૂલનું ટ્વિટર એકાઉન્ટ બ્લોક થતાં જ ટ્વિટર યૂઝર્સની વચ્ચે એક મોટો મુદ્દો બની ગયો હતો. યૂઝર્સે એકાઉન્ટ બ્લોક ને અમૂલના લેટેસ્ટ ક્રિયેટિવ કેમ્પેઈન 'Exit the Dragon?' સાથે જોડ્યું હતું. આ કેમ્પેઈન અમૂલે ચીની પ્રોડ્ક્ટ્સનો બહિષ્કારના સપોર્ટ કરવા માટે ચલાવ્યું હતું. તમને જણાવી દઈએ કે, લેટેસ્ટ અમૂલ ટોપિકલમાં રેડ અને વાઈટ ડ્રેસ પહેરેલી આઈકોનિક અમૂલ ગર્લને પોતાના દેશને એક ડ્રેગન સાથે લડીને બચાવતી જોવા મળી હતી. તેના પાછળ ચીની વિડીયો-શેયરિંગ મોબાઈલ એપ્લિકેશન TikTokનો લોગો પણ જોવા મળી શકે છે. તેના સિવાય એડમાં મોટા મોટા અક્ષરોમાં લખેલું છે કે અમૂલ 'Made In India' બ્રેડ છે અને તેમનું કોફ્સ પીએમ નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર અભિયાન' પર છે.

ટ્વિટર પર અમૂલનું એકાઉન્ટ ખોલતા જ મેસેજ જોવા મળ્યો '(સાવધાન; આ એકાઉન્ટ અસ્થાઈ રૂપે બ્લોક છે) તમે આ મેસેજ એટલા માટે જોઈ રહ્યા છો કારણ કે આ એકાઉન્ટમાંથી ગેરકાયદેસર એક્ટિવિટી કરવામાં આવી છે. શું તમે હજુ પણ આ એકાઉન્ટ જોવા માંગો છો.

અત્યાર સુધી ટ્વિટર તરફથી કોઈ પ્રતિક્રિયા મળી નથી કે આખરે અમૂલના ટ્વિટર એકાઉન્ટ કેમ બ્લોક કરવામાં આવ્યું છે. GCMMFના મેનેજિંગ ડાયરેક્ટર આર એસ સોઢીએ જણાવ્યું હતું કે, અમે ટ્વિટરને પુછ્યું છે કે આખરે આ રીતે બ્લોક કરવા પહેલા અમને જાણકારી કેમ આપવામાં આવી નથી. ટ્વિટરે અમને પહેલા માહિતી આપવી જોઈતી હતી. અત્યારે ટ્વિટર દ્વારા આ આખી ઘટનાની કાર્યવાહી પર પ્રતિક્રિયાની રાહ જોવાઈ રહી છે.

સૂસવાટાભેર પવનો સાથે વડોદરામાં વરસાદની એન્ટ્રી, ઉકળાટથી મળી રાહત

વડોદરા

આખા દિવસના તાપ, બફારા અને ઉકળાટથી કંટાળેલા શહેરીજનો માટે સાંજના લગભગ પાંચ વાગ્યે અચાનક વાતાવરણમાં આવેલો પલટો રાહત આપનાર પૂરવાર થયો હતો. સૂસવાટાભેર ફૂંકાયેલા પવનો સાથે ધુળની ડમરીઓથી જાણે શહેર ઢંકાવા માંડયુ હતુ અને એ પછી વરસાદનું આગમન થયુ હતુ. શહેરના મોટાભાગના વિસ્તારોમાં ૧૫થી ૨૦ મિનિટ સુધી પડેલા વરસાદી ઝાપટાઓએ શહેરના રસ્તાઓને ભીંજવી દીધા હતા. સાંજના સમયે નોકરી-ધંધા પરથી ઘરે પરત ફરતા શહેરીજનો અચાનક પડેલા વરસાદી ઝાપટાના પગલે ભીંજાવાનો વારો આવ્યા હતો. વરસાદના પગલે ઠંડક પણ પ્રસરી જતા શહેરીજનોએ હિલ સ્ટેશન જેવા વાતાવરણનો અનુભવ કર્યો હતો. સાંજ બાદ રાતના સમયે પણ શહેરના સંખ્યાબંધ વિસ્તારોમાં ફરી એક વખત વરસાદી ઝાપટા પડયા હતા. શહેરમાં આજે મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૬ ડિગ્રી નોંધાયુ હતુ. હવામાં ભેજનુ પ્રમાણ સવારે ૬૯ ટકા અને સાંજે ૪૯ ટકા રહ્યુ હતુ.

કોરોના સંક્રમિત મહેમાનો સાથે જન્મદિવસની ઉજવણી કરતા ભાજપના ગીતા રબારી વિવાદમાં

ગાંધીનગર

સમગ્ર રાજ્યની સાથે સાથે સુરતમાં પણ કોરોના વાયરસનો કહેર વર્તાઈ રહ્યો છે, ત્યારે આવા સમયે લોકડાઉનમાં ભલે આંશિક અથવા તો સમગ્રતયા છૂટ આપવામાં આવી હોય પણ અમુક પ્રકારના નિયમો અને સાવચેતીનું પાલન કરવું અતિ આવશ્યક છે, તો જ આ વાયરસથી બચી શકાશે. જો કે, અમુક લોકો હજી પણ આ વાયરસની ગંભીરતા સમજતા નથી, સુરતના ભાજપના મહિલા કોર્પોરેટર ગીતા રબારી પણ વિવાદમાં આવ્યા છે.

કોરોનાની હાલ મહામારી ચાલી રહી છે. ત્યારે આવા સમયે તેમણે જન્મ દિવસની પાર્ટી રાખી ઉજવણી કરી હતી. સૌથી અગત્યની વાત તો એ છે કે, તેમણે આ પાર્ટીમાં જમણવાર પણ રાખ્યો હતો, ગંભીર વાત તો એ છે કે, આ પાર્ટીમાં ૪ એવા પણ મહેમાનો હતા, જેમણે કોરોના પોઝિટીવ છે. ત્યારે આ પાર્ટીમાં આવેલા અન્ય લોકોનું શું તેવો પણ વિચાર કરવો અતિ જરૂરી બને છે.

૨૦ લાખ કોરોના વેક્સીન બનાવવાનો અમેરિકી રાષ્ટ્રપ્રમુખનો દાવો

વોશિંગ્ટન

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે તેમના દેશમાં કોરોના મહામારીની વેક્સીન શોધી લીધી છે. અમેરિકાએ ૨૦ લાખ વેક્સીન બનાવી લીધી છે અને તે સુરક્ષિત હોવાની વાત સ્પષ્ટ થતાં જ તેનો ઉપયોગ પણ શરૂ કરી દેવાશે. ટ્રમ્પે પત્રકારો સાથે વાત કરતાં કહ્યું કે અમે વેક્સીનને લઈ એક બેઠક કરી છે. બેઠકમાં ખબર પડી કે અમે લોકોએ તેના પર ઘણું સારું કામ કર્યું છે. અમે લોકોએ વીસ લાખ વેક્સીન તૈયાર કરીને રાખી છે. બસ હવે તેને લોકો સુધી પહોંચાડવાનું કામ બાકી છે.

આ સિવાય તેમણે કોરોનાને લઈ ચીન પર પણ પ્રહારો કર્યા. ટ્રમ્પે કહ્યું કે આપણે દુનિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા છીએ એટલે કોરોના સામે ઝઝૂમવામાં સફળ રહ્યા. બીજીબાજુ ચીન સરકારે કહ્યું કે તેમને આશા છે કે તેઓ આ વર્ષના અંત સુધીમાં પોતાની વેક્સીન બનાવીને બજારમાં ઉપલબ્ધ કરાવી દેશે. ઉલ્લેખનીય છે કે વિશ્વભરમાં કોરોના વાયરસથી બચવા માટે ૧૦૦થી વધુ વેક્સીન પર રિસર્ચ અને ટ્રાયલ ચાલી રહ્યા છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીની તરફથી બનાવામાં આવેલી વેક્સીન માટે ક્લિનિકલ ટ્રાયલના પરિણામ ઘણા સારા આવ્યા છે. કંપની સ્ર્ઙ્ઘીહિઙ્ક Incનું કહેવું છે કે તેમની વેક્સીનનું ક્લિનિકલ ટ્રાયલ બીજા તબક્કામાં પહોંચી ગયું છે.

પત્ની કમાતી હોય તો પતિ પાસેથી ભરણપોષણ ન માગી શકેઃ કોર્ટનો ચુકાદો

ન્યુ દિલ્હી

પત્નીની ભરણ-પોષણ મેળવવાની અરજી પર કોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. અદાલતે કહ્યું કે જો પત્ની કમાઈ રહી છે તો તે પતિ પાસેથી ભરણ-પોષણ ભથ્થું માગવા માટે હક્કદાર નથી. રોહિણી સ્થિત વધારાના સત્ર ન્યાયાધીશ એ.પાંડેની અદાલતે પોતાના ચુકાદાની વિસ્તૃત વ્યાખ્યા કરતાં કહ્યું કે જો પત્ની-મહિલા ઉચ્ચ શિક્ષિત છે અને શારીરિક રીતે સ્વસ્થ છે તો તેણે કમાઈને ખાવું જોઈએ. જાણી જોઈને પોતાની યોગ્યતા છુપાવવી કાનૂની અને નૈતિક બન્ને રીતે ખોટી છે તેવી ટીપ્પણી કરી અદાલતે મહિલાની અરજી નામંજૂર કરી હતી. અદાલતે આ મહિલાને સલાહ આપી કે તે માત્ર કેસમાં મુશ્કેલી નાખવા માટે નોકરી ન છોડી દે.

અદાલતે કહ્યું કે તેના પૂર્વ રેકોર્ડ બતાવે છે કે પાછલા એક દશકાથી વધુ સમયથી તે નોકરી કરી રહી હતી પરંતુ પતિ સાથે વિવાદ થવા પર તેણે નોકરી છોડી દીધી અને હવે તે પતિ પાસેથી ૫૦ હજાર રૂપિયા મહિનાના ભરણ-પોષણની માગ કરી રહી છે.આ મામલે પતિ-પત્ની વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. બન્ને ત્રણ વર્ષથી અલગ રહે છે. તેના પાંચ વર્ષ પહેલાં લગ્ન થયા હતા. લગ્ન સમયે પણ પત્ની નોકરી કરતી હતી. બન્નેને કોઈ સંતાન નથી. અદાલતે મહિલાની અરજીને ફગાવતાં કહ્યું કે હવે તેણે બીજા કેસ ઉપર ધ્યાન આપવાની જરૂર છે.

ડીએવીપીમાં બીઓસીના ડિરેક્ટર જનરલ વાકાંકર નવા પ્રવક્તા બનશે

ગૃહ મંત્રાલયના મીડિયા વિંગના દરેક સીનિયર અધિકારીને ખસેડાયા

બંગાળમાં એનડીઆરએફ ટીમની આલ્કોહોલની બોટલો સાથેની વ્યક્તિગત તસ્વીરો જાહેર કરી હતી

ન્યુ દિલ્હી

પશ્ચિમ બંગાળમાં વાવાઝોડા એમ્ફાન દરમિયાન એનડીઆરએફના બચાવ પ્રયાસો સાથે આલ્કોહોલિક પીણાની તસ્વીરો ગૃહ મંત્રાલયના સત્તાવાર ફેસબુક પેજ પર જાહેર થયાના એક અઠવાડિયા બાદ સમગ્ર મીડિયા યૂનિટને દૂર કરાયા છે. આમ હવે ગૃહ મંત્રાલયમમાં સમગ્ર મીડિયા પાંખમાં ઘરખમ ફેરફારો કરાયા છે. મોટાભાગના અધિકારીઓને ખસેડી દેવાયા છે.

હવે ગૃહ મંત્રાલયના પ્રવક્તા ડીજી વસુધા ગુપ્તા પીઆઈબી (પ્રેસ ઈન્ફર્મેશન બ્યૂરો)ની ફેક્ટ ચેક યુનિટની જવાબદારી સંભાળશે, જ્યારે ડીએવીપીમાં બીઓસીના ડિરેક્ટર જનરલ વાકાંકર નવા પ્રવક્તા બનશે. વાકાંકર અગાઉ સીબીઆઈ અને સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા તરીકેની કામગીરી બજાવી ચૂક્યા છે.

ગૃહ મંત્રાલયના ડેપ્યુડી ડિરેક્ટર વિરાટ મજબૂરને ઓલ ઈન્ડિયા રેડિયોમાં ખસેડી દેવાયા છે જ્યારે શેલત હરિત કેતનને ડીપીડીમાં શિફ્ટ કરી દેવાયા છે. પીઆઈબીના ડેપ્યુટી ડિરેક્ટર પ્રવીણ કવિએ ગૃહ મંત્રાલયમાં પુનરાગમન કર્યું છે. નોર્થ બ્લોક ખાતેની નવી મીડિયા ટીમમાં એડીજી રાજકુમારમની નિમણૂક કરાઈ છે. ગૃહ મંત્રાલયમાં વારંવાર થતાં આવા છીંડાથી ગૃહ મંત્રી અમિત શાહ નાખુશ છે તેવા નિર્દેશો વચ્ચે મીડિયા યુનિટની પુનર્રચના કરાઈ છે.

એસએમએસથી જીએસટી રિટર્ન ભરવાની સુવિધા મળશે

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકાર હવે ટૂંક સમયમાં જ વેપારી આલમ માટે ખૂબ જ ઉપયોગી સેવા જાહેર કરશે અને હવે એસ એમ એસ વડે જીએસટી રિટર્ન ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવશે. સરકારના અંતરંગ વર્તુળો એવી માહિતી આપી છે કે એકાદ સપ્તાહમાં જ સરકાર આ સુવિધાની જાહેરાત કરે તેવી સંભાવના છે. આ સુવિધા વેપારી આલમને પાંચ ડિજિટ વાળા એક વિશેષ મોબાઈલ નંબર મારફત મળશે. સરકાર ટૂંક સમયમાં જ આ નંબર જારી કરશે.આ સુવિધા વાપરવા માટે વેપારીઓએ પોતાના મોબાઈલ ના મેસેજ બોક્સ માં જઈને એન આઈ એલ ટાઈપ કરવાનું રહેશે. ત્યારબાદ સ્પેસ આપીને પોતાનું જીએસટી નંબર નાખવો પડશે અને ત્યારબાદ વધુ એક સ્પેસ આપીને ૩ લખવાનું રહેશે.

આ એસએમએસ નવા જારી થયેલા પાંચ ડિજિટ વાળા વિશેષ નંબર પર મોકલવાનો રહેશે.આ સંદેશો મોકલતા વેપારીને જીએસટી રજીસ્ટ્રેશન દરમિયાન રજીસ્ટર કરવામાં આવેલા મોબાઈલ નંબર પર ઓટીપી મળશે. ત્યારબાદ તેની પુષ્ટિ કરવા સાથે વેપારીનું રિટર્ન દાખલ થઈ જશે. વાસ્તવમાં અત્યારે નીલ રીટર્ન વાળા વેપારીઓએ પણ જીએસટીઆર ૩ જીએસટી પોર્ટલ મારફતે દાખલ કરવા પડે છે અને રિટર્ન નહીં પડવાને લીધે આવા વેપારીઓ પર વિલંબ કરવા બદલ ફી લગાડી દેવામાં આવે છે.

કેરળ બાદ હિમાચલ પ્રદેશમાં હેવાનિયતઃ ગર્ભવતી ગાયને જીવતો બોમ્બ ખવડાવ્યો

બિલાસપુર

કેરળના મલપ્પુરમમાં એક ગર્ભવતી હાથણીના વિસ્ફોટ ખાવાથી મોત થયા બાદ હિમાચલ પ્રદેશથી પણ આવા જ રૂંવાડા અદ્ધર કરનારો કિસ્સો સામે આવ્યો છે. હિમાચલ પ્રદેશના જિલ્લા બિલાસપુરના ઝુંડુતા વિસ્તારમાં ગર્ભવતી ગાયને કોઈએ જીવતો બોમ્બ બનાવીને ખવડાવી દીધો, તેના લીધે ગાય બહુ ગંભીર રીતે ઘાયલ થઈ ગઈ છે. ગાયના માલિકે ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર મૂકયો છે જે ખૂબ વાયરલ થઈ રહ્યો છે. પોલીસે આ કેસના સંબંધમાં કેસ નોંધ્યો છે. આખા કેસની ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે. લોકોમાં આ ઘટના બાદથી ખૂબ જ આક્રોશ છે. આની પહેલાં મલ્લપ્પુરમમાં એક ગર્ભવતી હાથણીને શરારતી તત્વોએ અનાનસમાં ફટાકડા ભરીને ખવડાવી દીધા હતા, ત્યારબાદ તેનું મોં અને જડબું ગંભીર રીતે ઘાયલ થયુ હતું. ઘાયલ હાથણી વેલિયાર નદી પહોંચી અનેત્રણ દિવસ સુધી પાણીમાં મોં રાખી ઉભી રહી. ત્યારબાદ તેનું અને તેના ગર્ભમાં ઉછરી રહેલા મદનિયાનું મોત થઈ ગયું. આ ઘટના બાદ લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી. કેરળ સરકાર આ કેસની તપાસ કરાવી રહ્યું છે.

કોરોના અનલોક પહેલા પાનાથી ચાલુ

જોવા મળ્યો છે.

એકતરફ કેસો વધી રહ્યાં છે તો બીજી તરફ રિકવરી રેટમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સાજા થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૪૮.૨૦ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૬૧૧ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧,૧૪૦,૭૩ સુધી પહોંચી ગયો છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૯૪ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૬૬૪૨ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શનીવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૧૧૫૯૪૦ કેસ સક્રિય છે. કેન્દ્ર સરકારના સ્વાસ્થ્ય મંત્રાલયે પણ શનિવારે કોરોનાના આંકડા જાહેર કર્યા હતા. જેના જણાવ્યા પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૯૮૮૭ કેસ સામે આવ્યા હતા.સાથે જ ૨૯૪ લોકોના મોત થયા છે. આ દરમિયાન દેશમાં સંક્રમિતોની સંખ્યા ૨ લાખ ૩૬ હજાર ૬૫૭ થઈ ગઈ છે. જેમાં ૧ લાખ ૧૫ હજાર ૯૪૨ એક્ટિવ કેસ છે. એક લાખ ૧૪ હજાર ૦૭૩ સાજા થઈ ચુક્યા છે. સાથે જ ૬૬૪૨ લોકોના મોત થયા છે.

દેશમાં જે કેસો વધી રહ્યાં છે તેમાં સૌથી વધારે કેસો મહારાષ્ટ્રના છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૮૦૨૨૯ કેસ નોંધાયા છે જ્યારે ૨૮૪૯ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ બીજા નંબરે તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૨૮૬૯૪ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૨૩૨ લોકોના મોત થયા છે. તો રાજધાની દિલ્હીમાં ૨૬૩૩૪ કેસ નોંધાયા છે અને ૭૦૮ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૧૯,૧૧૯ લોકો કોરોના સંક્રમણમાં આવ્યા છે અને અત્યારસુધીમાં ૧,૧૯૦ લોકોના મોત થયા છે. તામીલનાડુમાં ૨૮૬૯૪ કેસ અને ૨૩૨ના મોત થયા છે. દિલ્હીમાં ૨૬૩૩૪ કેસ અને ૭૦૮ લોકોના મોત થયા છે.

લોકડાઉન હળવું પહેલા પાનાથી ચાલુ

સંક્રમણની ગતિ ધીમી પડી : રાયને કહ્યું કે જ્યારે રોગચાળો વકરે છે અને સમુદાયોમાં પ્રવેશ કરે છે, ત્યારે તે ઘણા સ્થળોએ જોવા મળે છે તે મુજબ તેનો ફેલાવો કોઈપણ સમયે બતાવી શકે છે.

તેમણે કહ્યું હતું કે ભારતમાં રાષ્ટ્રવ્યાપી લોકડાઉન જેવા પગલાએ ચેપ ફેલાવાની ગતિ ઓછી રાખી છે, પરંતુ દેશમાં ફરી પ્રવૃત્તિઓ શરૂ થવાની સાથે આ કેસોમાં વધારો થવાનો ભય છે. પ્રવૃત્તિ શરૂ થતાં ચેપનું જોખમ વધે છે : રાયને કહ્યું હતું કે ભારતમાં લેવામાં આવેલા પગલાઓની ચેપના ફેલાવાના દરને ઘટાડવા તરફ ચોક્કસ અસર પડી હતી, અને ભારતના અન્ય મોટા દેશોની જેમ, પ્રવૃત્તિઓ શરૂ થઈ, લોકોની હિલચાલ શરૂ થઈ અને રોગચાળો એ વિકરાળ રૂપ બતાવ્યું. વાયરસના સંક્રમણનું હંમેશા જોખમ રહેલું છે. તેમણે કહ્યું કે ભારતમાં મોટા પાયે સ્થળાંતર, ગીચ વસ્તીવાળા શહેરો અને કામદારો પાસે રોજ કામ કરવા જવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી જેવા ચોક્કસ મુદ્દાઓ પણ છે.

ભારત વિશ્વનો છઠ્ઠો સૌથી પ્રભાવિત દેશ : કોવિડ -૧૯ રોગચાળાના કિસ્સામાં ઈટાલીને પાછળ છોડી ભારત વિશ્વનો છઠ્ઠો સૌથી વધુ અસરગ્રસ્ત દેશ બન્યો છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, શનિવારે દેશમાં ચેપના એક જ દિવસમાં મહત્તમ કેસ ૯,૮૮૭ હતા, જ્યારે ૨૯૪ લોકોનાં મોત થયાં. આ પછી, દેશમાં ચેપનો કુલ આંકડો અત્યાર સુધી ૨,૩૬,૬૫૭ પર પહોંચી ગયો છે અને મૃત્યુઆંક ૬,૬૪૨ પર પહોંચી ગયો છે. ભારતમાં સંક્રમણની સ્થિતિ વધુ ખરાબ નથી : ડબ્લ્યુએચઓના મુખ્ય વૈજ્ઞાનિક સૌમ્યા સ્વામિનાથે કહ્યું કે ૧૩૦ કરોડથી વધુ વસ્તીવાળા દેશમાં કોરોના વાયરસના બે લાખથી વધુ કેસ છે, પરંતુ આટલા મોટા દેશ માટે હજી પણ આ સંખ્યા ખૂબ વધારે નથી. તેમણે કહ્યું હતું કે ભારત ખૂબ ગીચ વસ્તીવાળા શહેરો ધરાવતો એક મોટો દેશ છે, જ્યારે કેટલાક ગ્રામીણ વિસ્તારોમાં ઓછી સંખ્યામાં નિવાસસ્થાન છે અને આ ઉપરાંત વિવિધ રાજ્યોમાં આરોગ્ય પ્રણાલીમાં વિવિધતા છે અને કોવિડ-૧૯ ને નિયંત્રિત કરવામાં આ તમામ પડકારો છે.

લોકો તમામ પ્રકારની સાવચેતી રાખે : સ્વામિનાથે કહ્યું કે લોકડાઉન અને નિયંત્રણો હટાવવા સાથે, લોકોએ બધી સાવચેતી રાખવી જોઈએ તેની ખાતરી કરવી જોઈએ. તેમણે કહ્યું કે અમે વારંવાર કહી રહ્યા છીએ કે જો તમારે મોટા પાયે વર્તન બદલવું હોય તો લોકોને માસ્ક પહેરવા જેવી કેટલીક બાબતોને અપનાવવા માટે સતત પૂછવામાં આવે છે તેનું મહત્વ સમજવું પડશે.

દેશના કેટલાક પહેલા પાનાથી ચાલુ

કોરોના વાયરસની બીમારીની સંક્રમણ વધી જશે. મંદિરના ટ્રસ્ટના અધિકારીએ કહ્યું કે, આ મંદિર ખુલવાની સાથે ઉમટનાર ભીડને નિયંત્રિત અને ભગવાનના દર્શનની વ્યવસ્થામાં તંત્રએ મદદ કરવી પડશે. આ સિવાય સ્થાનિક વહીવટી તંત્રે પણ અહીયા સાવધાનીના ઉપાય નક્કી કરવા પડશે. જો મંદિર ખોલવાની મંજુરી આપશે તો મંદિરની બહાર ભક્તો અંતર રાખે તે રીતે હરોળ બનાવાશે. દરવાજા પર થર્મલ સ્કીનિંગ હશે. દર્શન પહેલા દરેક ભક્તના હાથ સેનિટાઈઝ કરાવાશે. ભક્તોની વચ્ચે ચોક્કસ અંતર રાખવા માટે માપદંડ નક્કી થશે. મંદિરમાં પ્રસાદ ચઢાવવો કે વહેંચવો તેના પર પ્રતિબંધ હશે. વરુણ શર્માએ કહ્યું કે, રોકડ ભેટ કે ચઢાવાની જગ્યાએ ભક્તોની ભાવના અનુરુપ હનુમાનજીને ભેટ અર્પિત કરવાની વૈકલ્પિક અને સુરક્ષિત વ્યવસ્થા કરવામાં આવશે.

દર વર્ષે મે પહેલા પાનાથી ચાલુ

'ગામ તરફ ચલો'ની વાત કરતા હતા પરંતુ ત્યારે તેમની વાતને ગંભીરતાથી નહોતી લેવાઈ. પરંતુ અહમદનગરના ગામલોકોએ ગાંધીજીના આ સૂત્રને પોતાના મનમાં બેસાડી દીધું છે. કોરોના વાયરસના કારણે લોકો શહેરોથી પોતાના ગામમાં પાછા આવ્યા છે અને ખેતીના કામમાં જોડાયા છે. શહેરની ભપકાદાર લાઈફસ્ટાઈમાંથી ગામમાં આવતા લોકોની જિંદગીમાંથી આરામ ગાયબ થઈ ગયો હતો. આ જ આરામ અને સુખને પાછા લાવવા લોકડાઉનનો પ્લાન બનાવાયો છે. આ ૮ દિવસોમાં વિકાસ અને તેના પર અલમ કરનારી યોજનાઓ પર કામ કરાશે. લોકોના શ્રમદાન દ્વારા ગામનાા વિકાસ કાર્યો કરાશે.

તેલંગણા પહેલા પાનાથી ચાલુ

સમતળ કરવા માટે ખોદવાનું શરૂ કર્યું, જ્યારે જમીન ખેડતો હતો, ત્યારે તેનું હળ અચાનક ખેતરમાં આવેલા ખજાનાના વાસણમાં ફસાઈ ગયું હતું.

આ ખજાનો બહાર કાઢવા પર, તે જમીન પર દબાયેલ ખજાનો હોવાનું જાણવા મળ્યું છે. સોના-ચાંદીના ઝવેરાત અને ઘણી કિંમતી ચીજવસ્તુઓ મળી હોવાના સમાચાર જલ્દીથી આખા ગામમાં ફેલાઈગયા હતા. અને મોહમ્મદ સિદ્દીકીના ઘરના લોકો જમીનમાંથી ખજાનાને જોઈને ખુશ થઈ ગયા. આ વાસણમાં સાંકળો, વીંટીઓ અને પરંપરાગત વાસણો સહિત ૨૫ જેટલા ઘરેણાં હતાં. મીડિયા સાથે વાત કરતાં વિભાગીય મહેસૂલ અધિકારી વિદ્યાસાગર રેડ્ડીએ કહ્યું હતું કે, ગામનું કોઈ ઐતિહાસિક મહત્વ નથી, તેથી અહીં ખજાનો મળવો આશ્ચર્યજનક બાબત છે. અમે તારણો વિશે જાણવા પુરાતત્ત્વ વિભાગને જાણ કરી છે. આખા ક્ષેત્રમાં ખોદકામ કર્યા બાદ પોલીસે વહીવટીતંત્રને ક્ષેત્રની કિંમતી ચીજોની જાણકારી આપી હતી, ત્યારબાદ પોલીસ અને મહેસૂલ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તેમને જાણવા મળ્યું કે આ સમયગાળા દરમિયાન ૨૫ સોનાના સિક્કા, ગળાના આભૂષણ, વીંટીઓ, પરંપરાગત વાસણો મળી આવ્યા છે અને સોનીને પૂછવામાં આવ્યું કે શું તે ખરેખર સોના અને ચાંદીના બનેલા છે.

તમામ પ્રાચીન વસ્તુઓ પુરાતત્ત્વ વિભાગમાં મોકલવામાં આવી હતી. પોલીસે હવે આખા ક્ષેત્રને તેમની નજર હેઠળ લઈ ખોદકામ શરૂ કર્યું છે. લોકડાઉન વચ્ચે તાજેતરમાં જ ઉત્તર પ્રદેશના ઉરૈયા જિલ્લામાંથી પણ આવા જ સમાચાર મળ્યા છે. કેટલાક બાળકો અહી ક્રિકેટ રમી રહ્યા હતા, અચાનક જ એક બાળકનો પગ જમીનમાં દફનાવવામાં આવેલા માટીના વાસણ પર અટકી ગયો. બાળકોએ ક્રિકેટ છોડી દીધું અને તે જગ્યાએ માટી ખોદવાનું શરૂ કર્યું. જમીનની અંદરથી એક ફૂલદાની નીકળી. જ્યારે બાળકોએ તેની અંદર જોયું તો તેઓ ચોંકી ગયા. ચાંદીના ઘણાં સિક્કા આ ભઠ્ઠાની અંદર મળી આવ્યા. બાળકોએ આ સિક્કાઓ એકબીજામાં વહેંચી લીધા અને ઘરે ગયા.

ભારતમાં ટેસ્ટિંગ પહેલા પાનાથી ચાલુ

અને તે અમેરિકાના ઈતિહાસમાં માસિક ધોરણે નોકરિયોમાં સૌથી વધારે વધારો છે. મને લાગે છે કે અગાઉ જે સૌથી વધારે સંખ્યા હતી તેની તુલનામાં આ લગભગ બમણી કે તેનાથી વધારે છે. માટે તે અમેરિકાના ઈતિહાસમાં સૌથી વધારે વૃદ્ધિ છે.

પાકિસ્તાનની પહેલા પાનાથી ચાલુ

વિરુદ્ધ ૨૦૧૭માં ભ્રષ્ટાચારના સંખ્યાબંધ કેસો થયા છે જેમાં અવેનફિલ્ડ પ્રોપર્ટીઝ, ફ્લેગશિપ ઈન્વેસ્ટમેન્ટ અને અલ-અઝિઝીયા સ્ટીલ મિલ્સના ત્રણ કેસોનો સમાવેશ થાય છે.

અમદાવાદમાં વરસાદ થતા જ ખુલી તંત્રની પોલ, રસ્તાઓ પર થયું ખાડાઓનું રાજ

અમદાવાદ

શહેરમાં ગઈકાલ એટલે કે ૫ જૂન ૨૦૨૦ ની સાંજે ભારે પવન સાથે વરસાદ આવ્યા. અમદાવાદ શહેર અને આજુબાજુના વિસ્તારમાં સરેરાશ અડધો ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જોકે આ સામાન્ય વરસાદમાં જ અમદાવાદ મહાનગરપાલિકા અને શહેરી વિકાસ સત્તા મંડળની પોલ ખૂલી ગઈ હોય તેવી સ્થિતિ છે. શહેરની બોપલ-ઘુમાની હદમાં ખાડા પડી જતા એક ટેમ્પો ટ્રાવેલર બસ તેમાં રીતસરની ખૂંચી ગઈ હતી. ભારે ઉકળાટ બાદ વરસાદ આવતા વાતાવરણ ઠંડક પ્રસરી હતી.અને લોકોને ભારે ઉકળાટ માંથી રાહત મળી.પરંતુ લોકો સવારે ઉઠીને ઓફિસે જવા નીકળ્યા. પરંતુ તંત્રને કારણે પરેશાન થયા. અમદાવાદના સાઉથ બોપલ વિસ્તારમાં સોબો સેન્ટર ચાર રસ્તા પર પ્રી મોનસૂન નું કામ ચાલતું હતું.

અને સાથે સાથે ગઈકાલે સાંજે વરસાદ આવ્યો હતો. જેના કારણે રોડ બેસી ગયો છે.અને પહેલા વરસાદમાં ભુવો પડ્યોછે. વાહન ચાલકો પરેશાન થઈ ગયા.બોપલ ઘુમા નગર પાલિકાની બેદરકારીના કારણે લોકો હેરાન થઈ રહ્યા છે. તંત્ર એ ચોમાસાની ઋતુ શરૂ થાય તે પહેલાં કામગીરી કરવી જોઈએ. પરંતુ હવામાન વિભાગ દ્વારા વરસાદની આગાહી કરવામાં આવી છે.ત્યારે તંત્ર દ્વારા પ્રી મોંનસુન કામગીરી કરવામાં આવે છે.એક બાજુ રોડનું કામ ચાલી રહ્યું છે.અને ચાર રસ્તા પર રોડ બેસી ગયો છે. અમદાવાદ ગઈકાલે સાંજે વરસાદ પડ્યો હતો.

સાંજે લોકો નોકરી પરથી ઘરે પરત ફરી રહ્યા હતા.એક ખાનગી કંપનીની બસ પણ પોતાના કર્મચારીને સાઉથ બોપલ મુકવા માટે આવતી હતી. પરંતુ બસ સોબો સેન્ટર ચાર રસ્તા પર પહોંચતાં જ રોડ બેસી જતા બસના વ્હીલ પણ રોડમાં બેસી ગયાઅને કર્મચારીઓ ને રોડ પર જ ઉતારી દેવામાં પડ્યા હતા. વાહન ચાલકોએ ન્યુઝ ૧૮ ગુજરાતી સાથે વાત કરતા જણાવ્યું હતું કે તંત્રની બેદરકારીના કારણે હેરાન થવું પડે છે.હજી તો ચોમાસુ બાકી છે.અને પહેલા જ વરસાદમાં આ હાલત રોડ રસ્તાની આ હાલત છે.

કોરોના વાઈરસને કારણે લોકડાઉનમાં પશ્ચિમ રેલવેને થયું ૧૧૭૭.૨૮ કરોડનું નુકસાન

અમદાવાદ

કોરોના વાઈરસને કારણે અપાયેલા લોકડાઉનમાં બે મહિના અર્થતંત્ર બંધ રહ્યું. જેમાં રેલવે વિભાગને મોટું આર્થિક નુકસાન થયું છે. પશ્ચિમ રેલવેને કુલ ૧૧૭૭.૨૮ કરોડનું નુકસાન થયું છે. કોરોના વાઈરસને કારણે પશ્ચિમ રેલવેને ૧૧૭૭.૨૮ કરોડનું નુકસાન થયુ. કોરોના વાઈરસને કારણે અપાયેલા લોકડાઉન દરમિયાન જાહેર પરિવહન પર પ્રતિબંધ મૂકવામાં આવતા, રેલવે પણ બે મહિના જેટલા સમયગાળા દરમિયાન બંધ રહી છે.

લોકડાઉનમાં પણ તેની ફક્ત પાર્સલ ટ્રેનો અને શ્રમિક સ્પેશિયલ ટ્રેનો ચાલી છે. જેમાં પાર્સલ ટ્રેનો દ્વારા જ રેલવે વિભાગને આવક થઈ છે. જ્યારે અત્યારે પણ ખૂબ જ મર્યાદિત સંખ્યામાં સમગ્ર દેશમાં જરૂરી પરિવહન માટે રેલવે ચાલુ કરવામાં આવી છે.કોરોના વાઈરસને કારણે પશ્ચિમ રેલવેને ૧૧૭૭.૨૮ કરોડનું નુકસાન થયુ.

કોરોના વાઈરસને કારણે પશ્ચિમ રેલવેને ૧૧૭૭.૨૮ કરોડનું નુકસાન થયુ. રેલવેની મોટાભાગની ટ્રેનો બંધ છે, ત્યારે ઉનાળાના સમયમાં જ્યારે ટ્રેનોમાં ભીડ જોવા મળતી હોય અને વેઈટિંગ ચાલતું હોય ત્યારે રેલવેને નુકશાન થઈ રહ્યું છે. ૪,જૂન સુધી કોરોના વાયરસના સંક્રમણ કાળ દરમિયાન પશ્ચિમ રેલવેને કુલ ૧૧૭૭.૨૮ કરોડનું નુકસાન થયું છે.

અમદાવાદમાં પ્રતિ ૧૦ લાખ વસ્તીએ કોરોનાથી મૃત્યુ પામનારની સંખ્યા સૌથી વધુ

કોરોનાની સ્થિતિ દિલ્હી-મુંબઈ કરતા પણ અમદાવાદમાં ખરાબ, વધુ મોત

ગાંધીનગર

દેશના મહાનગરોમાં કોરોના વાયરસના સંક્રમણની પરિસ્થિતિ જોઈએ તો મુંબઈ અને દિલ્હી ખરાબમાં ખરાબ રીતે પ્રભાવિત છે, પરંતુ ગુજરાતના અમદાવાદની સ્થિતિ આ બન્ને મહાનગરોથી પણ વધારે ખરાબ છે. એટલે સુધી કે, અમદાવાદમાં પ્રતિ ૧૦ લાખ વસ્તીએ કોરોનાથી મૃત્યુ પામનારની સંખ્યા સૌથી વધુ છે. તેના સિવાય અમદાવાદમાં કેસ ફેટલિટી રેટ પણ સૌથી વધુ છે. અમદાવાદમાં કોરોનાથી ૧૧૯૦ મોતની સાથે મહાનગરોમાં મુંબઈ પછી બીજા નંબર છે. જો કે તેની વસ્તી મુંબઈ અને દિલ્હી કરતા પણ ઓછી છે. ૫૦ લાખથી વધારે વસ્તીવાળા દેશના મહાનગરોમાં અમદાવાદમાં કેસ ફેટલિટી રેટ સૌથી વધુ છે, એટલે કે દરેક ૧૦૦ કોરોના દર્દીઓમાં સૌથી વધુ મોત અમદાવાદમાં થઈ રહ્યા છે. અહીં CFR ૬.૯ છે એટલે કે દરેક ૧૦૦ કોરોના દર્દીઓમાંથી લગભગ ૭ના મોત થઈ રહ્યા છે. તેના સિવાય પ્રતિ ૧૦ લાખ વસ્તીના મોતના મામલે પણ અમદાવાદ તમામ મહાનગરોમાં સૌથી ઉપર છે. અમદાવાદમાં પ્રતિ ૧૦ લાખ વસ્તીના રેસિયામાં કોરોનાથી મોતનો આંકડો ૧૧૫ છે. અમદાવાદમાં અત્યાર સુધી કોરોનાના ૧૯,૧૧૯ કેસો નોંધાઈ ચૂક્યા છે.

૫૦ લાખથી વધારે વસ્તીવાળા દેશના ૯ મહાનગરોમાં મુંબઈમાં કોરોનાથી સૌથી વધુ મોત થયા છે. અહીં કોરોના વાયરસ અત્યાર સુધી ૧,૬૯૮ લોકોના જીવ લઈ ચૂક્યો છે. જો કે, પ્રતિ ૧૦ લાખ વસ્તી પર મોતના કેસોમાં મુંબઈ અમદાવાદ પછી બીજા નંબરે આવે છે. મુંબઈમાં કોવિડ-૧૯થી પ્રતિ ૧૦ લાખ વસ્તીના રેસિયામાં ૮૦ લોકોના મોત થઈ રહ્યા છે. અહીં કોરોના સંક્રમણની સ્થિતિ ખુબ જ ડરામણી છે. અત્યાર સુધી મુંબઈમાં કોરોના વાયરસનું સંક્રમણથી ૪૬,૦૮૦ કેસ સામે આવી ચૂક્યા છે.

દેશની રાજધાની દિલ્હીમાં કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત શહેરોમાં મુંબઈ પછી બીજા નંબરે આવે છે. દિલ્હીમાં અત્યાર સુધી કોરોનાથી સંક્રમિત ૨૬,૩૩૪ કેસ સામે આવી ચૂક્યા છે. દિલ્હીમાં કોરોનાથી જીવ ગુમાવનારની સંખ્યા ૭૦૮ પર પહોંચી ચૂકી છે.

ચેન્નાઈમાં પ્રતિ ૧૦ લાખ વસ્તીએ કોરોનાથી સૌથી ઓછા મોત થયા છે. ચેન્નાઈમાં પ્રતિ ૧૦ લાખ વસ્તીએ મોતનો આંકડો ૦.૯ છે. જો ચેન્નાઈમાં કોરોના સંક્રમણની સ્થિતિ પર નજર નાંખીએ તો અત્યાર સુધી અહીં, ૧૯,૮૦૯ કેસ નોંધાઈ ચૂક્યા છે. તેમાંથી ૧૦,૨૧૦ દર્દીઓ સારવાર પછી સાજા થઈ ગયા છે. ચેન્નાઈમાં કોરોનાથી અત્યાર સુધી ૧૭૯ દર્દીઓના મોત થયા છે. દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ જેવા મહાનગરોની તુલનામાં કોલકાતામાં કોરોના સંક્રમણના કેસ ખુબ જ ઓછા છે. કોલકાતામાં અત્યાર સુધી ૨૫૮૯ કેસ નોંધાયા છે. તેમાંથી ૧,૦૩૮ દર્દીઓ સારવાર બાદ સાજા પણ થઈ ચૂક્યા છે. કોલકોતામાં કોરોના વાયરસે અત્યાર સુધી ૨૩૮ દર્દીઓની જિંદગી છીનવી લીધી છે.

૨૪ કલાકમાં રાજ્યના ૧૩૧ તાલુકામાં વરસાદ થતા ખેડૂતોમાં હર્ષની લાગણી છવાઈ

અમદાવાદ

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વાવાઝોડાની અસરના કારણે સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સરકારી આંકડાઓ મુજબ ૧૩૧ તાલુકામાં વરસાદ વરસ્યો છે. સરકારમાં નોંધાયેલા ડેટા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં સૌથી વધુ ૩.૨૫ ઈંચ વરસાદ વરસ્યો છે. દરમિયાન રાજ્યના અનેક તાલુકામાં અડધોથી એક ઈંચ વરસાદ નોંધાયો છે. સામાન્ય વરસાદમાં રાજ્યમાં અને ઠેકાણે પાણી ભરાયા અને વૃક્ષધરાશાયી થવાની ઘટના સામે આવી છે. દરમિયાન વાવાઝોડાની અસરના કારણે રાજ્યના ૨૦ તાલુકામાં ૧થી ૩.૫ ઈંચ વસસાદ નોંધાયો છે.

રાજ્યમાં સાગબારા તાલુકામાં એક ઈંચ, સંખેડામાં એક, ધંધૂકામાં એક, નડિયાડમાં એક, ધોળકામાં ૧.૧, સુબીરમાં ૧.૩, માળીયા મીયાણામાં ૧.૪, સાણંદમાં ૧.૪, ચોટીલામાં ૧.૫, મોડાસામાં ૧.૫, મહેમદાબાદમાં ૧.૫, કઠલાલામાં પોણા બે, ડભોઈમાં બે, ટંકારામાં ૨, થરાદમાં ૨, બોટાદમાં ૨.૫, મોરબીમાં પોણા ત્રણ, અને હળવદમાં ૩.૫ ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યના ૨૦થી વધુ તાલુકામાં અડધા ઈંચથી લઈને એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં વરસેલા વરસાદના કારણે ખેડૂતોએ લાપસીના આંધણ મૂક્યા છે અને કેટલાક વિસ્તારોમાં મોકાનો લાભ લઈને વાવણી કરી દેવામાં આવી છે.

વાવાઝોડા નિસર્ગના કારણે ૬ જૂને સવારે પણ રાજ્યના અનેક વિસ્તારોમાં અમી છાંટણા વરસ્યા છે. દરમિયાન ગઈકાલે સાંજે નોંધાયેલા હવામાન વિભાગના ડેટા મુજબ રાજ્યમાં વાવાઝોડાની અસરના કારણે ભીષણ ગરમીથી રાહત મળી છે. રાજ્યમાં ગરમીનો પારો નીચે ગયો છે. ગઈકાલે સાંજે નોંધાયેલા આંકડા મુજબ રાજ્યમાં અમદાવાદમાં ૩૯.૭ ડિગ્રી, ડીસામાં ૩૯.૧ ડીગ્રી, વડોદરામાં ૩૭ ડિગ્રી, સુરત ૩૨.૧ ડિગ્રી, રાડકોટ ૩૯.૭ ડિગ્રી, ભાવનગર ૩૬.૫ ડિગ્રી, પોરબંદરમાં ૩૫.૧ ડિગ્રી, ગાંધીનગરમાં ૩૯ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં ગઈકાલે સૌથી વધુ પારો સુરેન્દ્રનગરમાં નોંધાયો હતો. સુરેન્દ્રનગરમાં ૪૦.૩ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

સૌરાષ્ટ્ર કોંગ્રેસના ૨૨ ધારાસભ્યો બપોર સુધીમાં રાજકોટ આવી પહોચશે

રાજકોટ

ગુજરાતમાં ૪ રાજ્યસભાની બેઠક માટે ચૂંટણી જાહેર થયા બાદ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. અત્યાર સુધીમાં ગુજરાત કોંગ્રેસના ૮ ધારાસભ્યો ભાજપમાં જોડાઈ ગયા છે, ત્યારે કોંગ્રેસ હવે પોતાના ધારાસભ્યોને બચાવવામાં લાગી છે. જેને લઈને રાજકોટ કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુના રિસોર્ટ ખાતે હાલ કોંગ્રેસના ધારાસભ્યોને હાઈકમાન્ડ દ્વારા એકઠા કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ તમામ અસમંજસ વચ્ચે ગુજરાત વિરોધ પક્ષના નેતા પરેશ ધાનાણી, લલિત વસોયા, લલિત કગથરા, મહોમ્મદ જાવેદ પીરજાદા સહિતના ધારાસભ્ય રાજકોટના નિલસિટી રિસોર્ટ ખાતે ગઈકાલે રાતે જ આવી પહોંચ્યા હતા અને બાકીના સૌરાષ્ટ્રના ૨૨ જેટલા ધારસભ્ય આજે આવવાના છે. ત્યારબાદ ધારાસભ્યોની બેઠક યોજાશે અને રાજ્યસભાની ચૂંટણી અંગેની ચર્ચા કરવામાં આવશે.

સુરેન્દ્રનગરમાં કોરોનાને હરાવી એક સાથે ૭ લોકો ઘરે પરત ફર્યા

સુરેન્દ્રનગર

ગુજરાતમાં એક તરફ કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. બીજી તરફ મોટી સંખ્યામાં લોકો કોરોનાને મ્હાત પણ આપી રહ્યા છે. ત્યારે આજે સુરેન્દ્રનગર જિલ્લા માટે રાહતના સમાચાર આવ્યા છે. આજે જિલ્લામાંથી સાત લોકોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ૭ દર્દીઓને સુરેન્દ્રનગર સરકારી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

આજે પ્રાંગધ્રા તાલુકાના ૩, ચુડા તાલુકાના ૨ અને પાટડી તાલુકાના ૨ કોરોના પોઝિટિવ દર્દીઓને સારવાર બાદ લક્ષણો ન જણાતા રજા આપવામાં આવી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૪૭ કેસ નોંધાયા છે. હાલ, ૧૪ લોકો સારવાર હેઠળ છે, જ્યારે ૩૧ સાજા થયા છે. તેમજ કુલ ૨નાં મોત થયા છે.

રાજ્યના ધાર્મિક વડાઓ સાથે વિજય રૂપાણીની વીડિયો કોન્ફરન્સ

૮મી જુને મંદિરો ખૂલશે પણ બે મહિના ઉત્સવો નહિ ઉજવાય

ગાંધીનગર

રાજ્યના ધાર્મિક સ્થાનોના વડાઓ સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણી વીડિયો કોન્ફરન્સ કરશે. મંદિરો, મસ્જિદો અને ચર્ચ સહિતના ધાર્મિક સ્થળો ૮ જૂનથી ખુલ્લા મુકાશે. જ્યારે આ માટેની ગાઈડલાઈન નક્કી કરવા અને ગાઈડલાઈનનો અમલ કરાવવા તથા સૂચનો માગવા માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી અત્યારે સવારે ૧૧ વાગ્યે ગુજરાતનાં પ્રસિદ્ધ મંદિરોના વડાઓ, મહંતો, સંચાલકો સાથે કોન્ફરન્સ કરી હતી.

ત્યારબાદ બપોરે ૧૨ વાગ્યે મસ્જિદો અને ચર્ચોના વડાઓ, ઈમામ સાહેબ અને ખ્રિસ્તી સાદરીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ કરશે. સોમવારથી શરતોને આધીન મોલ ખુલશે, મંદિર, મસ્જિદ, હોટલ અને રેસ્ટોરાં સરકારની ગાઈડ લાઈન અનુસાર આ બધું ખુલી રહ્યું છે. મંદિરો અને ધાર્મિક સ્થળો ખુલશે. પરંતુ ભાવિકોને પ્રસાદ નહીં મળે એટલુ જ નહીં શ્રધ્ધાળુઓ ભગવાનને સ્પર્શ કરી નહીં શકે અને ચરણામૃત પણ નહીં લઈ શકે.

પૂજા કરતી વેળાએ ૬ ફૂટનું અંતર રાખવું પડશે. બુટ, ચપ્પલ પણ ગાડીમાં જ રાખવા પડશે. લોકોને ધાર્મિક સ્થળ, રેસ્ટોરાં અને મોલમાં છ ફૂટનું અંતર, મોઢા પર માસ્ક, સેનિટાઈઝેશન અને થર્મલ સ્કિનિંગ જેવી પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. ધાર્મિક સ્થળોમાં પ્રવેશદ્વાર નજીક જ સેનેટાઈઝર રાખવું પડશે. ભાવિકો ઘંટ વગાડી નહીં શકે અને ધાર્મિક ગ્રંથને સ્પર્શ પણ નહીં કરી શકે.

રાજ્યમાં ૨૧મી જૂનથી વિધિવત રીતે ચોમાસાનું થશે આગમન

અમદાવાદ

રાજ્યભરમાં બે દિવસથી સૂસવાટાભેર પવન સાથે વરસાદ વરસી રહ્યો છે. નિસર્ગ વાવાઝોડાની અસરને કારણે આ કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે આગાહી કરી છે કે ૨૧મી જૂનની આસપાસથી ચોમાસાનો વિધિવત પ્રારંભ થઈ જશે. આ સાથે આગાહી કરવામાં આવી છે કે, નૈઋત્યનાં ચોમાસાનો દક્ષિણ ગુજરાતથી પ્રારંભ થશે. ગુજરાતમાં કાળઝાળ ગરમી બાદ હવે ચોમાસાનો ક્યારે પ્રારંભ થશે તેની ચાતક નજરે રાહ જોવાઈ રહી છે. હવે વધુ લાંબો સમય ચોમાસાની રાહ જોવી પડે તેની સંભાવના નહિવત્ છે.ગુજરાતમાં ૨૧ જૂનની આસપાસથી ચોમાસાનો વિધિવત્ પ્રારંભ થઈ જવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. નૈઋત્યના ચોમાસાનો દક્ષિણ ગુજરાતથી પ્રારંભ થશે.

નોંધનીય છે કે, કેરળમાં ૧ જૂનથી નૈઋત્યના ચોમાસાનો પ્રારંભ થયો હતો. હવામાન વિભાગના જણાવ્યાં પ્રમાણે, 'મધ્ય અરેબિયન સમુદ્રમાં કર્ણાટક, તામિલનાડુ, પુડુચેરી, કેરિકલ તરફ નૈઋત્યનું ચોમાસું આગળ વધ્યું છે. તે હવે આગામી દિવસમાં પશ્ચિમ મધ્ય બંગાળની ખાડી સુધી પહોંચી શકે છે. ગુજરાતમાં આ વખતે ચોમાસું સાનુકૂળ રહે તેવી પણ હવામાન વિભાગની આગાહી છે. હાલમાં પ્રી મોન્સૂન એક્ટિવિટીનો ગુજરાતમાં પ્રારંભ પણ થઈ ગયો છે. જેના કારણે શુક્રવારે ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં વરસાદ પણ પડયો હતો. શુક્રવારે મોડી સાંજે અમદાવાદના વાતાવરણમાં અચાનક પલટો થયો હતો. વાતાવરણમાં આવેલા અચાનક પલટાના પગલે વાવાતરણમાં ઠંડક પ્રસરી હતી. અને મોડી સાંજે ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. વીજળીના કડાકા ભડાકા થતાં ઉનાળામાં પણ ચોમાસા જેવો માહોલ સર્જાયો હતો. આ સાથે અમદાવાદ શહેરમાં સરેરાશ અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે સરખેજમાં બે ઈંચ વરસાદ પડ્યો હતો.

૮ ધારાસભ્યોના નારાજીનામાં પડ્યા પછી જાગેલી કોંગ્રેસ બચાવ મોડમાં આવી

તોડોના વાઈરસથી બચાવવા કોંગ્રેસનાં ધારાસભ્યો રાજકોટ રિસોર્ટમાં કરાયા ક્વોરન્ટાઈન

ગાંધીનગર

કોંગ્રેસમાં તોડોના વાયરસનો સૌથી મોટો ખતરો ઉભો થયો છે ત્યારે કોંગ્રેસ ફરી એકવાર રિસોર્ટ પોલિટિક્સ શરૂ કર્યું છ. રાજ્યસભાની ચૂંટણી માટે કોંગ્રેસનાં ઉમેદવાર ભરતસિંહ સોલંકીએ ૧૫ ધારાસભ્યો સાથે શુક્રવારે મોડીસાંજે આણંદના એક રિસોર્ટમાં મીટિંગ કરી હતી. તો સૌરાષ્ટ્રના ધારાસભ્યોને રાજકોટના રિસોર્ટમાં રાખવામાં આવ્યા હોવાની વાત સામે છે. આ સિલસિલામાં હાલ એક મોટા સમાચાર મળી રહ્યા છે કે ઉત્તર ગુજરાતના કોંગ્રેસના ધારાસભ્યોને અંબાજી પહોંચવા માટે આદેશ છૂટ્યા છે. જેના ભાગરૂપે કોંગ્રેસના તમામ ધારાસભ્યો બપોર સુધી અંબાજી પહોંચશે. હાલ રાજકારણ સાથે જોડાયેલા સૂત્રોનું કહેવું છે કે, ઉત્તર ગુજરાતના કોંગ્રેસના ધારાસભ્યો રાજસ્થાનમાં ખસેડવામાં આવી શકે છે. આજે બપોર બાદ કોંગ્રેસના સિદ્ધાર્થ પટેલ અને જગદીશ ઠાકોર ઉત્તર ગુજરાતના ધારાસભ્યોને લઈને આગામી રણનીતિ જાહેર કરશે. અત્રે નોંધનીય છે કે, રાજ્યસભાની ચૂંટણીની જાહેરાત બાદ જ ગુજરાતમાં તોડોના વાઈરસ ફરી સક્રિય થયો હતો. ધારાસભ્યોનાં રાજીનામા બાદ ગુજરાત કોંગ્રેસ દ્વારા નવી રણનીતિ બનાવવામાં આવી છે કે જેથી હવે વધુ ધારાસભ્યો તૂટે નહીં. આ માટે ધારાસભ્યોને ૩ ટીમમાં વહેંચી દેવામાં આવશે. અને ૩ ટીમને સાચવવાની જવાબદારી અલગ અલગ નેતાઓને આપવામાં આવશે. આણંદના એક રિસોર્ટમાં ભરતસિંહ સોલંકીએ ૧૫ ધારાસભ્યો બેઠક કરી હતી.

ધારાસભ્યોને ઝોન પ્રમાણે રાખવાની કોંગ્રેસ રણનીતિ અપનાવી છે. મધ્ય અને દક્ષિણ ગુજરાતના ધારાસભ્યોને સંભાળવાની જવાબદારી ભરતસિંહ સોલંકીને આપવામાં આવી છે. જયારે ઉત્તર ગુજરાતના ધારાસભ્યોને સાચવવાની જવાબદારી સિદ્ધાર્થ પટેલ અને જગદીશ ઠાકોરને આપવામાં આવી છે જયારે પરેશ ધાનાણી અને અર્જુન મોઢવાડિયાને સૌરાષ્ટ્રના ધારાસભ્યોને સાચવવાની જવાબદારી સોંપાય છે. શુક્રવારે રાત્રે ૮ વાગ્યાની આસપાસ સૌરાષ્ટ્રના ધારાસભ્યોને રાજકોટના રિસોર્ટમાં લાવવામાં આવ્યા હતા. કોંગ્રેસનાં સૌરાષ્ટ્રનાં ધારાસભ્યોને નિલસિટી રિસોર્ટમાં રાખવામાં આવ્યા છે. ધારાસભ્યોને એકજૂટ રાખવા માટે કોંગ્રેસે ફરી એકવાર રિઝોર્ટ પોલિટિક્સ શરૂ કરી છે. તોડોના વાઈરસની વચ્ચે કોંગ્રેસનાં ધારાસભ્યો આ રિસોર્ટમાં જ ક્વોરન્ટાઈન રાખવામાં આવશે. મધ્ય ગુજરાતના ધારાસભ્યો ઉમેટા રિસોર્ટમાં રોકવાના કેસમાં હાલ ધારાસભ્યો પર નજર રાખવામાં આવી રહી છે. ધારાસભ્યો પર આઈબીના જવાનો વોચ રાખવા માટે મૂકાયા છે. ગઈકાલ રાતથી આઈબીના જવાનો નજર રાખી રહ્યા છે. આઈબી સહિત પોલીસ જવાનો પણ સિવિલ ડ્રેસમાં નજર રાખી રહ્યા છે. ધારાસભ્યોને મળવા આવનારની પળેપળની માહિતી રાખી રહ્યાં છે.

લાખોના ડ્રગ્સ કેસમાં ૧૦ને સમન્સ પાઠવ્યુ પણ પારૂલ યુનિ.ની વિદ્યાર્થીને હજી સમન્સ નથી પહોંચ્યું

વડોદરા

વડોદરા નજીક હાઈ વે પરથી પકડાયેલા રૂા.૪૭ લાખની કિંમતના ડ્રગ્સના નેટવર્કની તપાસમાં પોલીસે પારૂલ યુનિવર્સિટીની ફાર્મસીની વિદ્યાર્થિની સહિત ૧૧ જણાને સમન્સ મોકલી દીધા છે. પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ, વડોદરા નજીક દેણા હાઈ વે પરથી ગઈ તા.૨૨મીએ એસઓજીની ટીમે કારને આંતરી અંદરથી મુખ્ય સૂત્રધાર નરેન્દ્ર ઉર્ફે ચેનારામ ચૌધરી (રહે.પમાના ગામ,સાંચોર, રાજસ્થાન) અને તેના સાગરીત પંકજ માંગુકીયા (રહે.અનંતા કોમ્પ્લેક્સ,વાઘોડિયા રોડ મૂળ રહે.તુરખા ગામ, બોટાદ)ને ઝડપી પાડી અંદરથી રૂા.૪૭ લાખની કિંમતનું મેથેમ્ફેટામાઈન નામનું નશા માટે વપરાતું ડ્રગ્સ કબજે લીધું હતું. પોલીસે આ ડ્રગ્સ રેકેટની તપાસ માટે બંનેને રિમાન્ડ પર લેતા વડોદરામાં નાના-મોટા ૨૦ એજન્ટો તેમજ સુરત, વલસાડ, સેલવાસ અને મોરબી, સૌરાષ્ટ્ર સુધી નેટવર્ક ચાલતું હોવાની વિગતો ખુલી હતી. ડ્રગ્સના નેટવર્કની તપાસમાં વાઘોડિયાની પારૂલ યુનિવર્સિટીની ફાર્મસીનાં છેલ્લા સેમિસ્ટરમાં અભ્યાસ કરનાર વલસાડની વિદ્યાર્થિની ઓસિમખાનનું પણ નામ બહાર આવ્યું છે. જેથી પોલીસે વધુ તપાસ માટે ઓસિમખાનને સમન્સ ઈસ્યુ કર્યું છે. જો કે, આ સમન્સ હજી વલસાડ એસઓજીએ વિદ્યાર્થિનીને પાઠવ્યું નથી. વિદ્યાર્થિનીનો ફોન પણ બંધ આવી રહ્યો હોવાનું પોલીસે જણાવ્યું છે.તેની પૂછપરછ બાદ જ ડ્રગ્સ બાબતે તેની ભૂમિકા છે કે કેમ તે સ્પષ્ટ થશે. આ ઉપરાંત પોલીસે બાકીના શંકાસ્પદ એજન્ટો પૈકી બીજા ૧૦ જણાને પણ સમન્સ ઈસ્યુ કર્યા છે.આ પૈકી કેટલાકના સરનામા અધૂરા છે તો કેટલાકના નામો પૂરતા નથી.જેથી પોલીસે સ્થાનિક પોલીસની પણ મદદ લઈ સમન્સ મળ્યાના એક સપ્તાહમાં જવાબ માટે સૂચના ફરમાવી છે.

પાટણમાં કોરોનાના વધુ ૬ પોઝિટીવ કેસ આવતા તંત્ર હરકતમાં આવ્યું

ગાંધીનગર

પાટણ જિલ્લાની અંદર પાટણ સીટીમાં હવે કોરોનાના કેસો જોતા હોટસ્પોટ બનવા જઈ રહી હોય તેવું જોવા મળી રહ્યું છે. ખાસ કરીને છેલ્લા કેટલાક દિવસથી પાટણ શહેરમાં કોરોનાના કેસોમાં ઉભરો આવ્યો હોય તેમ કુલ ૩૦ પોઝિટિવ કેસ સાથે જિલ્લામાં મોખરે થઈ છે. જેની વચ્ચે શુક્રવારે વધુ પાટણ શહેરમાં ૪, સંડેર-૧ તેમજ મુડાણામાં ૧ મળી કુલ ૬ પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી જવા પામી હતી. જેને લઈ પોઝિટિવ આવેલ તમામ દર્દીઓને લોકલ ચેપ લાગ્યો હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જાણવા મળ્યું હતું. જોકે જિલ્લામાં કુલ પોઝિટિવ આંક ૯૪ પર પહોંચી ગયો છે. પાટણ જિલ્લામાં લોકડાઉનમાં લોકો ઘરે પુરાઈ રહેવાથી કોરોનાના કેસોનું સંક્રમણ અટકાવવા આરોગ્ય વિભાગ તેમજ વહીવટી તંત્રને ચોક્કસપણે સફળતા મળી હોય તેવું જોવા મળી રહ્યું હતું પરંતુ

અનલોક-૧ ૧લી જૂનથી અમલમાં આવતા કોરોનાના કેસો અટકાવવા આરોગ્ય વિભાગ માટે મુશ્કેલ બન્યુ હોય તેવું જોવા મળી રહ્યું છે. જેમાં હવે પછી નોંધાતા પોઝિટિવ કેસો મોટેભાગે લોકલ સંક્રમિત હોવાનું બહાર આવી રહ્યું છે. જેમાં શુક્રવારે પાટણ શહેરમાં ટી.બી. ત્રણ રસ્તા પાસેની મારુતિનગર સોસાયટીમાં ૩૭ વર્ષીય સ્ત્રીને તાવ અને ખાંસીના લક્ષણો તેમજ ૪૨ વર્ષીય પુરુષને ગળામાં દુ:ખાવો અને ખાંસીના લક્ષણો જોતા રિપોર્ટ કરવામાં આવતા પોઝિટિવ આવ્યો હતો. જયારે રાજમહેલ રોડ પર આવેલ સિધ્ધરાજ નગર સોસાયટીમાં ૬૫ વર્ષીય સ્ત્રીને તેમજ દુખવાડો વિસ્તારની ૬૫ વર્ષીય સ્ત્રીને તો પાટણ તાલુકાના સંડેર ગામના ૨૭ વર્ષીય યુવાન આ ત્રણેય દર્દીઓમાં તાવ, ખાંસી અને માથામાં દુ:ખાવો જેવા લક્ષણો જોવા મળતા સેમ્પલ લેવામાં આવતા ત્રણેય દર્દીઓનો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો.

પાટણ જિલ્લામાં કુલ ૯૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ પાટણ સિટીમાં ૩૦ પોઝિટિવ કેસ સાથે જિલ્લામાં મોખરે પહોંચી ગઈ છે તો પાટણ તાલુકામાં ૧૨ પોઝિટિવ કેસ નોંધાતા કુલ પાટણ શહેર તાલુકામાં ૪૨ પોઝિટિવ કેસ સાથે લોકોમાં ફફડાટ ફેલાયો છે. જેને લઈ કેસો જોતા આગામી સમયમાં પાટણ સિટી હોટસ્પોટ જાહેર કરાય તેવું જોવા મળી રહ્યું છે.

લોકડાઉનથી ગ્રાહકોની આદતમાં પરિવર્તન આવ્યું છે: પરાગ રાવ

સુરત

સમગ્ર દેશ લૉકડાઉનની અસરોમાંથી બહાર આવી રહ્યો છે ત્યારે એચડીએફસી બેંકે આજે 'સમર ટ્રીટ્સ' લૉન્ચ કરી હતી, જે વેપારીઓ તેમજ પગારદારો અને સ્વ-રોજગારી ધરાવતા ગ્રાહકોની બદલાઈ રહેલી જરૂરિયાતોને સંતોષવા માટે રોમાંચક ઑફરો ધરાવે છે. કોવિડ-૧૯ના પ્રસારને નાથવા માટેના પ્રયાસોએ ગ્રાહકોની જીવનશૈલી અને માંગ બંનેને બદલી નાંખ્યાં છે. ઘરેથી કામ કરવું અને ઘરેથી થઈ રહેલાં શાળાકાર્યને પરિણામે ફોન, ટેબલેટ્સ, કમ્પ્યૂટર્સ અને તેના સંબંધિત એસેસરીની માંગ વધી ગઈ છે. સલામત ડિજિટલ ચૂકવણીઓ અને ખાનગી પરિવહનનો ઉદય થઈ રહ્યો છે. તે જ રીતે, દુકાનો અને વ્યવસાયો ફરીથી ખુલી રહ્યાં છે, જેમને વ્યવસાય માટે ધિરાણની જરૂરિયાત વર્તાઈ રહી છે.

પેમેન્ટ્સ, કન્ઝ્યુમર ફાઇનાન્સ તથા ડિજિટલ બેંકિંગ અને માર્કેટિંગના કન્ટ્રી હેડ શ્રી પરાગ રાવએ સમર ટ્રીટ્સ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે, 'લૉકડાઉનએ ગ્રાહકોની આદતોમાં આમૂલ પરિવર્તન લાવી દીધું છે. વર્ક ફ્રોમ હૉમ (ઘરેથી કામ કરવું) અને લર્ન ફ્રોમ હૉમ (ઘરેથી થતું શિક્ષણકાર્ય) એ હવે વાસ્તવિકતા બની ગઈ છે અને આગામી લાંબા સમય સુધી આ પરિસ્થિતિ જળવાઈ રહેવાની છે.

ભારતમાં ખગોળ પ્રેમીઓએ ચંદ્રગ્રહણનો અદ્ભુત અવકાશી નજારો નિહાળ્યો

અમદાવાદા

દેશ-દુનિયામાં ખગોળપ્રેમીઓએ છાયા-માધ ચંદ્રગ્રહણનો અદભૂત અવકાશી નજારો નિહાળી રોમાંચિત થયા હતા. આકાશમાં ચંદ્ર ઉપર પૃથ્વીનો પડછાયો પડતા તેજસ્વીતામાં ૦.૧૫ એમ. ઘટાડો જોવા મળ્યો હતો. રાજયમાં ગ્રહણ નિદર્શનની સાથે જાગૃતોએ ચા-નાસ્તો આરોગી વૈજ્ઞાનિક મિજાજના દર્શન કરાવ્યા. લેભાગુઓની નકારાત્મક આગાહીઓ, ફળકથનોની હોળી કરવામાં આવી હતી. દર વર્ષે ચંદ્ર પૃથ્વીથી ૪ સેન્ટીમીટર ખસે છે. અવકાશી પરિભ્રમણ-ભૂમિતિની રમતથી ગ્રહણ સંબંધી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથાની અપીલનો પ્રતિસાદ જોવા મળ્યો હતો. ટેલીસ્કોપ—દૂરબીનથી ગ્રહણ આહલાદક જોવા મળ્યું હતું. રાજયમાં અમુક જગ્યાએ વાદળાઓ વિદનરૂપ સાબિત થયા હતા. રાજયમાં સોશ્યલ ડિસ્ટન્સને ધ્યાનમાં રાખી આયોજન કરવામાં આવ્યું હતું.

રાજયકક્ષાના કાર્યક્રમનું ઉદઘાટન જાથાના રાજય ચેરમેન જયંત પંડયાએ નિદર્શન અને ગેરમાન્યતાના ખંડનમાં ચા-નાસ્તો આરોગી ઉપસ્થિત જાગૃતોને વૈજ્ઞાનિક સમજ આપવામાં આવી હતી. મિમીકી આર્ટીસ્ટ ઉમેશ રાવે સ્વાગત અને કાર્યક્રમનો પરિચય આપ્યો હતો અને કોરોનાની પરિસ્થિતિ સંબંધી કાળજી રાખવા અને આરોગ્ય સંબંધી રસપ્રદ માહિતી આપી હતી. જાથાના સહમંત્રી પ્રમોદ પંડયાએ વર્તમાન સ્થિતિ ધ્યાને લઈ રાજયમાં જયાં જયાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તેની રૂપરેખા રજૂ કરી હતી. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ રાજકોટ ખાતે રાજયકક્ષાના કાર્યક્રમમાં પૃથ્વીનો પડછાયો ૧૩ લાખ ૭૫ હજાર કિલોમીટર લાંબો હોય છે. ચંદ્ર આપણાથી ૪ લાખ ૬૦ હજાર કિલોમીટર દૂર છે. ચંદ્ર નજીક હોવાના કારણે પડછાયામાં આવી જાય છે. તેવી હકિકત આપી ગ્રહણના પ્રકારોની વિગત આપી હતી. અવકાશી કોઈપણ ઘટના જોવા-માણવા માટે હોય છે. વિજ્ઞાન ટેકનોલોજી યુગમાં વર્ષો જુની માન્યતાને તિલાંજલિ આપવી જોઈએ. ભાવી પેઢીને ધ્યાનમાં રાખી નવાંગતુક વિચારોને પ્રાધાન્ય આપવું જોઈએ. ગ્રહણનો ભય-ડર સંપૂર્ણ ખોટો છે. લેભાગુઓ માનસિક પછાત રાખવા ગતકડા ઉભા કરે છે. ગ્રહણ માત્ર ને માત્ર ભૂમિતિની રમત, પરિભ્રમણ સાથે ખગોળીય ઘટના છે. ગ્રહો કે ગ્રહણોને માનવજીવન તેની દૈનિક ક્રિયા અને સ્થાનિક ભૌગોલિક અસરો થતી નથી તે વિપાન સિદ્ધ છે. વિજ્ઞાન ગ્રહણ કેમ બને છે તે દર્શાવે છે છતાં ભારતમાં સદીઓથી ગુમરહા કરવામાં આવે છે.

પાંચ હજાર વર્ષમાં ૨૩ હજાર સુર્ય-ચંદ્રગ્રહણો પસાર થયા

પાંચ હજાર વર્ષમાં પૃથ્વી ઉપર આશરે ૨૩,૦૦૦ ચંદ્ર-સુર્યગ્રહણો પસાર થઇ ગયા છે. ઇ.સ. પૂર્વે ૧૨૦૮ થી ઇ.સ. ૨૧૬૧ સુધીમાં ૮,૦૦૦ સૂર્ય ગ્રહણો અને ૫૨,૦૦૦ ચંદ્રગ્રહણો નકશામાં ઉપલબ્ધ છે. પૃથ્વી ઉપર હજારો ગ્રહણો પસરા થઇ ગયા છે. ભવિષ્યમાં હજારો લાખો ગ્રહણ પસાર થવાના છે તે માત્ર ખગોળીય ઘનટા છો સૂર્ય માળામાં ચંદ્રોનો જુમલો ૧૫૦ નો આંક વટાવી ચુકયો છે. જાથાએ લોકોને ખગોળ વિજ્ઞાનથી માહિતગાર કરવા બીડુ ઝડપ્યું છે. લોકોમાં ઉત્સુકતા જોવા મળે છે.

આક્ષેપ કરનાર કોંગ્રેસ કાચના ઘરમાં રહે છે તમણે પથ્થર ન ફેંકવા જોઈએ મેં મારા માટે નહી પણ પ્રજાજનોનું કામ સારી રીતે થાય તે માટે આપ્યું રાજીનામું: બ્રિજેશ મેરજા

મોરબી

મોરબીના ધારાસભ્ય પદેથી રાજીનામું આપ્યા બાદ બ્રિજેશ મેરજાએ પ્રથમ પ્રતિક્રિયા આપી. બ્રિજેશ મેરજાએ જણાવ્યું કે પ્રજાજનોનું કામ સારી રીતે કરી શકું તે માટે મેં રાજીનામું આપ્યું છે. હું નવી ઈનિંગ રમવા જઈ રહ્યો છું. બ્રિજેશ મેરજાએ કહ્યું કે મેં હંમેશા નીતિ-રીતિથી અને નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે. કોંગ્રેસે મને જે આપ્યું છે તેના માટે હું કોંગ્રસનો ઋણી છું. કોંગ્રેસના કેટલાક લોકો મારા પર આક્ષેપ કરી રહ્યા છે. પરંતુ જે લોકો કાચના ઘરમાં રહે છે તેમણે પથ્થર ન ફેંકવા જોઈએ તેમ બ્રિજેશ મેરજાએ જણાવ્યું.

સૌરાષ્ટ્રમાં ટ્રેન અને એસ.ટી. બસ સેવાના વાંકે અટકી પડી છે હજારો ટપાલ

ગાંધીનગર

સમગ્ર દેશમાં કોરોના વોરીયર્સ તરીકે ડોક્ટરો અને પોલીસને બહુમાન આપવામાં આવ્યું છે તેટલું જ સન્માન પોસ્ટ વિભાગના કર્મચારીઓને મળવું જોઈએ. પરંતુ કમનસીબી એ છે કે પોસ્ટના કર્મચારીઓને બિરદાવવાનું તો એક બાજુ રહ્યું પરંતુ દિવસ-રાત અનેક કર્મચારીઓએ ફરજ બજાવી હોવા છતાં કોઈપણ પ્રકારનું આર્થિક વળતર પણ આપવામાં આવ્યું નથી.

સામાન્ય લોકો માટે હજુ ટપાલ સેવા ચાલુ નહીં થઈ હોવાની વિગતોના સંદર્ભમાં સૂત્રોએ ઉમેર્યું હતું કે પોસ્ટલ વિભાગની સેવા એસટી અને રેલવેની પરીવહન સેવા સાથે જોડાયેલી રહી છે. ગામડામાં હજુ એસટી બસ સેવા બંધ છે તેથી હજુ ટપાલ સેવા ચાલુ થઈ નથી. જયારે રજીસ્ટર્ડ અને સ્પીડપોસ્ટની સુવિધા ચાલુ છે. અંતરિયાળ ગામડામાં ટપાલની સેવા હજુ પહોંચતી નથી એ જ રીતે ટ્રેનમાં રેલવે મેઈલ સર્વિસનો અલગ ડબ્બો હોય છે, પરંતુ સૌરાષ્ટ્રમાં ટ્રેન સેવા પણ બંધ હોવાથી ઓર્ડીનરી ટપાલની સેવા બંધ રહી છે.

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં કોરોનાના સમયગાળા દરમિયાન જે કર્મચારીઓએ પોસ્ટલ તંત્રની ફરજ બજાવી હતી તેઓએ આજે તેમના અધિકારી પ્રત્યે લાપરવાહ ઉચ્ચ અધિકારીઓ સામે રોષની લાગણી વ્યક્ત કરી જણાવ્યું હતું કે, રાજકોટ ડિવિઝન સહિત રાજયના તમામ પોસ્ટ ડિવિઝનમાં કોરોનાના સમયગાળા દરમિયાન પોસ્ટમેનોએ ઘરે-ઘરે જઈને વિધવા બહેનોને સહાયની ચૂકવણી કરી છે તેમજ સોશ્યલ ડિસ્ટન્સ જાળવી પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવી છે, પરંતુ બેંક કર્મચારીઓને વધારાનું ભથ્થુ જે રીતે ચૂકવવામાં આવ્યું છે તે પ્રકારે કોઈ રાહત પોસ્ટના કર્મચારીઓને આપવામાં આવી નથી.

ખોટી એપ ડાઉનલોડ કરતા સાબરકાંઠાના વૃદ્ધ સાથે ૪.૯૭ લાખની મોટી છેતરપિંડી

સાબરકાંઠા

કોરોના વાયરસની મહામારી વચ્ચે ચોરો ફરી એકવખત બેફામ બન્યા છે. આજે સાબરકાંઠાથી એક મોટા સમાચાર મળી રહ્યા છે. સાબરકાંઠામાં એક વૃદ્ધ સાથે ઓનલાઈન છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં બેજાબાજ શખ્સોએ વૃદ્ધાનું બેંક એકાઉન્ટ મેળવીને રૂપિયા ૪.૯૭ લાખની ઓનલાઈન છેતરપીંડી કરી હોવાના અહેવાલ સામે આવ્યા છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે સાબરકાંઠાના વૃદ્ધાને ખોટી એપ મારફતે ફોસલાવીને છેતરપીંડીના ભોગ બનાવાયા છે. આ ઘટના સંદર્ભે છેતરપીંડીની ફરિયાદ બી ડિવીઝન પોલીસમાં નોંધાઈ છે.આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, સાબરકાંઠાના એક વૃદ્ધા સાથે ઓનલાઈન છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં હિમતનગરના વૃદ્ધ સાથે બ્રહમાણીનગરના વૃદ્ધ સાથે ઓનલાઈન રૂપિયા ૪.૯૭ લાખ મેળવી લઈ છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે ટાટા સ્કાયની ફી ચેનલ માટે એપ ડાઉનલોડ કરાવી બેંક એકાઉન્ટની વિગતો મેળવી હતી. ભેજાબાજોએ વૃદ્ધને છેતરવા માટે ખોટી એપ મારફતે છેતરપિંડી આચરતા બી ડીવીઝન પોલીસે ફરીયાદ નોંધાવી છે. પોલીસ ઘટનાની ઉંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

રાજ્યમાં આર્થિક સંકટ જોતા ઘરના ઘરનું સ્વપ્ન લંબાય તેવી સંભાવના

ગાંધીનગર

ગુજરાતના નાણાં પ્રધાન નિતીન પટેલે કહ્યું હતું કે સરકારની આવક ઘટતાં પેટ્રોલ ડિઝલ પર વેરા વધારવા પડશે. તેમની જાહેરાત સૂચવે છે કે ગુજરાતની આર્થિક સ્થિતિ સારી નથી. ગરીબોના ૨૩ લાખ મકાનોની યોજના પર કાપ આવી શકે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન માટે લાખો લાભાર્થીઓની રાહ થોડી વધુ લાંબી હોઈ શકે છે. કોરોના સંક્રમણને કારણે આવાસ યોજના હેઠળ અનેક રાજ્યોના પ્રસ્તાવમાં વિલંબ થવાની આશંકા છે. રાજ્યો દ્વારા તેમના શેરની ચુકવણી નહીં કરવામાં આવે અને કેન્દ્ર દ્વારા આપવામાં આવતા ભંડોળ બનાવવા માટે સંબંધિત વિભાગને નહીં આપવામાં આવે તે બાબત પણ કેન્દ્રના ધ્યાનમાં આવી છે. હાલમાં કેન્દ્ર સરકાર યોજનાઓની સમીક્ષા કરવામાં વ્યસ્ત છે. યોજનાઓને ધીરે ધીરે વેગ આપવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે છત્તીસગ,, પશ્ચિમ બંગાળ, ગુજરાત સહિતના ઘણા રાજ્યોએ આ યોજનામાં રાજ્યનો ભાગ ફાળો આપ્યો નથી. કેટલાક રાજ્યોએ હજી સુધી કેન્દ્ર દ્વારા આપેલા ભંડોળને આવાસ માટેના રાજ્ય ભંડોળમાંથી બહાર પાડ્યું નથી. માનવામાં આવે છે કે તેની અસર રાજ્યોમાં યોજના પર પડે છે. રાજ્યોને તેમનો હિસ્સો ચૂકવવા કહેવામાં આવ્યું છે.

અનેક યોજનાઓ પર અસર થશે. આવાસ યોજના ઉપરાંત સરકારની શૌચાલય બાંધકામ યોજના, માર્ગ નિર્માણ યોજનાઓ બાકી રહેવાની ધારણા છે. પોષણ અને રસીકરણ જેવા અભિયાનો પણ કોરોના ચેપથી પ્રભાવિત થયા છે. ૨૦૨૨ સુધીમાં ૨ કરોડ ૯૫ લાખ મકાનો બનાવવાનો લક્ષ્યાંક છે. તેમાંથી ૨ કરોડ ૨૧ લાખ મકાનોને મંજૂરી આપવામાં આવી છે. અત્યાર સુધીમાં એક કરોડ ચાર લાખ મકાનો બનાવવામાં આવ્યા છે. આ વર્ષે ૯૦ લાખ મકાનોને મંજૂરી આપવાનો લક્ષ્યાંક હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે લક્ષ્ય ઘટાડવામાં આવશે નહીં. પૂર્ણ તાકાત સાથે લક્ષ્ય પૂર્ણ કરવાનો પણ પ્રયાસ કરવામાં આવશે, પરંતુ સમયસર તે પૂર્ણ કરવું પડકારજનક છે. આ માટે વિશેષ પ્રયત્નો કરવા પડશે. કેન્દ્ર અને રાજ્યએ મળીને રણનીતિ બનાવવી પડશે. હાઉસિંગ સ્કીમ એ મોદી સરકારની એક વિશેષ યોજના છે. પ્રથમ કાર્યકાળ દરમિયાન, તેના પર ઘણું ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ઘણા બિન-ભાજપ શાસિત રાજ્યોએ પણ મોટી સંખ્યામાં મકાનો બનાવ્યા હતા.

અઢી વર્ષમાં કોંગ્રેસનું સંખ્યાબળ ૭૭થી ઘટીને ૬૫ થયુ,ભાજપની સદી પૂરી-૧૦૩

અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં છેલ્લા ૨૫ વર્ષથી કોંગ્રેસની વારંવાર પડતી જ થઈ રહી છે. તેમાં પણ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ટક્કર આપી સત્તાની નજીક પહોંચી ગઈ હતી, પણ આંતરિક વિખવાદના કારણે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીના અઢી વર્ષમાં કોંગ્રેસના ધારાસભ્યોની સંખ્યા ૭૭ થી ઘટી ૬૪ થઈ ગઈ છે, જયારે ૨૦૧૭માં ત્રણ આંકડા એટલે કે ૧૦૦ સુધી પણ નહીં ૯૯ ધારાસભ્યોએ અટકી ગયો હતો. આજે ભાજપ પાસે ૧૦૩ ધારાસભ્યો છે.

ગુજરાતમાં ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણી બાદ ભાજપના ધારાસભ્યોની સંખ્યા ઉતરોતર ઘટતી જાય છે, તેમાં પણ ૨૦૧૭માં તો માત્ર ૯૯ ધારાસભ્યો જ ભાજપના ચૂંટાયા હતા. તે પછી કોંગ્રેસના કુંવરજીભાઈ બાવાળીયાએ સૌ પ્રથમ ભાજપમાં જોડાયા, તે પછી લોકસભાની ચૂંટણી દરમિયાન વધુ ૪ કોંગ્રેસના ધારાસભ્યો એ રાજીનામા આપ્યા, તે પછી બીજા ૨ એ કોંગ્રેસ છોડી દીધી, તેની સાથે એક વર્ષમાં ૭ ધારાસભ્યોએ કોંગ્રેસ છોડી દીધી હતી. જયારે હાલમાં જ બીજા ૮ ધારાસભ્યોએ રાજીનામાં આપતા છેલ્લા અઢી વર્ષમાં કોંગ્રેસના ૧૫ ધારાસભ્યોએ રાજીનામાં આપ્યા હતા. તે પછી ૧૦ બેઠકની પેટા ચૂંટણી યોજાઈ હતી, જેમાં કોંગ્રેસને ૩ બેઠક મળી હતી. આમ કુલ અઢી વર્ષમાં કોંગ્રેસના ૧૫ ધારાસભ્યોના રાજીનામા પડ્યાં, તેમાંથી ૩ બેઠકો પર કોંગ્રેસ ફરી જીત મેળવી હતી તેથી હાલ કોંગ્રેસના ૧૨ ધારાસભ્યોનો ફટકો પડયો છે. ગુજરાતમાં ૨૦૧૭ની રાજયસભાની સાથે તે પછીની તમામ ચૂંટણીઓમાં કોંગ્રેસ ભાજપના વ્યુહ સામે માર ખાતી રહી છે અને ધારાસભ્ય ગુમાવતી રહી છે. ૨૦૧૭ની વિધાનસભામાં ભાજપને જબરી ટકકર આપી હતી અને ભાજપને ત્રણ આંકડે પહોંચવા દીધુ ન હતું. પરંતુ બાદમાં કોંગ્રેસ પક્ષ જનતાના ચુકાદાને આધારે મજબૂત બન્યા પછી પણ તેની જે આંતરિક નબળાઈ હતી અને ભાજપનો જે સત્તાનો ખેલ હતો તેની સામે ટકી શક્યો નથી અને એક સમયે ૭૭ બેઠક જીતનાર કોંગ્રેસ આજે ૬૫ બેઠક પર આવી ગયો છે.

૨૦૧૭ની ચૂંટણી બાદ કોંગ્રેસે અત્યાર સુધીમાં ૧૪ ધારાસભ્યો ગુમાવી દીધા છે. જો કે તેની સામે તેના પેટાચૂંટણીમાં પક્ષના ત્રણ ધારાસભ્યો જે અગાઉ ભાજપમાં ભળ્યા હતા તેની સામે કોંગ્રેસના ઉમેદવાર પુનઃ જીત્યા છે અને હવે વિધાનસભામાં કોંગ્રેસનું સંખ્યાબળ ૬૫ થઈને અટકી પડયું છે. ૨૦૧૭ની ધારાસભા ચૂંટણીમાં ભાજપે તમામ ખેલ નાંખ્યા છતા અહમદ પટેલ એક મતના વિવાદથી આબાદ જીતી ગયા હતા.

કચ્છમાં ભારે પવન સાથે પડેલા વરસાદ કારણે કેરીના પાકને સૌથી મોટું નુકશાન

કચ્છ

ગુજરાતમાં કોરોના વાયરસ અને લોકડાઉન ત્યારબાદ નિર્સગ વાવાઝોડા કારણે જગતનો તાતને સૌથી મોટી નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે. કચ્છમાં ભારે પવન સાથે પડેલા વરસાદ કારણે કેરીના પાકને સૌથી મોટું નુકશાન થયું હોવાના અહેવાલ સામે આવી રહ્યા છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, કચ્છ કેસર કેરી માટે જાણીતો છે. ચાલુવર્ષે ૧૦,૦૦૦ હેક્ટરમાં કેરીનું વાવેતર થયું હતું.

એક અંદાજ મુજબ ૬૦,૦૦૦ મેટ્રિકટન કેરીના ઉત્પાદનની શક્યતા હતી. નિર્સગ વાવાઝોડા અસર કારણે ખેડૂતોની આશા પર પાણી ફેરવી દીધું છે. બે દિવસ સુધી કચ્છમાં પવન સાથે વરસાદ પડતા કેરીનાં પાકને નુકશાન થયું છે. ભુજ તાલુકાના આસપાસ વિસ્તારમાં ખેડૂતો કેસર કેરીનું વાવેતર કરે છે. ચાલુ વર્ષે કેરીના પાકમાં ૫૦ ટકા જેટલું ફલાવરીંગ જોવા મળ્યું હતું. .નિર્સગ વાવાઝોડા કારણે અદાજીત ૨૦ ટકા જેટલો કેરીનાં પાક ખરી પડતા ખેડૂતોને નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે.

નિર્સગ વાવાઝોડા કારણે કેસર કેરીનું થયેલ નુકશાન લઈને બાગાયત વિભાગ દ્વારા સર્વે કરવામાં આવ્યો છે. જેમાં વાવાઝોડાની અસર કારણે ૨૦ ટકા જેટલું નુકશાન થયું હોવાનું સામે આવ્યું છે.

વડોદરામાં બજાજ ફાઈનાન્સમાં અધિકારી કોરોનાગ્રસ્ત થતા ઓફીસ કરાઈ સીલ

વડોદરા

વડોદરા શહેરના ગેંડા સર્કલ ખાતે આવેલી બજાજ ફાઈનાન્સની ઓફિસમાં છેલ્લા કેટલાક દિવસોથી ઉમટી રહેલા લોકોના ટોળા વચ્ચે આજે આ ઓફિસના એક કર્મચારીમાં કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવ્યા બાદ સમગ્ર ઓફિસમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ ઘટના બાદ ત્યાં બોર્ડ મારીને ઓફિસ બંધ કરી દેવામાં આવી હતી. લોકડાઉનમાં ધીમે ધીમે મળેલી છૂટછાટ બાદ આ ઓફિસ પાછી ખોલવામાં આવી હતી. જોકે લોકોના ટોળા ભેગા થતા હોવાથી સોશ્યલ ડિસ્ટન્સિંગ નહી જળવાતુ હોવાની બૂમો પણ ઉઠી હતી. હવે મળતી વિગતો પ્રમાણે ઓફિસના એક કર્મચારીને કોરોના પોઝિટિવ આવ્યો છે અને તેના કારણે આજે સવારથી ઓફિસને તાળા મારી દેવાયા હતા. જોકે લોકોને આ બાબતની જાણકારી નહીં હોવાથી આજે પણ મોટી સંખ્યામાં લોકો ઓફિસની બહાર ભેગા થયા હતા. અહીં ઉલ્લેખનીય છે કે, લોકડાઉનના સમયગાળામાં પણ બજાજ ફાઈનાન્સ દ્વારા લોનના હપ્તાના ચેક બાઉન્સ થાય તો એક નહી પણ ચાર-ચાર વખત પેનલ્ટી વસુલવામાં આવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.ગ્રાહકોનુ એમ પણ કહેવુ છે કે, કંપની દ્વારા હપ્તા ભરવામાં સરકારે આપેલી રાહતનો અમલ કરવા અંગે પણ કોઈ જાણકારી અપાતી નથી. લોકોના હોબાળાના કારણે અહીંયા છેલ્લા બે-ત્રણ દિવસથી પોલીસ તૈનાત કરવામાં આવે છે.હપ્તા ભરવા કે પૂછપરછ કરવા માટે આવેલા લોકોને પોલીસે ઘરે મોકલી દીધા હતા.આ દરમિયાન કેટલાક ગ્રાહકોએ પોલીસ પર દાદાગીરી કરીને લોકોને ડરાવવા અને ધમકાવવાનો પણ આરોપ મુક્યો હતો.

કોરોના મુક્ત બનેલા ડાંગ જિલ્લામાં ફરીથી બે કેસ પોઝિટિવ નોંધાયા

બન્ને દર્દીઓ આહવાના આઈસોલેશન બોર્ડમાં દાખલ

આહવા

આરોગ્ય વિભાગની સતર્કતાના કારણે ડાંગ જિલ્લો કોરોનામુક્ત બન્યા બાદ લાંબા સમયબાદ ડાંગ જિલ્લામાં ફરી આજરોજ કોરોના વાઈરસ કોવિડ ૧૯ ના બે કેસો ધ્યાન ઉપર આવ્યા છે. ડાંગ જિલ્લા કલેકટરશ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગના દિશા-નિર્દેશ સાથે જિલ્લાના વહીવટી તંત્ર,આરોગ્ય અને પોલીસ વિભાગ દ્વારા ભારે જહેમતભરી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

આહવા તાલુકાના હનવતચૌંડ (નીચલુ ફળિયું) ગામના ટ્વીંકલબેન અંકેશભાઇ બાગુલ (ઉ.વ.૧૯ વર્ષ) તેમની ટ્રાવેલ અંગેની કોઇ હિસ્ટ્રી નથી પરંતુ સગર્ભાવસ્થામાં આહવા જનરલ હોસ્પિટલ ખાતે સારવાર તપાસણી માટે આવતા હતા તેમજ સુન્દા (ઉપલુ ફળિયું) ગામના શાંતિબેન તુલસ્યાભાઇ મહાકાળ (ઉ.વ.૬૩ વર્ષ) હાઇપર ટેન્શન જેવી બિમારીથી પીડાતા હોય તેઓ પણ સિવિલ હોસ્પિટલ, આહવા ખાતે સારવાર માટે અવાર-નવાર આવતા હતા. તેઓ પણ ખાસ કોઇ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા ન હોવા છતા તેમના કોરોના કોવિડ ટેસ્ટ રીપોર્ટ પોઝેટીવ આવતા આ બંને દર્દીઓને કોવિડ ૧૯ હોસ્પિટલ,આહવા ખાતે આઇસોલેશન વોર્ડમાં સારવાર આપવામાં આવી રહી છે.

ડાંગ કલેકટરશ્રી એન. કે. ડામોર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.કે. વઢવાણિયાએ તુરંત હનવતચૌંડ અને સુન્દા ગામની મુલાકાત લઇ કોરોના પોઝેટીવ દર્દીઓના ઘરની મુલાકાત લઇ કુટુંબીજનોના ખબર અંતર પુછયા હતા. સાથે આરોગ્ય વિભાગની ટીમને સર્વેલન્સની કામગીરીનું નિરિક્ષણ કર્યું હતું. તેઓના સીધા સંપર્કમાં આવેલા વ્યક્તિઓ,સગા સબંધીઓની યાદી તૈયાર કરી તેઓને કોરન્ટાઇન કામગીરી શરૂ કરી દેવાઇ હતી. વધુમાં કન્ટેઇનમેન્ટ ઝોન જાહેર કરી સમગ્ર વિસ્તારને સેનેટાઇઝ કરી ગામના સરપંચશ્રીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી તકેદારી રાખવા અનુરોધ કર્યો હતો.

પીપરી સામુહિક આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા ઉપરોક્ત બંને ગામોમાં ૪૦ ઘરોના કુલ ૨૧૯ વ્યક્તિઓના સ્ક્રીનીગ કરવામાં આવ્યા હતા. તેમજ કુટુંબના ૬ સભ્યોને કવોરન્ટાઇન કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ડાંગ જિલ્લામાં ૯૫૩ વ્યક્તિઓને કોવિડ ૧૯ ના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જે પૈકી અગાઉ એપ્રિલ માસ દરમિયાન ૩ કોરોના પોઝેટીવ નોંધાયા હતા. જેઓ સારવાર બાદ સંપૂર્ણ સાજા થતા નિયમાનુસાર રજા આપવામાં આવી હતી.

આજરોજ ઉપરોક્ત બંને ગામોમાં મુલાકાત વેળાએ પ્રાંત અધિકારીશ્રી કાજલબેન ગામીત,નાયબ પોલીસ અધિક્ષકશ્રી જે.આઇ. વસાવા,મામલતદાર શ્રી ધવલ સંગાડા,માર્ગમકાન પંચાયત વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી માહલા,વધઇ પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી શૈલેષભાઇ રાઠોડ,આહવા પી.એસ. આઇ. મોદી ડૉ.પાઉલ વસાવા, ડૉ.કોમલ ખેંગાર, હનવતચૌંડ સરપંચશ્રી હેમંતભાઇ,ધોધલી સરપંચશ્રી આનંદભાઇ,માજી ધારાસભ્ય શ્રી વિજયભાઇ પટેલ સહિત અધિકારી/કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સચીન અને હજીરા ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સિવિલને રૂ. ચાર કરોડનું અનુદાન

ધારાસભ્ય ઝંખના બેન પટેલની ઉપસ્થિતિમાં કલેકટરને એક અર્પણ

સુરત

કોરાના વાયરસની મહામારીનો વ્યાપ જયારે દિન-પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે કોરોના દર્દીઓને આરોગ્યની શ્રેષ્ઠ સારવાર અને ઉત્તમ સુવિધાઓ ઝડપભેર થઈ શકે તે માટે સચીન નોટીફાઈડ એરીયા અને હજીરા નોટીફાઈડ એરીયાની સર્વગ્રાહી વિકાસ સમિતિ દ્વારા બે-બે કરોડ મળી કુલ ૪ કરોડના અનુદાનના ચેકો નવી સીવીલ હોસ્પિટલની રોગી કલ્યાણ સમિતિના ચેરમેન અને જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલને અર્પણ કર્યો હતો. આ વેળાએ ધારાસભ્ય શ્રીમતિ ઝંખનાબેન પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

નવી સીવીલ હોસ્પિટલની કોવિડ-૧૯ હોસ્પિટલ માટે જરૂરી વેન્ટીલેટર સહિતના અત્યાધુનીક સાધનો સહિતની ઈન્ટુમેન્ટની સુવિધાઓ ઉપલબ્ધ થાય અને દર્દીઓને ઉત્તમ પ્રકારની સગવડોમાં વધારો થાય તેવા આશયથી સચીન ઈન્ડસ્ટ્રીઝ કો.ઓ.સો.સા.યટીના પ્રમુખશ્રીમતિ રંમાબેન મહેન્દ્રભાઈ રામોલીયાએ બે કરોડ તથા હજીરા ઈન્ડસ્ટ્રીયલ એસોસીયેશનના પ્રમુખશ્રી હેમતભાઈ દેસાઈએ બે કરોડ મળી રૂા.ચાર કરોડનો ચેકો જિલ્લા કલેકટર અને નવી સીવીલ હોસ્પીટલના તબીબી અધિક્ષક પ્રીતિબેન કાપડીયાને અર્પણ કર્યો હતો. આ વેળાએ સચીન નોટીફાઈડ એરીયાના શ્રી મહેન્દ્રભાઈ રામોલીયા, નોટીફાઈડના રીજીયોનલ મેનેજર શ્રી યોગેશભાઈ પરમાર, ચીફ ઓફિસરશ્રી ડી.એમ.પટેલ, નિવાસી અધિક કલેકટરશ્રી એસ.ડી.વસાવા ઉપસ્થિત રહ્યા હતા.

વેબ સીરીઝમાં સૈન્ય ગણવેશ અપમાનઃ ગુનો નોંધવા માંગણી

સુરત કલેકટર સમક્ષ સાંસ્કૃતિક રક્ષા સમિતિની ફરિયાદ

સુરત

આજ રોજ સુરત કલેકટર મારફતે પ્રધાનમંત્રીશ્રીને તથા ઉધના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીને રજુઆત કરવામાં આવી કે, દેશના સૈનિકોનું અપમાન કરતી વેબસિરિસ X.X.X.Uncensroed ને પ્રકાશિત કરનાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે. આ શો ને પ્રસારિત કરનાર ALTBalaji કે જેના ફાઉન્ડર બોલીવુડ સેલિબ્રિટી એકતા કપૂર ની વિરુધ્ધ ગુનો દાખલ કરવા રજુઆત કરવામાં આવી. તેમજ ભારતીય સેન્સર બોર્ડના ધજીયા ઉડાવતી આવી વેબ સિરિસો પર રોક લગાવવા રજુઆત કરવામાં આવેલ. દેશના સૈનિકોનું તથા રાષ્ટ્રીય પ્રતીકવાળા સૈન્યના યુનિફોર્મનું અપમાન કરતો આપત્તીજનક એપિસોડ રજૂ કરવા બાબતે આજ રોજ મહેરબાન સુરતના ઉધના પોલીસ ઈન્સપેક્ટર સાહેબને લેખિત ફરિયાદ આપવામાં આવી તેમજ યોગ્ય તાપસ કરી ગુનો નોંધવામાં આવે તેવી માંગણી કરી. આ સાથે સાંસ્કૃતિક રક્ષા સમિતિના આગેવાનો આશિષ સૂર્યવંશી, હરીશભાઈ પાટીલ, યોગેશભાઈ બોરસે, ચેતણભાઈ આવકાળે ઉપસ્થિત રહી રજુઆત કરવામાં આવેલ હતી.

કોરોનાના કહેર વચ્ચે

પરીક્ષા અંગે પુનઃ વિચારણા કરવા નર્મદ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનો શિક્ષણ મંત્રીને પત્ર

સુરત

કોરોના સકમીત કેસમાં થઈ રહેલા વધારા વચ્ચે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા પરીક્ષા યોજવાની ચાલી રહેતી ગતિવિધીને પગલે આર્કિટેક્ચરના વિદ્યાર્થીઓએ પરીક્ષા મુદ્દે ફેરવિચારણા કરી ડિજીટલ ફોર્મેટમાં પરીક્ષા યોજવાની માંગ કરતો પત્ર શિક્ષણ મંત્રીને લખ્યો છે. મહત્તમ છુટછાટ સાથેના અનલોક ૧માં કોરોનો પોઝિટિવ કેસમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે, તેવા સંજોગોમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવનારી આર્કિટેક્ચરની પરીક્ષાના મુદ્દે વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓએ શિક્ષણ મંત્રીને પત્ર લખી જણાવ્યું છે કે, આર્કિટેક્ચરના વિદ્યાર્થીઓએ શીટ્સ પિન્ટીંગ માટે અલગ-અલગ વ્યક્તિઓના સંપર્કમાં આવવું પડે છે. જયૂરી માટે શીટ્સ પીન-અપ અને મોડેલ બનાવવા માટે સામગ્રી મેળવવું અને તે લાવવા લઈ જવા માટે બે વ્યક્તિની જરૂર પડે છે તો તેમાં સોશિયલ ડિસ્ટન્સ જળવાતું નથી. પરિવાર દ્વારા ઘરની બહાર નીકળવાની મંજૂરી નથી, કેટલાક વિદ્યાર્થીઓ વતન ગયા છે તેમને પરત આવવા માટે પરિવહનની પૂરતી સુવિધા નથી, વતનના જિલ્લામાંથી પરત આવતા વિદ્યાર્થીઓથી સક્રમણ ફેલાવવાનો ભય, હજી પણ કેન્ટેન્ટમેન્ટ ઝોનના રહેવાસીઓને બહાર નીકળવાની છુટ નથી, જેથી આ વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા આવવાનું અશક્ય છે.

આ ઉપરાંત લોકડાઉનના કારણે મોટા ભાગના પરિવારો આર્થિક સંકડામણમાં છે, અને એક વિદ્યાર્થી કોરોનાગ્રસ્ત થયો છે. બીજી તરફ યુનિવર્સિટી કેમ્પસની સમરસ હોસ્ટેલમાં કવોરેન્ટાઈ વોર્ડ બનાવવામાં આવ્યો છે, તો આ પરિસરમાં પરીક્ષા આપવા આવનારા વિદ્યાર્થીઓના જીવ જોખમમાં મુકાય એમ છે. આ ઉપરાંત પ્રશ્નપત્ર પિન્ટ થઈને કેટલી વ્યકિતના હાથમાંથી પસાર થાય છે, નક્કી નથી અને તેને સેનેટાઈઝ કરવું પણ અશક્ય છે. જેથી પરીક્ષા ડિજીટલ ફોર્મેટમાં યોજવાની માંગણી કરવામાં આવી છે.

એલઆરટી પુરુષ ન્યાય સમિતિ દ્વારા વધુ એક વાર આંદોલન કરવા ચીમકી

પુરુષ એલઆરડી ઉમેદવારો દ્વારા કલેક્ટરને આવેદન પાઠવાયું

સુરત

એલઆરડીના પુરુષ ઉમેદવારો મોટા ભાગના દરેક સમાજના આગેવાનો સાથે લઈને તા. ૧૫.૬.૨૦ પછી ટુંક સમયમાં ગમે ત્યારે ગાંધીનગરમાં મોટા પાયે જમીની આંદોલન કરવા જઈ રહ્યા છે. જેની જાણ કરવા બાબતે એલઆરડી પુરુષ ન્યાય સમિતિ દ્વારા સુરત જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી જણાવ્યું હતું કે આપના દ્વારા એલઆરડી ભરતી ૨૦૧૮/૧૯/૨૦માં ભારત દેશના બંધારણના કાયદાનો ભંગ કરી પુરુષ ઉમેદવારો સાથે જે ઘોર અન્યાય થયો છે જેના વિરોધમાં અમે પુરુષ ઉમેદવારો સરકાર સાથે વાતચીત કરવાના અને સરકાર સામે પોતાની વાત રજુ કરવા માટેના અથાગ પ્રયત્નો કરી ચુકયા છીએ. શુરઆતથી અલગ અલગ મામલતદાર કચેરીઓ અને કલેકટર કચેરીઓને આવેદન આપીને આપના સુધી વાત પહોંચાડવાનો પ્રયાસ કર્યો, પચી ૩ વખત ગાંધીનગરમાં ૫૦૦થી ૬૦૦ ઉમેદવારો ભેગા થઈને આંદોલન કર્યું, તો દર વખતે તમે પોલીસનો ઉપયોગ કરીને અમારી દરપકડ કરાવી. આ કોરોના મહામારીમાં અમે આપશ્રરી ને કોઈ પણ વળતર લીધા વગર સેવાનો મોકો આપવાની વાત કરી તો તેને પણ નજર અંદાજ કરવામાં આવી, પછી આ કોરોનાની મહામારીના સમયમાં અમે અમેદવારોએ સરકારના અલગ અલગ નેતાઓ વાતચીત કરવા માટેના લાખ્ખો મેઈલ, ટેક્ષ્ટ મેસેજ અને હજારો ફોનકોલ્સ કર્યા છે.

હવે ધીરજ ખુટી રહી છે એ હવે ઘણા બધા સમાજના આગેવાનો નો સાથ લઈને આ આવેદન મારફતે તમને અમારા આગળના કાર્યક્રમની જાણ કરીએ છીએ અને તા. ૧૫.૬.૨૦૨૦ સુધી આપના હકારાત્મક જવાબની આશા રાખીએ છીએ અને જો આપના તરફથી કોઈ જવાબ નહી મળે તો અમે ઉમેદવારો હવે તા. ૧૫.૬.૨૦૨૦ પછી ગાંધીનગરમાં ભેગા થઈને ખુબ મોટા પાયે જમીન પર ઉતરીને આંદોલન કરશે તેમ પણ આવેદન પત્રમાં જણાવ્યું હતું.

વિશ્વ વર્યાવરણ દિવસ નિમિત્તે

ભરૂચ-અંકલેશ્વર વચ્ચે રેવા અરણ્ય પ્રોજેક્ટમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ફોરેસ્ટ વિભાગ દ્વારા પર્યાવરણના જતન અંગે ધનિષ્ઠ વૃક્ષારોપણ ઝુંબેશ

ભરૂચ

વિશ્વ પર્યાવરણ દિવસની બીપી સંસ્થાઓ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી અને વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

વિશ્વ પર્યાવરણ દિન નિમિતિ ભરુચ સીટીઝન કાઉન્સિલ, ફોરેસ્ટ વિભાગ, મહાવીર ઈન્ટરનેશનલ અને પી.આઈ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ભરૂચ અને અંકલેશ્વર વચ્ચે આકાર લઈ રહેલ ઘનિષ્ઠ વનીકરણ ના રેવા અરણ્ય પ્રોજેક્ટ ખાતે વૃક્ષારોપણ કર્યું હતું જેમાં કાઉન્સિલના સેક્રેટરી હરીશ જોષી, કમલેશ દંડ, વિનોદભાઈ ધોકા તેમજ વન વિભાગના ફોરેસ્ટ અધિકારી સુરજભાઈ જોડાયા હતા.

તો અંકલેશ્વર નગરપાલિકા અને રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર ના સંયુક્ત ઉપક્રમે ખાસ રોડ પર આવેલ એશિયાડ નગર ખાતે વૃક્ષારોપણના કાર્યક્રમનું પણ આયોજન કરાયું હતું જેમાં નગરપાલિકાના અધિકારીઓ તેમજ રોટરી ક્લબના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

અંકલેશ્વર થી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની પ્રાદેશિક કચેરી દ્વારા પણ નિર્માણ પામી રહેલ તેમના નવા ભવન ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું ત્યારબાદ અંકલેશ્વર ઉદ્યોગ મંડળ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ખૈલ્ફષ્ઠ અને નોટીફાઈડ એરિયા ઓથોરિટી દ્વારા ડિકોન્ટામિનેશન પ્લાન્ટ પાસે વડ લીમડો જેવા વૃક્ષોનું વાવેતર કરાયું હતું. અંકલેશ્વરની વોકાર્ડ કંપનીમાં પણ વૃક્ષારોપણ ઉપરાંત બાયોડાઈવર્સિટી અંગે વક્તવ્યનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમોમાં અંકલેશ્વર ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની પ્રાદેશિક કચેરી ના ઓફિસર વ્યાસ અંકલેશ્વર ઉદ્યોગ મંડળના પ્રમુખ મહેશ પટેલ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. તમામ કાર્યક્રમોમાં સોશિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખવામાં આવ્યું હતું તેમજ તમામ લોકોએ માસ્ક પહેર્યા હતા. અંકલેશ્વર શહેર તેમજ જીઆઈડીસીમાં મોટાપાયે વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

સરથાણા પોલીસે દારૂ ભરેલી કાર પકડીઃ બે લોકો ઝડપાયા

નવસારીના બુટલેગર સૂચિત ને શોધતી પોલીસ

સુરત

સુરતમાં લોકડાઉન પૂર્ણ થતા વિદેશી દારૂની હેરફેર શરૂ થઈ ગઈ છે. સરથાણા પોલીસે વિદેશી દારૂનો જથ્થો ભરેલી કાર જપ્ત કરી રૂપિયા ૩૦,૬૦૦ની કિંમતનો દારૂ, કાર , મોબાઈલ ભોન મળી કુલ્લે રૂપિયા ૧,૧૯,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

સરથાણા પોલીસે બાતમીના આધારે હરેકૃષ્ણ એક્ષાપર્ટની સામે માન્ય રેસીડેન્સી પાસેથી કાર નં જીજેપ સીએન ૬૨૯૮ને જપ્ત કરી વિદેશી દારૂની રૂપિયા ૩૦,૬૦૦ની કિંમતની ૪૫ બોટલો જપ્ત કરી હતી. પોલીસે કુલ્લે રૂ. ૧,૧૯,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી આયુષ રાજુ વાવૈયા, ઘેલા ઉર્ફે ઘનશઅયામ રવજી ગજેરાની અટકાયત કરી કોરોના રિપોર્ટની તપાસ કરી હતી. જ્યારે નવસારીના સૂચિતને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

એનટીપીસી કવાસમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

સોશિયલ ડિસ્ટન્સ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

સુરત

એનટીપીસી કવાસ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવવામાં આવ્યો. વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૦ના ઉપલક્ષ્યમાં કવાસ ખાતે વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું . આ વર્ષના પર્યાવરણ દિવસનો વિષય જૈન વિવિધતા અને જૈન વિદિાના સંરક્ષણના પ્રયાસ કરવા માટે કવાસ પરિયોજના દ્વારા વધુમાં વધુ વૃક્ષ વાવવામાં આવ્યા છે. મનિષ કુમાર શ્રીવાસ્તવ મુખ્ય પ્રબંધક તેમજ મહાપ્રબંધક, અપર મહાપ્રબંધક કવાસ સહિત ઉપસ્થિત કર્મચારીઓ દ્વારા ગત રોજ સવારે આદિત્ય નગર ટાઉનશિપ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સ્વાતી લેડીજ ક્લબના અધ્યક્ષ શ્રીમતી આરતી શ્રીવાસ્તવ તેમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. કવાસ પરિવાર દ્વારા પર્યાવરણ ની જાળવણી સાથે સાથે હાલમાં ચાલી રહેલી મહામારીને ધ્યાનમાં રાખી સામાજીક અંતર તેમજ માસ્ક પહેરીને કાર્યક્રમનો પૂર્ણ કરવામાં આવ્યો હતો.

નવસારીમાં ડોર ટુ ડોર સર્વેમાં ૫.૭૨ લાખ લોકો આવરી લેવાયા

નવસારીમાં કુલ ૧૩ કન્ટેઇનમેન્ટ વિસ્તાર જાહેર કરાયા

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૦૫/૦૬/૨૦૨૦ ના રોજ ૭૬ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી-૧૩, જલાલપોર- ૨૧, ગણદેવી- ૧૩, ચીખલી- ૧૧, ખેરગામ-૦૫ વાંસદા- ૧૧, અન્ય રાજય/જિલ્લાના ૦૨ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ-૩૩૪૦ સેમ્પલ લેવામાં આવ્યા છે જે પૈકી ૩૨૩૬ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં પાંચમા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૫,૭૨,૨૯૪ વસ્તીને આવરી લેવામાં આવી છે. પોઝીટીવ દર્દીઓ પૈકી મુંબઈ-૧૨, સુરત-૦૬, વલસાડ(ડુંગરી)-૦૧, ઓખા-૦૧ થી સંક્રમિત થયેલા છે. નવસારી જિલ્લામાં આજદિન સુધી કુલ-૨૮ કોરોનો પોઝીટીવ દર્દીઓ છે પૈકી ૧૪- દર્દીઓને ડિસ્ચાર્જ કરાયાં તેમજ ૦૧ દર્દીનું મૃત્યું થયું છે.

હાલમાં, પટવાશેરી જૈન દેરાસર, શિવગંગા સોસાયટી, જલાલપોર, સમીર ગાર્ડન ઇટાળવા, શ્રીજી ઍપાર્ટમેન્ટ, જુનાથાણા, નવસારી, નવસારી શહેરી વિસ્તારમાં વિરભદ્ર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ઠાકોરવાડી વિસ્તાર, અમરદીપ સોસાયટી વિજલપોર, કાંટસવેલ, વાંદરવેલા, કુકેરી, સરૈયા, બોરસી માછીવાડ તથા મોહનપુર ઍમ.કુલ-૧૩ વિસ્તારો કન્ટેઇનમેન્ટ હેઠળ છે. કન્ટેઇનમેન્ટ વિસ્તારમાં ૭૫ મેડિકલ ટીમો દ્વારા કુલ ૧૨૨૩૯ વસ્તી, ૩૦૬૫ ઘરોનું સર્વે હાથ ધરવામાં આવેછે. તેમ નવસારી જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે

તાતી થૈયામાં આધેડ મહિલાનો આપઘાત

પલસાણા

પલસાણા તાલુકાના તાતીથૈયામાં રહેતી ૪૫ વર્ષીય મહિલાએ પોતાના ઘરમાં અગમ્યકારણસર પંખાની હુક સાથે સાડીનો છેડો બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મહી ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર મુળ યુપી અને તાતીથૈયાના ધારા પેલેસમાં રૂમ નંબર ૨૦૧માં રહેતી ઈદ્ર કુમારી રામકુમાર રાજપુત ઉ.વ. ૪૫ નામની મહિલાએ ગત રાત્રે પોતાના ઘરમાં કોઈક કારણોસર સીલીંગ પંખાની હુક સાથે સાડીનો છેડો બાંધીને ગળે ફાસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.

પલસાણા એનવાર્યો પ્રોટેકશન દ્વારા હજારો વૃક્ષોનું રોપણ કરાયું

પલસાણામાં વિશ્વ વર્યાવરણ દિવસની કરાયેલી ઉજવણી

સુરત

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે પલસાણા એનવાર્યો પ્રોટેકશન લિમિટેડ દ્વારા કડોદરા સહિત પલસાણા તાલુકા વિસ્તારમાં જુદા જુદા સ્થળોએ હજારોની સંખ્યામાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવેલ જેમાં વન વિભાગ કડોદરા નગર પાલિકા પોલીસ ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ પર્યાવરણ ૫ જુનના રોજ પલસાણા એનવાર્યો પ્રોટેકશનના હોદ્દેદારો દ્વારા પરિસરના ફરતે તથા કડોદરા સ્મશાન ગૃહની આસપાસ વિગેરે જગ્યાએ ૧૫૦૦થી વધુના છોડવાઓ રોપી જેનો ઉદ્દેશ્ય વિશ્વમાં પર્યાવરણ જાળવણી તેમજ તેનુ સવર્ધન થાય તે ઉમદા હેતુ થી પર્યાવરણની ઉજવણી કરવામાં આવેલ હતી. આ પ્રસંગે કડોદરાના કારોબારી અધ્યક્ષ અંકુર દેસાઈ પીઈપી સેલના સુભાષભાઈ પાટોડીયા તથા મેહુલભાઈ ડીવાયએસપી રૂપલ સોલંકી કડોદરા પો.સ.ઈ વળવી સહિત વન વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા.

સુરતમાં નવા ૯૩ કેસ સાથે પોઝિટિવની સંખ્યા વધીને ૨૨૦૧ થઈ, બે વ્યક્તિના મોત, ૩૫ દર્દીઓ સાજા થયા

કોરોના પોઝિટિવની સંખ્યા વધતા તંત્ર દ્વારા નવા કલસ્ટર ઝોન જાહેર કરવામાં આવી રહ્યાં છે : અનલોકમાં સૌથી વધુ કેસ કતારગામ,રાંદેર અને અઠવામાંથી મળે છે : લોકોને સ્વયંભૂ રીતે કોરોના વોરિયર્સ બનીને તકેદારી રાખવા અપીલ

સુરત

અનલોક-૧માં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા છેલ્લા પાંચેક દિવસથી સતત વધી રહી છે. મહાનગર પાલિકા અને જિલ્લા તંત્ર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ શહેરમાં આજના નવા ૭૭ દર્દીઓ અને જિલ્લાના ૧૬ મળી કુલ ૯૩ પોઝિટિવ કેસ સાથે આંકડો ૨૨૦૧ પર પહોંચ્યો છે. આજે શહેરમાં કુલ બે વ્યક્તિના મોત નીપજ્યાં છે. જેથી મૃત્યુઆંક ૮૨ થયો છે. આજે શહેરમાં ૩૫ વ્યક્તિઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે. જ્યારે જિલ્લાના કોઈપણને રજા હોસ્પિટલમાંથી અપાઈ નથી. કોરોના સામે અત્યાર સુધીમાં ૧૩૭૬ વ્યક્તિઓએ કોરોનાને મ્હાત આપી છે.

સુમુલ ડેરીનો વોચમેન, સિવિલ હોસ્પિટલના ડોક્ટરો અને અમેરિકામાં દુકાન ચલાવતા અને હાલ સુરત આવેલા વ્યક્તિ સહિત શહેરમાં જ ૮૯ લોકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. નવી સિવિલ હોસ્પિટલના ડોકટર,સ્ટાફ નર્સ અને પટાવાળાના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા.આટલું જ નહીં પણ મિલેનિયમ હાઈટ્સના વોચમેન,પ્રિન્ટિંગ પ્રેસ ચલાવનાર, શાકભાજી વિક્રેતા, એલ.એન્ડ.ટી.ના મેનેજર, રિલાયન્સ જીઓમાં જોબ કરતા યુવક અને ફરસાણની દુકાનવાળાનો પણ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

અત્યાર સુધીમાં અનેક પોલીસકર્મીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવી ચુક્યો છે જોકે શુક્રવારે એક આઇપીએસનો રિપોર્ટ પોઝિટિવ આવતા પોલીસ વિભાગના કોન્સ્ટેબલથી લઈ આઇપીએસ સુધી કોરોના ફેલાયો છે એવું કહી શકાય.વેસુમાં રહેતા ૨૦૧૭ની બેચના એક આઇપીએસનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. સૌરાષ્ટ્રના એક જિલ્લામાં એમનું પોસ્ટિંગ હતું.૨૦મેના રોજ તેઓ સૌરાષ્ટ્રથી સુરત આવ્યા હતા.શુક્રવારે કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.હાલ તેઓ સિવિલ હોસ્પિટલમાં છે પણ સ્થિતિ સામાન્ય હોવાનું જાણવા મળે છે.

નવસારીમાં વિરભદ્ર કોમ્પલેક્ષ કન્ટેન્ટમેન્ટ વિસ્તારમાંથી મુક્ત

રહેણાંક વિસ્તારનો નિયમ મુદત સુધીનો કન્ટેઈનમેન્ટ વિસ્તાર યથાવત

નવસારી

હાલમાં કોરોનો વૈશ્વિક મહામારીના એક પછી એક જિલ્લાઓ ભોગ બની રહ્યાં છે. તેમાં નવસારી જિલ્લાનો પણ સમાવેશ થઈ ગયો છે. જિલ્લાના નવસારી નગરપાલિકાના વિસ્તારમાં (કોવિડ-૧૯) પોઝીટીવ પ્રકાશમાં આવતાં કન્ટેઇનમેન્ટ તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આર્દ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ નવસારી નગરપાલિકા વિરભદ્ર કોમ્પલેક્ષ (રેસીડેન્સીયલ/કોમર્શીયલ) વિસ્તારને કન્ટેઇનમેન્ટ એરિયા તરીકે જાહેર કરવામાં આવ્યો છે. ઉત્તરે વિરભદ્ર કોમ્પલેક્ષની પાછળની કંપાઉન્ડની બાઉન્ડ્રી સુધી, દક્ષિણે સ્ટેશન રોડ ઉપર ટી.પી.સ્કીમ નં-૧ ના અંતિમ ખંડ નં-૩૫૨ ઉપર આવેલ વિરભદ્ર કોમ્પલેક્ષની રોડની માર્જીનથી શરૂ કરી, પૂર્વે વિરભદ્ર કોમ્પલેક્ષ અને સુરભી હોસ્પિટલના રસ્તા વચ્ચે આવેલા કંપાઉન્ડ વોલ થી શરૂ, પશ્ચિમે વિરભદ્ર કોમ્પલેક્ષ અને ૬ ફૂ એવન્યુ વચ્ચે આવેલી કંપાઉન્ડ વોલ સુધીનો વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. ઉપરોકત વિસ્તાર કન્ટેઇનમેન્ટ તરીકે જાહેર કરવામાં આવ્યો છે. જે જાહેરનામાં સુધારો કરાતાં ફકત વિરભદ્ર કોમ્પલેક્ષમાં આવેલા કોમર્શીયલ કોમ્પલેક્ષને કન્ટેઇનમેન્ટ વિસ્તારમાંથી મુકિત આપવામાં આવેલ છે. કોમ્પલેક્ષમાં આવેલા રહેણાંક વિસ્તારનો નિયત મુદત સુધીનો કન્ટેઇનમેન્ટ વિસ્તાર યથાવત રાખવામાં આવ્યો છે. વધુમાં આ કોમ્પલેક્ષમાં રહેણાંક અને કોમર્શીયલ વિસ્તારની એન્ટ્રી અને એકઝીટ સંપૂર્ણપણે અલગ રાખવાની રહેશે. આ જાહેરનામાનો અમલ તા./૦૮/૦૬/૨૦૨૦ સુધી રહેશે.

સુરતમાં ૫૦૦ રૂ.ની લેતીદેતીમાં મિત્રએ કરી મિત્રની હત્યા કરતા મચ્યો ખળભળાટ

સુરત

શહેરની પનાસ નહેરમાંથી એક અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. આ મૃતદેહ મામલે પોલીસને હત્યાનો ભેદ ઉકેલવામાં સફળાત મળી છે. પોલીસે આ મામલે તપાસ કરતા માત્ર ૫૦૦ રૂપિયાની મામુલી લેતીદેતીમાં ખટરાગ થતા મિત્રએ જ મિત્રની હત્યા કરી નાંખી હતી અને તેના મૃતદેહને પનાસ નહેરમાં ફેંકી દીધો હતો. બનાવની વિગત એવી છે કે શહેરના સિટીલાઇટ વિસ્તારના અણુદ્વાર નજીક પનાસ નહેરમાંથી એક યુવકની લાશ મળી આવી હતી. આ લાશને બહાર કાઢીને પોલીસે તપાસ કરી હતી. પોલીસે લાશનું પીએમ કરતા તેનું ગળુ દબાવી હત્યા કરવામાં આવી હોવાનું ખૂલ્યું હતું.

પોલીસે લાશનો કબ્જો લઈને તપાસ કરતા તેનું નામ વિકાસ હોવાનું ખૂલ્યું હતું. પોલીસે તપાસ કરતા આ યુવક શહેરના જમનાનગરથી ભટાર જવાના રોડ પર બીઆરટીએસ પાસેના ફૂટપાથ પર રહેતો હતો. આ યુવક સાથે જિતુ અને રામસિંગ નામના બે શખ્સો પણ રહેતા હતા અને સાથે મજૂરી કામ કરતા હતા. દરમિયાન બેંની આકરી પૂછપરછ કરતા માલૂમ પડ્યું હતું કે લોકડાઉન કામ ન મળતા તે સતત પરેશાન હતા. રામસિંગ એક દિવસ મજૂરીએથી પરત આવ્યો અને ૫૦૦ રૂપિયાનું રાશન લાવ્યો હતો અને વિકાસને જમનાવું બનાવવા માટે કહ્યું હતું. આ ૫૦૦ રૂપિયાના મામલે પૈસા માંગ્યા હતા અને જમવાનું બનાવવાનું કહ્યું હતું.

આ મામલે વિકાસે રામસિંગને માર માર્યો હતો. આ ઝઘડામાં રામસીંગને લાગી આવતા તેણે વિકાસ ઉંઘી ગયા હબાદ જિતુ સાથે મળી તેની માથે લાકડાનો ફટકો માર્યો હતો અને ત્યારબાદ ગળું દબાવી તેની હત્યા કરી નાંખી હતી. જોતજાતમાં વિકાસના રામ રામ રમી ગયા હતા. હત્યા કર્યા બાદ રામસીંગ અને જિતુંએ તેના જ મિત્રની લાશને નજીકની નહેરમાં ફેંકી દીધી હતી. આમ માત્ર ૫૦૦ રૂપિયાની લેતીદેતીમાં મિત્રેએ મિત્રની હત્યા કરતા ખળભળાટ મચી ગયો હતો.

અનલોકઃ સુરતમાં ભાજપ કોર્પોરેટરે ૧૦૦ લોકોને ભેગા કરી મનાવ્યો જન્મ દિવસ




સુરત

કોરોના વાયરસને લઈને ચાલી રહેલા લોકડાઉન વચ્ચે સરકાર દ્વારા છૂટછાટ આપવામાં આવી છે. જોકે, આ માટે પણ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. સુરતના બમરોલી વિસ્તારમાં રહેતા અને તે જ વિસ્તારના નગર સેવિકા વિવાદમાં આવ્યા છે. તેમણે કોરોનાના કહેર વચ્ચે પોતાના જન્મ દિવસ ની ઉજવણી કરી હતી. આ માટે રાખવામાં આવેલા પાર્ટીમાં આવેલા ચાર મહેમાનોને કોરોના પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું છે. આ પાર્ટીમાં બીજેપીના ધારાસભ્ય પણ હાજર રહ્યા હતા.

કોરોના વાયરસ લઈને ચાર તબક્કા સુધી ચાલેલા લોકડાઉન બાદ હાલ સરકારે થોડી છૂટછાડ આપી છે. આ દરમિયાન તંત્ર લોકો પાસે માર્ગદર્શિકાનું પણ પાલન કરાવી રહ્યું છે. જો માર્ગદર્શિકાનું પાલન ન થાય તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. સુરતના બમરોલી વિસ્તરણ નગર સેવિકા આ મામલે વિવાદમાં આવ્યા છે.

લોકડાઉનમાં છૂટછાટ બાદ નગર સેવિકા (કોર્પોરેટર) ગીતાબેન રબારીએ પહેલી જૂનના રોજ તેમના જન્મ દિવસે એક ભોજન સમારંભનું આયોજન કર્યું હતું. લોકોને એકત્ર નહીં થવાની સૂચના વચ્ચે તેમના જન્મ દિવસના ભોજન સમારંભમાં ૧૦૦થી વધારે લોકો આવ્યા હતા. ભાજપના અનેક આગેવાનો પણ તેમના જન્મ દિવસની પાર્ટીમાં હાજર રહ્યા હતા. જોકે, હવે પાર્ટીમાં આવેલા મહેમાનોમાંથી ૪ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તંત્ર દોડતું થયું છે. અહીં સવાલ એ થાય કે તંત્ર સામાન્ય લોકો જો નિયમ તોડે તો દંડો પછાડે છે તો નગર સેવિકાના આવા તાયફા સામે કેમ કોઈ કાર્યવાહી નથી કરવામાં આવી? શું નગર સેવિકા હોય તો તેને કોઈ વિશેષ સત્તાના જોરે પાર્ટી કરવાની છૂટ મળી જાય છે?

સગર્ભા હાથણીની થયેલી હત્યાની વેદના સુરતની વિદ્યાર્થીનિએ ડાન્સ દ્વારા વ્યક્ત કરી



સુરત

કેરળમાં સગર્ભા હાથણીની થયેલી ક્રૂર હત્યાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. કેરળની આ બર્બરતાપૂર્ણ ઘટનાથી પીડિત થયેલી સુરતની વિદ્યાર્થિનીએ ડાન્સ રજૂ કર્યો છે. ડાન્સ દ્વારા વિદ્યાર્થિનીએ પોતાની પીડા અને વેદના વ્યક્ત કરી છે. મનુષ્ય પોતાના ફાયદા, આનંદ માટે પ્રાણીઓ સાથે ક્રૂરતા કરતો હોવાનું વિદ્યાર્થિનીએ જણાવ્યું છે. વિદ્યાર્થિની દ્વારા પ્રાણીઓ પ્રત્યે પ્રેમ વ્યક્ત કરવા સંદેશ આપવામાં આવ્યો છે.

પટવા વિશાખાએ જણાવ્યું કે, ટીવી પર જોયું કે કેવી રીતે પ્રાણીઓને હેરાન કરાય છે. દર્દનાક કિસ્સો સાંભળી રૂંવાટા ઉભા થઈ ગયાં. જ્યારે આ જોયું ત્યારે થયું કે આ વેદના કેવી રીતે પહોંચાડું એ વિચારે ડાન્સ દ્વારા વેદના પહોંચાડવા કોશિષ કરી છે. ભગવાને સૃષ્ટીને રખવાળી કરવા માટે આપણને જન્મ આપ્યો છે. પરંતુ આજે આપણે શું કરી રહ્યાં છીએ. આ મહામારીનું કારણ પણ પ્રાણીઓને હેરાન કર્યા તે જ હોય તેવું લાગે છે. આવા દ્રશ્યો ખરેખર વિચલીત કરે છે. જેથી મારી એક જ વિનંતી છે કે પર્યાવરણ અને પ્રાણીઓને અને સૃષ્ટીને બચાવવા જોઈએ.

સુરત રેડિયોમાં પ્રથમવાર એનિમલ લવર્સ માટે માય એનિમલ વર્લ્ડ પ્રોગ્રામ શરુ કરાયો

રેડિયો સ્ટેશન ૯૪.૩ માય એફએમ પર દર રવિવારે સવારે ૯ થી ૧૦ પ્રસારિત થશે



સુરત

એનીમલ્સની પોતાની અનોખી દુનિયા છે, જ્યાં ફેલાયેલા છે ખુશીઓના હજારો રંગો. એનીમલ્સને પ્રેમ કરનારાઓની પણ કોઈ કમી નથી, એમને કોઈ પોતાના ઘરના સભ્યની જેમ પ્રેમ અને સન્માન આપે છે તો કોઈ એમની પડખે ઉભા રહેવા માટે આખી દુનિયા સામે અવાજ બુલંદ કરે છે. રેડિયોની હિસ્ટ્રીમાં પહેલી વાર તમારું પોતાનું રેડિયો સ્ટેશન ૯૪.૩ માય એફએમ લઈને આવ્યું છે એનીમલ્સ પર એક ખાસ શો, માય એનીમલ વર્લ્ડ. જેમાં તમે જાણશો એનીમલ્સની કેર ને લઈને કેટલીક બહુજ ખાસ વાતો.

માય એફએમ પર આ ખાસ શોમાં તમે જાણશો કે એનિમલ સાયકોલોજી શું હોય છે, એ કઈ સ્થિતિમાં કઈ રીતે રીએક્ટ કરે છે, સાથેજ ભટકેલા એનીમલ્સની દેખભાળ, ગરમી અને અન્ય ઋતુઓમાં પોતાના પાલતુ પ્રાણીઓ અને રખડતા પશુઓનું ધ્યાન કેવી રીતે રાખવું, આ વિષયો પર પણ બહુજ ફાયદાકારક જાણકારી મળશે. આ શોમાં અમે તમને મળાવીશું રીનાઉન્ડ પશુપ્રેમીઓ સાથે, ડોક્ટર્સ સાથે, સાથે જ એ લોકોથી જે એના માટે કાર્ય કરી રહ્યા છે. માય એફએમના આ ખાસ શોને હોસ્ટ કરશે દિલ્લીની એનીમલ લવર સ્ટુડન્ટ મિરાયા. એકંદરે આ શો તમારા માટે બહુ જ મજેદાર છે, જો તમે એનીમલ લવર છો તો તો તમારે આ જરાય મિસ ન કરવું જોઈએ, સાંભળવાનું ન ભૂલશો, દર રવિવારે સવારે ૯ થી ૧૦ માય એનીમલ વર્લ્ડ – મિરાયા સાથે, માત્ર ૯૪.૩ માય એફએમ પર, ચલો આજ કુછ અચ્છા સુનતે હૈ.

પેસેન્જર વાહનો માટે બે સ્થળે ફિટનેસ શિબિરનું આયોજન

પેસેન્જર વાહનોના ફિટનેશનું કામગીરી આરટીઓ કચેરીમાં થશે નહી

સુરત

ભારત સરકાર અને રાજય સરકારના દિશા નિર્દેશોનુસાર સુરત આર.ટી.ઓ કચેરી દ્વારા જિલ્લાના રીક્ષા, ટેક્ષી, મેક્ષી, બસ જેવા પેસેન્જર વાહનો માટેના ફિટનેશ રિન્યુઅલ માટે જુન માસ દરમિયાન ઈચ્છાપોર તથા સચીન ખાતે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જે અનુસાર જે વાહનોના રજીસ્ટ્રેશન નંબરના છેલ્લા અંક અનુસાર કેમ્પમાં સવારના ૧૦.૦૦ થી સાંજના ૪.૦૦ વાગ્યા સુધી આવવાનું રહેશે.

ઈચ્છાપોર ગ્રામ પંચાયત ગ્રાઉન્ડ, ગેટ નં-૩ ખાતે જે વાહનોના રજીસ્ટ્રેશન નંબરનો છેલ્લો અંક ૧ અને ૨ હોય તેઓએ તા.૦૮/૦૬/૨૦૨૦, છેલ્લો આંક ૩ અને ૪ હોય તેઓએ તા.૯મીએ, પાંચ અને છ નંબર હોય તેઓએ તા.૧૦મીએ, સાત અને આઠ નંબર હોય તેઓએ તા.૧૧મીએ, નવ અને દશ નંબર હોય તેઓએ તા.૧૨મી જુને આવવાનું રહેશે.

સચીન ખાતે મહિલા આઈ, ટી, આઈ, ગ્રાઉન્ડ ખાતે છેલ્લો અંક ૧ અને ૨ હોય તેઓએ તા.૦૮મીએ, ૩ અને ૪ હોય તેઓએ ૯મીએ, ૫ અને ૬ હોય તેઓએ તા.૧૦મીએ, ૭ અને ૮ હોય તેઓએ તા.૧૧મીએ, ૯ અને ૧૦ હોય તેઓએ તા.૧૨મી જુને કેમ્પમાં આવવાનું રહેશે.

કેમ્પના સ્થળે માત્ર સૂચવેલ વિગતો વાળા જ વાહનોના ફિટનેસ થશે. તેમજ હાલમાં કચેરી ખાતે ફિટનેસની કામગીરી બંધ રહેશે. તેની જગ્યાએ ઉપર જણાવેલ સ્થળ તથા નંબર પ્રમાણે ફિટનેસની કામગીરી કરવામાં આવશે. તેમજ ઉપર મુજબના સ્થળ અને તારીખે ફિટનેસ કેમ્પમાં માત્ર ફિટનેસ રિન્યુઅલની કામગીરી થશે. જેથી કોઇ અરજદારે ફિટનેસ રિન્યુઅલની કામગીરી માટે આર.ટી.ઓ. કચેરી ખાતે આવવું નહિ અને નિયત કરેલ ઓનલાઈન ફી ભરીને જ કેમ્પના સ્થળે આવવાનું રહેશે. માત્ર પૈસેજર વાહનોએ કેમ્પના સ્થળે આવવું, ગુડ્ઝ વાહનો માટે ઉપરની નંબર પદ્ધતિ મુજબ માસમાં ફિટનેસ સેન્ટર ખાતે ફિટનેસ કરવામાં આવશે અને કેમ્પના સ્થળે વાહનને લગતા તમામ દસ્તાવેજો સાથે હાજર રહેવાનું હશે. ઉદાહરણ તરીકે, વ્હ ૦૫ ઢઢ ૫૫૦૨ માં છેલ્લો નંબર ૨ હોવાથી આ વાહનનું ફિટનેશ તા.૮/૬/૨૦૨૦ના રોજ થઈ શકશે. તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયું છે.

હિદાયત નગરમાં રહેતા આધેડ વયના વિનોદ જોડોમલ ગુમ

સુરત

રાંદેર પોલીસના જણાવ્યા અનુસાર તા.૨૧/૦૩/૨૦૨૦ ના રોજ મ.નં. બી/૩૦૨, અવિશ્કાર કોમ્પ્લેક્ષ, હિદયાતનગર, પાલનપુર જકાતનાકા, રાંદેર, સુરત ખાતે રહેતા વિનોદભાઈ જોડોમલના ૫૧ વર્ષીય ભાઈ ચંદ્રકુમાર જોડોમલ ઘરેથી કોઈને કઈ કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉં વર્ણ, ઉંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે શરીરે મારું કલરનું શર્ટ અને બ્લુ કલરનું પેન્ટ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા રાંદેર પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

ત્રીજા માળેથી પડી ગયેલા યુવકનું મોત નિપજયું

પલસાણા

પલસાણા તાલુકાના વરેલી ગામમાં મારવાડીની બિલ્ડિંગમાંથી ૨૫ વર્ષની ઉંમરના ભાડુયાત બિલ્ડિંગના ત્રીજા માળ ઉપરથી નીચે પડી જતા ઈજાગ્રસ્ત ભાડુઆતનું કમકમાટી ભર્યું મોત નીપજયું હતું. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ અંગે મળતી માહિતી અનુસાર વરેલીમાં પટેલ નગરમાં સુરેશભાઈ મારવાડીની બિલ્ડિંગમાં ભાડેથી રહેતા સમરસિંગ સુર્યભાન સિંહ . ઉ.વ.આ ૨૫ નામના ભાડુઆત ગત તા. ૩ જુનના રોજ કોઈ અગમ્ય કારણસર બિલ્ડિંગના ત્રીજા માળ પરથી નીચે પડી જતા માથાના તથા શરીરના ભાગે ગંભીર ઈજા ગ્રસ્ત થયા હતા. ત્યારે ઘટના સ્થળે જ તેમનું કરૂણ મોત નીપજયું હતું. કડોદરા પોલીસે હાલ તો અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુરતના લોકોને સ્વયંભૂ રીતે કોરોના વોરિયર બનવા કમિશનરની અપીલ

તકેદારી દાખવવાથી કોરોના કેસો ઘટાડી શકાયઃ બંછાનિધી પાની

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઇ કાલે તા.૦૫ જુનના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, દેશભરમાં કોરોના વાઇરસને કાબુ કરવામાં સુરત શહેરનો રિકવરી રેટ ૬૫.૩ ટકા થયો છે. આજે ૩૫ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૧૨૭૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે. કુલ ૭૮ દર્દીના મૃત્યુ નોંધાયા છે. ૪ ટકા મૃત્યુ દર છે. પોઝિટીવ કેસો પૈકી સૌથી વધુ સુરતના કતારગામ ઝોન અને રાંદેર ઝોનમાંથી કેસો મળી આવે છે.

મ્યુ. કમિશનરશ્રીએ વધુમાં જણાવ્યું કે, નિયમોનું પાલન ન કરતા દુકાનદારોના પાનના ગલ્લા અને સલુન બંધ કરાવવામાં આવી રહ્યા છે. અત્યાર સુધી ૬૫ લાખથી વધુનો દંડ અલગ અલગ સંસ્થાને કરવામાં આવ્યો છે. સોશ્યલ ડિસ્ટન્સનું જવાબદારીપૂર્વક પાલન ન કરતી ચાની દુકાનોમાં પણ હવેથી કાર્યવાહી કરવામાં આવશે. કોવિડ હોસ્પિટલમાં સારવાર કરી રહેલા કોરોના વોરિયર્સ ખુબ જ જટિલ પરિસ્થિતીમાં કામ કરે છે, તેથી લોકો પણ સ્વયંભુ રીતે તમામ તકેદારી રાખીને કોરોના વોરિયર બને જેથી દિનપ્રતિદિન વધતી જતી કોરોના કેસોની સંખ્યા ઘટાડી શકાય. પ્રિમોન્સુનની કામગીરી લગભગ ૯૮ ટકા પૂર્ણ કરવામાં આવી છે.

આજની સ્થિતિએ ૬૩૮૭ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૩૬ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૧૧૫ લોકો છે. ૧૭૫૯ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૫૪ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફિવર ક્લિનીકમાં સૌથી વધુ આરોગ્ય તપાસ માટે જતાં હોવાથી તેની સંખ્યા વધારવામાં આવી છે. ૬૦ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે. લોકડાઉનમાં રાહત મળતા લોકોની બેદરકારીને કારણે કેસોની સંખ્યા વધી રહી છે આથી સૌએ પોતાની જવાબદારી સમજી માસ્ક અચૂક પહેરવા અને પોતાના હાથ વારંવાર સેનેટાઈઝ કરે તે ખુબ જરૂરી છે. આ ઉપરાંત વડિલોએ આયુષ મંત્રાલય દ્વારા આપવામાં આવતી દવાઓનું સેવન કરવું ખુબ જરૂરી છે.વડીલો તેમજ બાળકોના સ્વાસ્થ્યનું ખૂબ જ વધારે ધ્યાન રાખવું હિતાવહ છે. નોંધનીય છે કે,સુરત શહેરના ૧૯૪૮ અને જિલ્લાના ૧૫૦ કેસો મળી કુલ ૨૦૯૮ કેસો નોંધાયા છે

શહેરા તાલુકાના નવા મિરાપૂર ગામે આવેલી જમીનની લે વેચ સંદર્ભે ૨૭ વર્ષીય યુવકની ઘાતકી હત્યા



આરોપી હત્યારો ઘટનાને અંજામ આપી ઘટનાસ્થળેથી થયો ફરાર

જમીન સંદર્ભે ૨૭ વર્ષીય યુવકની થયેલી ઘાતકી હત્યાબાદ મૃતક ભરત ગઢવી ના સંબંધીઓ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને હત્યારાને જલ્દી થી જલ્દી પકડી પાડવાની માંગ કરી હતી હત્યા જેવા ગંભીર ગુન્હાની ગંભીરતા જોતા હાલ તો હત્યાના આરોપી એવા દલપત ઉર્ફે ભળાના ઘર ફરતે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

મામા તથા ભાણો જે જમીન વેચાતી રાખી હતી તે જોવા જતા જમીનના મૂળ માલિક દ્વારા જમીન નથી વેચી કહી કેમ જોવા આવ્યા કહી માથામાં ધારીયું મારતા યુવકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત

ગોધરા તાલુકાના નસીકપુર ગામના વતની ભરતભાઈ ગઢવી જમીન લે વેચના વ્યવસાય સાથે સંકળાયેલા હતા શહેરા તાલુકામાં પણ તેઓ વ્યવસાય કરતા શહેરાથી ૧૩ કી. મી.દૂર મિરાપૂર ગામે આવેલી જમીન કે જેના મૂળ માલિક દલપત ઉર્ફે ભલો હતો જે જમીન તેણે જીતુભાઇ રાવળ નામના એક શખ્સને વેચાણથી આપી હતી જે ત્યારબાદ જીતુભાઈએ મૃતક ભરત ગઢવીને વેચાણથી આપેલી જેને જોવા માટે શુક્રવારના રોજ સવારે મૃતક ભરત ગઢવી અને તેના મામા સામતભાઈ નાનાભાઈ ગઢવી જોવા ગયા હતા ત્યારે દલપત ઉર્ફે ભલાએ આ જમીન મેં કોઈ ને વેચી નથી અને તમે કેમ આવ્યા આમ કરી દલપત ઉર્ફે ભલા તેની (૨)બે પત્ની,પુત્ર ધર્મેન્દ્ર અને જમાઈ હરેશ સાથે તેઓની ઉગ્ર બોલાચાલી થવા લાગી અને જોતજોતામાં બોલાચાલીએ જાપાજપીનું સ્વરૂપ લીધું હતું અચાનક જ દલપત ઉર્ફે ભલાએ આવેશમાં આવી જઈ ભરત ને માથામાં અને હાથ પર ધારીયું મારતા તે ત્યાંજ લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડ્યો હતો જ્યારે કે ભરત ના મામા અને આ ગુન્હાના ફરિયાદી સામતભાઈને ખભાના ભાગે ધારીયું મારતા તેઓ પણ ઘવાયા હતા.આ તરફ લોહીલુહાણ હાલતમાં ભરત ને ગોધરા સારવાર અર્થે લઈ જવામાં આવતા ફરજ પરના તબીબે તેને મૃત ઘોષિત કર્યો હતો.ઘટનાની જાણ શહેરા પોલીસને થતા તાત્કાલિક શહેરા પી આઈ નંદલાલ પ્રજાપતિ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને પરિસ્થિતિ કાબૂ માં લીધી હતી જ્યારે કે દલપત ઉર્ફે ભલો હત્યાને અંજામ આપી ત્યાંથી ભાગી છૂટ્યો હતો.પોલીસે જરૂરી કાર્યવાહી કરી હત્યારાના સગડ મેળવી ધરપકડ માટેના ચક્રો ગતિમાન કર્યા છે.જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક રમેશ દેસાઈ પણ ઘટના સ્થળે પહોંચી જરૂરી સૂચનાઓ સાથે અભ્યાસ પણ હાથ ધર્યો હતો.

ડોકવા ગામથી લઈ મીરાપૂર ગામ કે જે દક્ષિણમાં શહેરા તાલુકાનું છેલ્લું ગામ છે આ ૪ (ચાર) કી. મી માં આવેલી હાઈવેને અડોઅડ આવેલી મોકાની જમીન સંદર્ભે ભૂતકાળમાં પણ મારામારીના અને છેતરપિંડીના બનાવો બનેલા છે.સંબંધિત તંત્ર દ્વારા જો આટલા વિસ્તારની જમીનોની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવે તો કદાચિત જમીનનો ને લગતું મસમોટું કૌભાંડ બહાર આવી શકે તેમ છે એવી લોકમુખે ચર્ચા ચાલી રહી છે.

ઝઘડીયા પંથકમાં ભારે પવન સાથે વરસાદની ધમાકેદાર એન્ટ્રી, રોડ રસ્તા પર પાણી ભરાયા

તસવીર : ભરત શાહ



ઝઘડીયા

ઝઘડીયા તાલુકાના ગ્રામિન વિસ્તારોમા મોડી રાતે અને સાંજે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ શરૂ થયો હતો, વરસાદ સાથે ભારે પવનપણ ફુકાયો હતો , અચાનક વરસાદની ધમાકેદાર એન્ટ્રી ના કારણે રોડ રસ્તાપર નગરોમાં પાણી ભરાયા હતા

ગુજરાતમા હવામાન વિભાગે ભારે વરસાદ ની આગાહી કરી હતી જેના અનુસાર ભરુચ જીલ્લાના અનેક વિસ્તારો સાથે ઝઘડીયા તાલુકાના ભાલોદ , ઉમલ્લા અને રાજપારડી પંથકમા વહેલી સવારથી જ કાળા બિડાળ વાદળો છવાયા હતા ત્યારબાદ મોડી રાત્રે ગાજ-વિજ સાથે ધોધમાર વરસાદ સરુથયો હતો , અચાનક ધોધમાર વરસાદના કારણે તાલુકાના ગ્રામીળ વિસ્તારોમા રોડ-રસ્તા પર નગરોમાં પાણી ભરાયા હતા એકાએક વાતાવરણમાં પલટો આવતા વરસાદના કારણે પંથકમાં અનેરી ઠંડક પ્રસરી હતી જેના કારણે નગરજનો ગરમીથી રાહત અનુભવી હતી ચોમાસાના પહેલા વરસાદની મજા માણતા બાળકો નજરે પડ્યા હતા

સુરતના છ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઝડપાયેલા ૧ કરોડ થી વધુના દારૂનો કરાયો નાશ



સુરત

ગુજરાતમાં દારૂબંધી હોવાથી અવારનવાર દારૂનો જથ્થો પોલીસ ઝડપી પાડતી હોય છે. સુરત શહેરના છ પોલીસ સ્ટેશન દ્વારા પકડવામાં આવેલા દારૂનો નાશ કરવામાં આવ્યો છે. ઝોન વનના છ પોલીસ સ્ટેશન દ્વારા ૨૦૧૮થી ૨૦૨૦ સુધીમાં કુલ ૧૧૨૩ ગુનાઓ અંતર્ગત ૧ કરોડ ૬ લાખ રૂપિયાનો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. વરાછા, સરથાણા,કાપોદ્રા, લિંબાયત, ઉધના અને ડિંડોલી વિસ્તારમાંથી ઝડપાયેલા દારૂના જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા દારૂ,બિયર, બિયરના ટીન સહિતનો પ્રોહિબિશનનો જથ્થો રોડ પર પાથરીને તેના પર રોડ રોલર ફેરવી દેવામાં આવ્યું છે.

કતારગામ નવી જીઆઈડીસીમાં જુગાર રમતાં વેપારીઓ પકડાયા

સુરત

કતારગામ અને રૂસ્તમપુરા પોલીસે જુગારધારા અન્વયે દરોડા પાડી જુગારરમતા ૧૨ જણાની ધરપકડ કરી રૂપિયા ૨૦.૧૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. કતારગામ પોલીસે નવી જીઆઈડીસી ખાતા નં ૫૦૨માં આવેલ માધવ ઈલેક્ટ્રીક્લ્સ નામની દુકાનમાં જુગાર રમતા આશિષ હિરા અણધણ, અમિત પીશરામ, ચેતન વિક્રમ કાકડીયા, જીગ્નેશ સાવલિયા, સુધીર વજુ માલાણી, અનિલ નાવડિયા, મયુર જયરામ , નરેશ પોપટ શિહોરાની ધરપકડ કરી હતી. પોલીસે રોકડા રૂ. ૧,૮૧,૨૪૦, મોબાઈલ ફોન નંગ ૧૧, ચાર વાહનો મળી કુલ્લે રૂપિયા ૧૯,૯૧,૧૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસનરી કાર્યવાહી કરી હતી. જ્યારે પીસીબી પોલીસે સલાબતપુરા શાસ્ત્રી નગર ટેનામેન્ટ પાસે જુગાર રમતા કલીમ હસન શેખ, ઈકબાલ જમીન શેખ, તોસીફ જબ્બાર શેખ, અસલમ અન્સારી શેખની ધરપકડ કરી આરોપી અનિલ ઉર્ફે અન્નુ મીંડીને વોન્ટેડ જાહેર કરી રોકડા રૂ. ૨૧,૫૭૦, ત્રણ મોબાઈલ પોન મળી કુલ્લે રૂપિયા ૨૮,૭૭૦ની મત્તા કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

નર્મદા સુગરમાં વિવાદને અંતે આખરે શેરડીના ભાવ જાહેર થયા : ઓછા ભાવને કારણે ખેડૂતોમાં અસંતોષ



રાજપીપળા

નર્મદા ભરૂચ જિલ્લા ના હજારો ખેડૂતો ની જીવાદોરી સમાન નર્મદા સહકારી ખાંડ ઉદ્યોગ માં શેરડી ના ભાવ વિવાદ ને અંતે જાહેર તો થયા પરંતુ અન્ય સુગર મિલોની સરખામણીએ નર્મદા સુગરના ભાવ નીચા હોવાથી ખેડૂતો માં અસંતોષ ફેલાયો છે.

ત્યારે ખેડૂત આગેવાનો નું કહેવું છે કે નર્મદા સુગર ના ભાવ ૩૨૦૦ થી ૩૩૦૦ પડી શકે તેમ છે પરંતુ સંચાલકોની અણઆવડત અને ગેરવહીવટ ને કારણે ભાવ ઓછા જાહેર થયા છે.એકબાજુ લોકડાઉન ને કારણે ખેડૂતો ને ખેતી માં ફટકો પડ્યો છે.અને આર્થિક મુશ્કેલી માં વધારો થયો છે તેવા સમયે નર્મદા સુગર ના સંચાલકો એ ખેડૂતો ને પડતા પર પાટુ માર્યું છે.

ગુજકોમાસોલ ડિરેક્ટર અને ખેડૂત આગેવાન સુનિલ પટેલે તો સ્પષ્ટ આક્ષેપ કરતા કહ્યું કે આર્થિક મુશ્કેલી માં રહેલા ખેડૂતો ને ઓછા ભાવ આપી સંચાલકો એ ધિરાણ લેવા મજબુર કર્યા છે આ રીતે ચેરમને ચૂંટણી સમયે ખેડૂતો ધિરાણ લેવા આવે તો ખેડૂતો ની મજબૂરીનો રાજકીય લાભ લઈ શકાય તેવી રાજકીય સોગઠી મારી છે ત્યારે સત્તા લાલસા માં કોરોના મહામારી અને સરકારી જાહેર નામાની પણ અવગણના કરી ચૂંટણી યોજી સત્તા મેળવવા અધીરા બનેલા સુગર ચેરમેન ખેડૂતોના હિતમાં શેરડી ના ભાવ અંગે પુનઃ વિચારણા કરે તેવી માંગ ઉઠી છે.

જીતુ ચૌધરી પર કરોડો રૂપિયા લઈ કોંગ્રેસ સાથે ગદ્દારીનો પૂર્વ સાંસદ કિશન પટેલ લગાવ્યો આરોપ



વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડાના કોંગ્રેસના ચાર ટર્મથી ચૂંટાતા ધારાસભ્ય જીત ચૌધરીએ રાજ્યસભાની ચૂંટણી પહેલા રાજીનામું આપ્યું છે. જીતુ ચૌધરીએ રાજીનામુ ધરવાની સાથે જ પક્ષવિરોધી પ્રવૃતિની વાત કરતાં રાજકારણ ગરમાયું છે. જીતુ ચૌધરીને જવાબ આપતાં માજી સાંસદ અને કોંગી નેતા કિશન પટેલે કહ્યું કે, જીતુ ચૌધરીએ કરોડો રૂપિયા ભાજપ પાસેથી લઈને રાજ્યસભાની ચૂંટણી પહેલા રાજીનામું આપી પક્ષ સાથે ગદ્દારી કરી છે.

કપરાડાના ધારાસભ્ય જીતુ ચૌધરીએ રાજીનામું આપ્યા પહેલા અને બાદમાં સંપર્ક વિહોણા થઈ જઈને અચાનક વીડિયો જાહેર કર્યો. જેમાં તેમણે માજી સાંસદ કિશન પટેલની પક્ષ વિરોધી પ્રવૃતિને કારણે રાજીનામું આપી દીધાનું તથા ગત લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારી વખતે કિશન પટેલે ચૂંટણીના દિવસે ઘોડિયા પટેલ સમાજ જીતુ પટેલને ટિકિટ આપતા નારાજ છે તેવો પત્ર ફરતો કર્યો હતો. કોંગ્રેસ વિરૂધ્ધ કામ કરનાર કિશન પટેલ વિરૂધ્ધ તત્કાલિન કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને ફરિયાદ કર્યા બાદ પણ એક વર્ષ સુધી પગલા ન લેવાતા રાજીનામું ધર્યાની વાત કરી હતી.

જીતુ ચૌધરીના આક્ષેપોનો સણસણતો જવાબ આપતા માજી સાંસદ કિશન પટેલએ જણાવ્યું કે, એક દિવસમાં લોકસભાના પરિણામો બદલાતા નથી. પરંતુ કરોડો રૂપિયામાં ખરીદ-વેચાણ થયેલા જીતુ ચૌધરી પાસે કોઈ મુદ્દો ન હોવાથી મને નીચો બતાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે. કોંગ્રેસ સાથે તેમણે ગદ્દારી કરી છે. અમે વર્ષોથી કોંગ્રેસ સાથે જોડાયેલા છીએ. તેમની પાસે કોઈ મુદ્દો ન હોવાથી અમને નીચા દેખાડવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

સુરતમાં કોરોનાની સ્થિતિને પગલે આવકના દાખલાની મુદ્દત એક વર્ષ વધારવા કરાઈ માંગ

સુરત

કોરોનાને લીધે હવે સોશ્યલ ડિસ્ટન્સિંગ રાખવુ, સેનિટાઈઝરનો ઉપયોગ કરવો, વારંવાર હાથ ધોવા, માસ્ક પહેરવું, ભીડભાડ નહીં કરવી જેવી બાબતોને હવે જીવનશૈલીનો ભાગ બનાવવાની ફરજ પડી છે. લોકડાઉન લગભગ ખુલી ચૂક્યુ છે. જનજીવન પાટે ચઢવા માંડ્યુ છે. આવી સ્થિતિમાં ઘણી બાબતો, ઘણા સરકારી કામકાજોમાં પણ ફેરફાર કરવા જરૂરી બન્યા છે. હવે શૈક્ષણિક કાર્ય પણ શરૂ થશે ત્યારે આવકના દાખલાની બાબતમાં એક સુધારો કરવા માટે સુરત-પૂર્વ વિધાનસભાના ધારાસભ્ય અરવિંદ રાણાએ મુખ્યમંત્રી સમક્ષ માગણી કરી છે.

અરવિંદ રાણાએ મુખ્યમંત્રીને એક પત્ર લખીને કહ્યું કે, લોકડાઉનમાંથી મુકિત બાદ થોડા સમય પછી હવે શૈક્ષણિક સંસ્થાઓ પણ શરૂ થશે. આર.ટી.ઈ હેઠળ નવા પ્રવેશ આપવા તથા આરોગ્ય સેવા માટે મા અમૃતમ યોજનાનો લાભ લેવા અને ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ અંગે નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ મેળવવા આવકના દાખલાની જરૂરિયાત પડી રહી છે અને પડશે. હાલના સંજોગોમાં લોકોને ભીડ-ભાડ અને લાઈનમાંથી મુકિત મળે તે હેતુથી ડિજીટલ ગુજરાતના પોર્ટલ ઉપરથી આવકના દાખલા મળે તે માટે મારા દ્વારા બીજી એપ્રિલ ૨૦૨૦ ના રોજ મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલને રજૂઆત કરી હતી. તેમણે તાકીદે સચિવને સુચના આપી પોર્ટલ ઉપરથી દાખલા મળે તેવી તજવીજ કરવાની સૂચના આપી હતી. સરકારે તુરંત નિર્ણય લઈ ગતરોજ ૪ જૂન ૨૦૨૦ ના રોજ આવકના દાખલા ડિજીટલ ગુજરાતના પોર્ટલ ઉપરથી આપવા માટેની જાહેરાત કરી છે. તે ખૂબ જ આવકારદાયક પગલું છે.

ધારાસભ્ય અરવિંદ રાણાએ એવો અનુરોધ પણ કર્યો હતો કે, આવકના દાખલા ત્રણ વર્ષ સુધી માન્ય ગણાય છે. દેશમાં ગત ૨૫મી માર્ચથી લોકડાઉન અમલી બન્યુ હતું. ત્યારબાદ લોકોના આરોગ્યની ચિંતા કરી મા અમૃતમ યોજના માટે આવકના દાખલાની મુદત ૩૧મી માર્ચના દિવસે પૂરી થતી હતી તેને વધુ ત્રણ મહીના એટલે તા.૩૦મી જૂન ૨૦૨૦ સુધી લંબાવી આપી હતી. આ નિર્ણય પણ લોકો માટે લાભકારી રહ્યો હતો. હવે નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત થતાં નોન ક્રિમિલેયર સર્ટિફિકેટ, આર.ટી.ઈ.માં પ્રથમ ધોરણમાં પ્રવેશ મેળવવા, મા કાર્ડ માટે પણ આવકનો દાખલો ફરજીયાત હોઈ, આ ત્રણ મહિનાની મુદ્દત વધુ લંબાવી અપાય તે જરૂરી લાગે છે.

સુરત શહેરમાં રાત્રી સમયે કારણ વગર ફરતા ૧૭ લોકોની ધરપકડ

જાહેરનામાના ભંગ બદલ ૯૬ વાહનો જપ્ત કરાયા

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૧૭ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૯૬ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૫,૪૧૦ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૭,૮૭૫ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં અનલોક-૧ના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી કોરોના ની પ્રવર્તમાન સ્થિતિ અનુસાર શહેરીજનોએ માસ્ક પહેરવા, સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનના નિયમોનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

નવસારી પોલીસ લાઈનમાં વૃદ્ધ મહિલાનો રિપોર્ટ કોરોના પોઝિટિવ

નવસારી

નવસારી પોલીસ લાઈનમાં અમદાવાદથી રહેવા માટે પોલીસના વૃદ્ધ માતાનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવતા પોલીસ બેડામાં હલચચ મચી જવા પામી છે. નવસારી જીલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૯ કેસ થયા છે. જે પૈકી કુલ ૧૪ને રજા આપવામાં આવ્યા છે. અને ૧૪ સારવાર હેઠળ છે. જ્યારે એકનું મોત થયું છે.

નવસારી જીલ્લામાં ધીરે ધીરે કોરોનાનો કહેર વધતા જીલ્લા આરોગ્ય વિભાગની ઉંઘ હરામ બની છે. પ્રાપ્ત વિગત મુજબ નવસારી પોલીસ લાઈનમાં ગઈ તા. ૨.૬.૨૦ના રોજ અમદાવાદ ચાંદ ખેડા ગ્રીનપાર્ક સોસાયટીમાંથી રહેવા આવેલા પોલીસ જવાનના વૃદ્ધ માતાને શરદી, કફ, તાવ જેવા લક્ષણો જણાતા તેમને નવસારી સિવિલ હોસ્પિટલ કાતે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જયાં તેમનું સેમ્પલ લેવામાં આવતા રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેને પગલે પોલીસ લાઈન કવર્ટાસ, નવસારી કોર્ટ પાછળ કોરોન્ટાઈન જાહેર કરવામાં આવ્યો છે. નવસારી જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૨૯ કેસો થયા છે. જે પૈકી કુલ ૧૪ દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને કુલ ૧૪ને રજા આપવામાં આવી છે. જયારે એક મહિલાનું કોરોનાથી મૃત્યુ થયુ છે. નવસારી જિલ્લામાં દિન પ્રતિદિન કોરોનાના કેસ વધતા લોકોમાં ભય જોવા મળે છે. જ્યારે સ્થાનિક બજારોમાં દિન પ્રતિદિન ભીડ વધતાં કોરોનાનાં સંક્રમણ વધવાની ભીંતી જોવા મળે છે.

દેડિયાપડા,સાગબારા બાદ રાજપીપળામાં પણ મેઘરાજાની પધરામણી થતા સર્વત્ર ઠંડક

મામુલી પવન ફૂંકાતા કલાકો લાઈટો બંધ થતાં પ્રિમોન્સૂન કામગીરીની પોલ ખુલ્લી પડી હતી

રાજપીપળા

હવામાન વિભાગની આગાહીને પગલે નર્મદા જિલ્લામાં પણ ગત રાત્રીના અચાનક વાતવરણ માં પલટો આવ્યો જેમાં બે દિવસ થી દેડિયાપડા,સાગબારા તાલુકા માં પડી રહેલા વરસાદ બાદ ગતરાત્રે રાજપીપળા માં પણ મેઘરાજા ની પધરામણી થતા કેટલાય મહિનાઓ થી ગરમીમાં શેકાઈ રહેલા લોકો એ રાહત મેળવી હતી.

છેલ્લા બે મહિના થી આકરી ગરમીના કારણે લોકો કંટાળી ચુક્યા હતા ત્યારે વીજ કંપની ની મહેરબાની ના કારણે રાજપીપળા ના મોટા ભાગના વિસ્તાર માં લો વોલ્ટેજ ની ગંભીર સમસ્યા ના કારણે ગરમીમાં પંખા સહિત ના ઈલેક્ટ્રિક ઉપકરણો પણ



ધીમા ચાલતા હોય રાત્રે લોકો પૂરી ઊંઘ પણ મેળવી શકતા ન હતા ત્યાં અચાનક મેઘરાજા ની એન્ટ્રી થતા થોડીક રાહત થઈ હતી.જોકે મામુલી પવન માં પણ કલાકો વીજળી બંધ થતાં વીજ કંપની ની પ્રિ મોન્સૂન કામગીરી ની પોલ છતી થઈ હતી. જ્યારે ઠેર ઠેર વૃક્ષો ના ડાળખા પડવાના બનાવો પણ જોવા મળ્યા હતા.

નર્મદા જિલ્લા પ્રદેશ કોંગ્રેસ મહિલા મોરચાના મંત્રી વત્સલાબેન વસાવાને પુત્રવધુએ જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફરિયાદ

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના કુંડીઆબા ગામે રહેતા કોગી મહિલા અગ્રણીને ધમકી મળતા ચકચાર

વિધવા પુત્ર વધુ પતિના મોત બાદ અન્ય પુરુષ સાથે ધરમા રહેતા હોય તેને ટકોર કરતા વત્સલાબેનને ધમકી અપાતાં પોલીસ ફરિયાદ

રાજપીપળા

ગુજરાત પ્રદેશ મહિલા મોરચાના મંત્રી અને નર્મદા જિલ્લા કોંગી મહિલા અગ્રણી તેમજ સહકારી મંડળીના પ્રમુખ વત્સલાબેન વસાવાને તેમના જ પુત્રવધુ એ જાનથી મારી નાંખવાની ધમકી આપતા સમગ્ર પ્રકરણ નર્મદા જિલ્લા મા ભારે ચર્ચાસ્પદ બન્યું છે.આ મામલે દેડિયાપાડા પોલીસ મથકમાં પુત્રવધુ સહિત અન્ય એક વ્યક્તિ સામે વત્સલાબેને પોલીસ ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વત્સલાબેન દેવજીભાઈ વસાવા રહેવાસી કુંડીઆબા તાલુકા દેડિયાપાડા એ પોલીસ મથકમાં ફરિયાદ આપી જેમાં જણાવ્યુ કે પોતાના પુત્ર સંદિપ દેવજીભાઈ વસાવા નુ પાંચેક વર્ષ પહેલાં અકસ્માત મા મૃત્યુ થયું હતુ.ત્યારબાદ તેની વિધવા પત્ની નિર્મલા બેન ગામ



માજ અલગ બીજા ઘરમા રહેતા હતા છેલ્લા કેટલાક મહિનાઓથી પુત્રવધુ એ ગોવિદદાસ મહારાજ નામનાં એક વ્યક્તિને પોતાની સાથે તેના ઘરમા રાખેલો હોય સમાજ મા પરપુરૂષ ને ઘર મા રાખતા બદનામી થતી હોવાનું કહેવા માટે પુત્રવધુ નિર્મલા પાસે પરિવાર ના સગા સબંધીઓ સાથે વત્સલાબેન વસાવા ગયાં હતાં તો તેમની પુત્રવધુ એ ગમેતેમ ગાળો બોલી જાન થી મારી નાખવાની ધમકી આપી હતી.

ઉપરાંત પુત્રવધુ સાથે રહેતા ગોવિદદાસ મહારાજે પણ વત્સલાબેન ને ફોન ઉપર ગાળો આપી જાન થી મારી નાખવાની ધમકી આપતા પુત્રવધુનિર્મલાબેન વસાવા અને ગોવિદદાસ મહારાજ વિરુદ્ધ સાસુ વત્સલાબેને દેડિયાપડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર તાલુકાના અડોલગામે

જુગારધામ ઉપર રેડ કરી મુદામાલ સાથે કુલ પાંચ જુગારીયા ઝડપી પાડતી ભરૂચ એલ સી બી



ભરુચ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા નાઓએ જીલ્લામાં દારૂ તથા જુગારની પ્રવૃતિ અટકાવવા સુચના આપેલ હોય જે અનુસંધાને એલ.સી.બી ભરૂચના પો.ઈ પી. એસ. બરંડા તથા પો.સ.ઈ વાય. જી. ગઢવી તથા પોલીસ માણસોની અલગ-અલગ ટિમો બનાવી કાર્યવાહી હાથ ધરેલ જે દરમ્યાન અંકલેશ્વર રૂરલ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી દરમ્યાન મળેલ બાતમી આધારે અડોલગામ ની પાછળ આવેલ ક્રિકેટ ગ્રાઉંડ પાસે ગલબાવળ નીચે ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ ઉપર રેડ કરી કુલ પાંચ જુગારીયાઓને કુલ કી.રૂ. ૯૮,૦૭૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસર ની કાર્યવાહી કરી આગળની કાર્યવાહી કરવા અંકલેશ્વર રૂરલ પો.સ્ટે.માં સોપવામાં આવેલ છે.

પકડાયેલ આરોપી (૧) ચંદ્રવદનભાઈ રણછોડભાઈ પટેલ રહે હવેલીફળીયુ અડોલગામ તા અંકલેશ્વર જી ભરૂચ(૨) યોગેશભાઈ ઉમેદભાઈ વસાવા રહે- નવીનગરી અડોલગામ તા અંકલેશ્વર જી ભરૂચ(૩) પરેશભાઈ પીરૂભાઈ વસાવા રહે- નાળા ફળીયુ અડોલગામ તા અંકલેશ્વર જી ભરૂચ(૪) તુષારભાઈ ભારત ભાઈ પરમાર મુળ રહે- વલીપોરગામ મોટુ ફળીયુ તા આમોદ જી ભરૂચ (૫) રૌલેષભાઈ નટવરભાઈ વસાવા ઉં.વ ૨૫ રહે વસાહતફળીયુ અડોલગામ તા અંકલેશ્વર જી ભરૂચ. વોંટેડ- દશરથભાઈ બાલુભાઈ વસાવા રહે હજાતગામ તા અંકલેશ્વર જી ભરૂચ

કબજે કરવામાં આવેલ મુદામાલ (૧) અંગઝડતીના કુલ રોકડા રૂ.૧૬.૫૬૦/- (૨) દાવ ઉપર થી મળી આવેલ રોકડા રૂ.૩૫૧૦/- (૩) મોબાઈલ નંગ ૦૩ જેની કિ રૂ ૧૩,૦૦૦/- (૪) મો.સા નંગ ૦૩ કિ ૩ ૬૫,૦૦૦/-

રાજપીપળામા કોરોના પોઝીટીવ આવેલાં દર્દીઓના ઘરના સભ્યોના સેમ્પલ નહીં લેવાતા હોવાની બુમો ઉઠી

ઘનિષ્ઠ સંપર્ક મા હોવાં છતાં લક્ષણો ના દેખાય ત્યાં સુધી સેમ્પલ નહીં લેવા એવી આરોગ્ય વિભાગની નિતિથી સંક્રમણ વધવાનો ખતરો



• કોઈ પણ બિમારીનુ વહેલું નિદાન માણસનો જીવ બચાવે છે, તેવી સામાન્ય સમઝ લોકો ધરાવે છે તો પછી આરોગ્ય વિભાગનુ આ જોખમી વલણ કેમ.?

• દેશ અને રાજ્યમા તાળાબંધીમા છુટછાટની સાથે કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યા અસાધારણ રીતે વધી રહી છે. કોરોના મહામારીએ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું છે

રાજપીપળા

ગત તારીખ ૪ જુન ના રોજ રાજપીપળા કોવીડ-૧૯ આઈસોલેશન હોસ્પીટલ મા દાખલ દર્દીઓ પૈકી ત્રણ દર્દીઓ સાજા થતાં તેઓને ડીસ્ચાર્જ આપવામા આવ્યો હતો, અને એજ દિવસે અગાઉ પરિક્ષણ અર્થે મોકલવામાં આવેલા ૭૫ સેમ્પલો પૈકીના ચાર સેમ્પલો પોઝીટીવ આવતાં નર્મદા જીલ્લા ના કુલ કેસો નો આંકડો ૨૩ ઉપર પહોંચ્યો હતો.પોઝીટીવ આવેલ કેસો મા તમામ મહીલા ઓ હતી અને એમાં પણ ધ્યાન ખેંચે તેવી બાબત એ કે ત્રણ દર્દીઓ આરોગ્ય વિભાગ સંલગ્ન આશા વર્કર બહેનો અને અન્ય એક આયા બહેન છે.

ચાર પોઝીટીવ કેસો મા ત્રણ કેસ મુળ રાજપીપળા શહેર ના અલગ-અલગ વિસ્તારો ના જ છે જેથી ઉચાટ વધ્યો છે, દર્દીઓ ના ઘર ના સભ્યો ના નમુના લેવામા આવ્યા નથી તેઓ ને માત્ર ફેસીલીટી કોરોંટાઈન કરવામા આવ્યા છે, આ બાબત આશ્ચર્ય ઉપજાવે તેવી છે, દર્દીઓ ના સતત અને ઘનિષ્ઠ સંપર્ક મા હોવા છતાં તેમના સેમ્પલ નહી લેવાતા આરોગ્ય વિભાગ ની કામગીરી હવે વધુ રેઢીયાળ અને બેદરકારીપુર્ણ બની હોય તેમ લાગે છે.

કોરોના ના બિમારી ના લક્ષણો દેખાય અને દર્દીઓ તાવ મા સપડાઈ ને અન્યો ને ચેપ લગાડે પછીજ તેનો પરિક્ષણ કરવા સુધી ની રાહ જોવી એ નિતિ લોકો ને મોત ના મુખ મા ધકેલવા જેવી જણાય છે. સામાન્ય રીતે કોઈ પણ બિમારી નુ વહેલું નિદાન થવુ એ દર્દી ની સાજા થવાની શક્યતાઓ ને વધુ મજબૂત બનાવે છે ત્યારે કોવીડ-૧૯ જેવી અસાધ્ય બિમારી અને મહામારી કે જેની રસી કે દવા ની હજી શોધ પણ નથી થઈ તેવી બિમારી મા આ રીત ની ગંભીર બેદરકારી કઈ રીતે દાખવી શકાય..? સામાન્ય માણસ ની સમઝ મા આવે તેવી વાતે સરકાર અને આરોગ્ય વિભાગ શા માટે અને કયા કારણો સર આંખ આડા કાન કરી રહ્યાં છે.

આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ સરકાર ની ગાઈડલાઈન મુજબ જો કોરોના સંક્રમીત વ્યક્તિ ને આ બાબત ના કોઈ લક્ષણો ન દેખાય ત્યાં સુધી તેના સેમ્પલ નહી લેવાય તો શુ તે કોરોના નો કેરીયર બની અસંખ્ય લોકો ને સંક્રમીત કરી શકે છે, અને હવે કોરોના ની ચેઈન તુટવા ને બદલે વધુ મજબૂત બનતી જશે અને જો આમ થયું તો કોરોના મહામારી રાજપીપળા જેવા ટાઉન અને ગામડાઓ મા કે જ્યાં હોસ્પીટલો અને આરોગ્ય ને લગતી સરકારી સુવિધાઓ નામ માત્ર ની છે, આ ધારણા જો સાચી ઠરે તો આવનારા દિવસો મા ભારે જાનહાની સર્જી શકે તેવી શક્યતાઓ ને નકારી શકાય તેમ નથી.



નર્મદા જીલ્લા સાગબારા વન વિભાગે ૨૫ હજારના ખેરના લાકડા સહિતનો મુદ્દામાલ ઝડપી પાડ્યો



બોલેરો ગાડી અને ખેરના લાકડા મળી ૧.૨૫ લાખનો મુદ્દામાલ ઝડપી લીધો પરંતુ લાકડા ચોર ફરાર

રાજપીપળા

નર્મદા જિલ્લામાં ગુજરાત મહારાષ્ટ્ર બોર્ડર પર ઘણા સમય થી લાકડા વાહતુક ની ફરિયાદો સંભળાઈ રહી હોય વન વિભાગ ની ટિમો લાંબા સમય થી બાજ નજર રાખતા મોટાભાગે લાકડા ચોરો નાસી છૂટે છે પરંતુ ચોરીનો મુદ્દામાલ વન વિભાગ ના હાથે લાગવા છતાં આ તસ્કરી અટકવાનું નામ લેતી નથી.

જેમાં મળતી માહિતી અનુસાર સાગબારા રેંજ વિસ્તાર માંથી જંગલ ચોરી ના લાકડા વાહતુક થવાની બાતમી સાગબારા વન વિભાગ ને મળતા તારીખ ૫ જૂન ની રાત્રે સાગબારા આરએફઓ એફ.યુ.રાઠોડ અને વન વિભાગ ની ટીમે નાકાબંધી કરતા રણબુડા ગામ પાસે એક બોલેરો પિક અપ ગાડી નં.જી.જે.૧૭ યુ.યુ. ૧૯૨૨ ને અટકાવતા વાહન ચાલાકે ગાડી ઉભી રાખી પોતે અંધારા નો લાભ લઈ નાસી છૂટ્યો હતો.ત્યારબાદ આ પિક અપ ગાડીની તપાસ કરતા વન વિભાગ ની ટીમને ગાડી માંથી ખેરના લાકડા નો જથ્થો મળી આવતા વન વિભાગે લાકડા કિંમત ૨૫૦૦૦/ -રૂ.તેમજ વાહન ની કિંમત ૧ લાખ રૂ.મળી રૂ.૧.૨૫.૦૦૦/- નો મુદ્દામાલ પકડી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.



કેવડિયા ખાતે નર્મદા પોલીસે વાહન ચાલકોને માસ્ક આપી નિયમનું પાલન કરવા બોધપાઠ આપ્યો

ચાર ચાર લોકડાઉન પૂર્ણ થયા બાદ પણ કેટલાક લોકો હજુ નિયમનું પાલન કરતા ન હોય જેથી નર્મદા પોલીસે મિત્રતાના ભાવે સમજ આપી

રાજપીપળા

કેવડિયા કોલોની નર્મદા માતાની મૂર્તિ નજીક આજે નર્મદા પોલીસ દ્વારા વાહન ચેકીંગ કરવામાં આવ્યું જેમાં વાહન ચાલકો પાસે લાઈસન્સ સહિતના દસ્તાવેજો ની તપાસ કરવામાં આવી હતી.જે દરમિયાન જે ચાલકો માસ્ક વગર હતા તેમને પીએસઆઈ કે.કે.પાઠકે માસ્ક આપી નિયમનું પાલન કરવા સૂચના આપી હતી.સાથે સાથે લોક ડાઉન નું પાલન કરવા જણાવવામાં આવ્યું હતું, જોકે જનતાએ પણ આ કાર્યક્રમમાં પોલીસને સારો સહયોગ આપ્યો હતો.જોકે ચાર લોકડાઉન પૂર્ણ થવા છતાં અમુક લોકો નિયમ નું પાલન ન કરતા હોય તેમને પ્રેમ થી સમજાવી માસ્ક આપી આગળ થી લોકડાઉન ના નિયમ નો અમલ કરવા સમજ અપાઈ હતી.



બરબોધન રામા પેપર મીલમાં બોઈલરમાં પ્રચંડ ધડાકોઃ ચાર કામદારો દાઝી ગયા

સવારે ૮.૦૦ વાગે બોઈલર ફાટતા અફડા તફડીઃ દાઝી ગયેલા ચારેય કામદારોની હાલત ગંભીર

સુરત

આજે સવારે આઠ વાગે ઓલપાડ બરબોધન સ્થિત રામા પેપર મિલમાં ધડાકાભેર બોઈલરમાં બ્લાસ્ટ થતાં ચાર કામદારો ગંભીર પણે દાઝી જતા સુરતની બાપ્સ હોસ્પિટલમાં ખસેડાયા હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની જાણ થતાં ઓલપાડ પોલીસ, મામલતદાર ઘટના સ્થળે ધસી ગયા હતા. તેમજ આગનો કોલ મળતા ફાયર બ્રિગેડના લાશ્કરો પણ ઘટના સ્થળે ધસી જઈ કામગીરી કરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર આજે સવારે આઠ વાગે રામા પેપર મિલમાં ધડાકાભેર બોઈલર ફાટતા ચારથી પાચ જણા દાઝી ગયા હતા. જેમાં કામદાર સુરેન્દ્ર જાદવ, માનેજર મનોજ યાદવ, બ્રિજેશ મુખયા, ગંભીર રીતે દાઝી જતા સુરતની હોસ્પિટલમાં ખસેડાયા હતા. બોઈલરમાં બ્લાસ્ટ થતા કંપનીમાં અફડા તફડીનો માહોલ સર્જાયો હતો. આ ઘટના સાથે ઓલપાડ પોલીસ સ્ટેશનના પીઆઈ પણ ધસી ગયા હતા. શરૂઆતમાં પીઆઈને કંપનીમાં એન્ટ્રી આપવામાં આવી ન હતી.